કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦ મે ૨૦૨૦ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ

DIGITAL EDITION

**ભરત વડગામા :**
**કોરોના મોડલના સર્જન દ્વારા કોરોના સામે જાગૃતિ**





**અલ્કાબેન અંબાસણા :**
**લોકડાઉને નવા બિઝનેસનું લોક ખોલ્યું**




**અશોકભાઈ સુરેલિયાની પોણી મેરેથોન બની જિંદગીનું સંભારણુ**

Alka Gajjar
+91 99045 72073

# Balaji Creation

Spe. School :
Uniform, Bags,
Shoes Marchant



All Type
Hand Tools &
Spanner Set
Supplier



BPCL
Uniform
Merchant

Bharat
Petroleum

"Aakansha", Office No. 323, 3rd Floor,
Opp. Hero Honda Show-Room, Gondal Road,
Rajkot - 1. E-mail : balajicreations9@yahoo.com

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-8, Issue No.4
Date : 10-05-2020

Page : 48
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

# તંત્રી સ્થાનેથી...

## વીજ બિલ માફ કરો... કારીગરોની વ્હારે સરકારે આવશે ?

કોરોનાની મહામારીને કારણે મોટાભાગના શહેરોમાં લોકડાઉન ભોગવી રહયા છે. ૪ તારીખથી લોકડાઉન-૩નો પ્રારંભ થવાની સાથે કલા-કારીગરી અને કૌશલ્ય સાથે સંકડાયેલા સમગ્ર શ્રમજીવીઓની મુસીબત વધી છે. ગરીબ માણસો તો માંગીને પણ પેટ ભરે છે. પરંતુ મોટો કારીગર વર્ગ ન કહેવાય ન સહેવાય તેવી પરિસ્થિતિમાં મુકાયો છે. મિસ્ત્રી, લુહાર, પ્લમ્બર, કડીયા સહિતના કારીગર વગેરેમાં એવો ઘણો વર્ગ છે. જે રોજમદારી પર નભે છે. આવી રોજમદારી પણ નિશ્ચિત ન હોવાથી આવા લોકો ખુબ જ મુશ્કેલીમાંથી પસાર થઈ રહયા છે. સરકારે આવા શ્રમિકો માટે કોઈ રાહતના પેકેજ આપ્યા નથી. સમાજ અને સેવાભાવી સંસ્થાઓ આવા વર્ગની વહારે આવી છે. પરંતુ કાયમી સહાય કેટલી સંસ્થા આપી શકે. સરકારે કારીગર વર્ગ માટે લોન કે અન્ય રીતે આર્થિક વ્યવસ્થા કરવી જોઈએ.

કેન્દ્ર સરકારે દેશને ત્રણ ઝોનમાં વહેંચ્યો છે. ગ્રીન-ઓરેન્જ અને રેડ આમાં ઓરેન્જ ઝોનમાં થોડી ઘણી છુટ મળી છે. પરંતુ સરકારી નિયમો એટલા આંટીઘુંટીવાળા અને અવ્યવહારૂ હોવાના કારણે જે વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ, વેપાર-ધંધાને છુટ મળી છે. તેવા વિસ્તારના મોટાભાગના લોકો પણ ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરવા તૈયાર નથી.

કારખાનાના કામદારોને પગાર ચાલુ જ રાખવા સરકારી માટે છે. પરંતુ આ આદેશનું પાલન મોટાભાગના નાના કારખાનેદારો માટે અમલી બનાવવાનું મુશ્કેલ છે.

૨૧ માર્ચથી ઉદ્યોગ-ધંધા બંધ છે. આવી પરિસ્થિતિમાં કારખાનાઓના વીજ બિલો માફ કરવા જોઈએ અને રહેણાંક વિસ્તારના વીજ બિલો પણ માફ કરવા જોઈએ અને માફ ન કરી શકાતા હોય તો રાહત આપવી જોઈએ. સરકાર કારખાનેદારોને ચાલુ પગારે રજા આપવા કાયદો કરી અને કારખાનેદારો પર આર્થિક બોજો નાખે છે અને કારખાનેદારો આવો બોજો સહન પણ કરે છે. ત્યારે સરકારે પણ વીજ બિલ માફ કરીને ઈન્ડસ્ટ્રીઝને સહયોગ આપવો જોઈએ.

આપણામાં મોટો વર્ગ મિસ્ત્રીનું કામ કરે છે. આમાંા મોટાભાગના રોજમદારો પણ હોય છે. આવા લોકોની રોજી બંધ થઈ હોવાથી રોટી મેળવવા પણ ફાંફા મારવા પડે છે. ત્યારે આવા વર્ગની વહારે પણ સરકારે ત્વરીત આવવું જોઈએ.

સંપૂર્ણ લોકડાઉન મુકયા બાદ પણ ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય ધંધાની ગાડી પાટે ચડતા સમય લાગશે. આવી પરિસ્થિત્મિાં લોકડાઉન ખુલ્યા પછી ઉદ્યોગ-ધંધા સરળતાથી થઈ શકે તેવી વ્યવસ્થા સરકારે વિચારવી જોઈએ. ખાસ કરીને નાના-મધ્યમ કારખાનેદારો માટે વિશેષ રાહત આપવાની સાથોસાથ મોટી ઈન્ડસ્ટ્રીઝની ગાડી પણ ઝડપથી પાટા પર ચડે તેવું આયોજન સરકારે કરવું જોઈએ.

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# કાર્ટુન કોર્નર - ભરતભાઈ વડગામા (જામનગર)















## જામનગરના ભરતભાઇ-ટીના વડગામા દ્વારા

# કોરોના સામે જાગૃતિ લાવવા કલા-કારીગરીનું અનેરું સર્જન

પ્રવીણ ગજ્જર



### રીલાયન્સમાં સિવિલ ઈજનેર પોસ્ટર સ્પર્ધામાં ૫ વર્ષથી પ્રથમ : તરબુચમાં કેક બનાવી પુત્ર કેવિનનો જન્મદિન ઉજવ્યો

જામનગર રિલાયન્સમાં કન્સ્ટ્રકશન વિભાગમાં સિવિલ એન્જિનિયર તરીકે સર્વિસ કરતા મુળ અમરેલીના ભરતભાઇ વડગામા જયારે ૪થા ધોરણમાં ભણતા હતા ત્યારથી આર્ટક્રાફટ જેવી કલા સાથે નાતો જોડાયો હતો. આ નાતો આજે પણ ચાલુ છે તેમાં પણ કોરોનાના વેકેશને તેમને અને તેમના પત્ની રીટાબેનને કંઇક ને કંઇક રચનાત્મક પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહિત કર્યા પરિણામે પતિ-પત્ની બંનેએ કોરોનાનું સરસ મજાનું મોડલ બનાવ્યું સાથોસાથ છેલ્લા ૫ વર્ષથી રીલાયન્સ દ્વારા દર વર્ષે યોજાતી સેફટી પોસ્ટર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવતા રહેલા ભરતભાઇનું આ વર્ષે બનાવેલું કોરોના સંબંધિત પોસ્ટર તો એટલું બધું અસરકારક બન્યુ કે રીલાયન્સ દ્વારા દર વર્ષે પ્રકાશિત થતી બુકલેટમાં પ્રસિદ્ધ કરવા મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણીએ ખાસ પસંદ પણ કર્યું છે. આ પોસ્ટરને પણ પ્રથમ નંબર મળ્યો છે.



મુળ અમરેલીના અને એસ.ટી. ડિવીઝનમાં ફરજ બજાવી અમરેલીમાં નિવૃત્ત જીવન ગાળી રહેલા જયંતીભાઇ કેશવજીભાઇ વડગામાના ત્રણેય પુત્રો એન્જિનિયર છે નાના કેતનભાઇ મિકેનીકલ ઇજનેર છે અને ૧૧ વર્ષથી પરિવાર સાથે દુબઇ છે. બીજા પુત્ર ઘનશ્યામભાઇ ઇલેકટ્રીકલ એન્જિનિયર છે અને હાલ ક્રેઇન ઇન્ડિયા બાડમેર રાજસ્થાનમાં ફરજ બજાવે છે અને ૭ વર્ષથી પરિવાર સાથે ત્યાં રહે છે અને ત્રીજા ભરતભાઇ જે રિલાયન્સમાં મરીન કન્સ્ટ્રકશન વિભાગમાં સિવિલ ઇજનેર તરીકે ફરજ બજાવે છે.

ભરતભાઇનો ૧૮ વર્ષીય પુત્ર અક્ષિત પણ પિતાના પગલે ઇજનેરનિયરીંગમાં ૪થા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. બીજો પુત્ર ૧૦ વર્ષનો કેવીન ૫ માં ધોરણમાં અભ્યાસ કરે છે. જામનગરમાં ન્યુ. આરામ કોલોનીમાં રહેતા ભરતભાઇ વડગામા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે, રિલાયન્સ દ્વારા દર વર્ષે સેફટી પોસ્ટર સ્પર્ધા યોજાય છે. છેલ્લા ૫ વર્ષથી મારો પ્રથમ નંબર આવે છે.

તેમણે કહયું કે રિલાયન્સમાં મરીન કન્સ્ટ્રકશન સાઇટ

સંભાળું છું. હાલ જેટી એક્સપાન્સન કરવાનું કામ ચાલુ છે. પરંતુ જેટી પર કામ કરતા ૩૦૦ જેટલા કારીગરો મલેશીયન હતા અને કોરોનાના કારણે તેઓ ચાલ્યા ગયા. પરિણામે મારે વેકેશન પાડવાનો વારો આવ્યો. ભરતભાઇ કહે છે, હાલ કોરોના વાયરસ દુનિયાના દરેક દેશમાં હાહાકાર મચાવી રહયો છે અને આપણા દેશના દરેક રાજયમાં અને ગુજરાતમાં પણ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે લોકો લોકડાઉનનું ચુસ્ત પાલન કરે તેવા આશય સાથે કોરોના ભગાવો, દેશ-શહેરઅને પરિવાર બચાવો... ઘરમાં રહો સુરક્ષિત રહો ના સુત્ર સાથે પોસ્ટર બનાવ્યું જે પોસ્ટરમાં જામનગર અને દેવભૂમિ દ્વારકાને આવરી લઇને બંને જીલ્લાને કોરોના મુકત અને સ્વસ્થ રાખવા જે સરકારી વિભાગોના કર્મચારીઓ દિવસ-રાત જાનને જોખમે કામ કરે છે તેમને સહકાર આપતો સંદેશ પોસ્ટર દ્વારા અપાયો. જેને સૌએ દિલથી આવકાર્યો.





આ ઉપરાંત ગુજરાતના દરેક લોકોને કોરોનાથી બચવાનો સંદેશ આપવા ભરતભાઇ અને તેમના પત્ની ટીનાબેન વડગામાએ થર્મોકોલમાંથી કોરોનાનું આબેહુબ મોડલ બનાવ્યું અને કોરોના હારેગા ઇન્ડિયા જીતેગાનો સંદેશો સમાજને આપ્યો.

લોકડાઉનના વેકેશનમાં જ પુત્ર કેવિનનો તા. ૧૦-૪ના રોજ બર્થ ડે હતો.

ભરતભાઇ કહે છે કેવિન પુછતો હતો કે પાપા લોકડાઉનના કારણે આખુ જામનગર બંધ છે. કેક તો મળશે નહીં તો આ વખતે હું કેક કાપી મારો જન્મદિન નહીં ઉજવી શકું ? બર્થ ડે હોય અને કેક વગર કેમ ચાલે ? કેવિનની વાત ઉપરથી મને વિચાર આવ્યો ઘરમાં તરબુચ છે. તો તરબુચમાંથી કેક બનાવવાની લાવને ટ્રાય કરું. અને મે ઘરે લોકડાઉનના સમયનો સદપયોગ કરી જાતે જ તરબુચમાંથી કેક બનાવી અને ફકત અમો ત્રણેયે બર્થડે કેક કાપી બર્થડેની ઉજવણી કરી.

ભરતભાઇના પત્ની ટીનાબેન પણ આર્ટ અને ક્રાફટમાં રસ લે છે અને કોરોના વેકેશનમાં આર્ટ-ક્રાફટ સંબંધીત પ્રવૃત્તિમાં કરે છે. ટીનાબેન વડગામા વિશ્વકર્મા વિશ્વ સાથે વાતચીત કરતા કહે છે આપણે ઘરમાં રહયા એટલે સુરક્ષિત રહયા તેવી જ રીતે હજુ પણ કામ વગર બહાર ન નીકળીએ જયાં ત્યાં કોઇ વ્યકિત કે વસ્તુને ટચ ન કરીએ. શાકભાજી કે કરીયાણું ખરીદતી વખતે સાવધાની રાખીએ અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરીએ. ઘરમાં રહો સુરક્ષિત રહો અને કોરોના વોરીયર્સને સાથ અને સહકાર આપી વહેલામાં વહેલા કોરોનાને ભગાવીએ...




**રીલાયન્સ દ્વારા દર વર્ષે યોજાતી સેફટી પોસ્ટર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવતા રહેલા ભરતભાઇનું આ વર્ષે બનાવેલું કોરોના સંબંધિત આ પોસ્ટરને રીલાયન્સ દ્વારા દર વર્ષે પ્રકાશિત થતી બુકલેટમાં પ્રસિદ્ધ કરવા મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણીએ ખાસ પસંદ કર્યું છે. આ પોસ્ટરને પણ પ્રથમ નંબર મળ્યો છે.**

ભરતભાઇ વડગામાએ પ્રાથમિક શાળાથી અત્યાર સુધીમાં અનેક સ્પર્ધામાં ભાગ લઇને ઢગલાબંધ ઇનામો અને સર્ટીફીકેટ મેળવ્યા છે. પરંતુ ભરતભાઇ કહે છે આ વર્ષે કોરોનાની મહામારીના વેકેશનમાં જે સર્જન થયું તે મારા અને મારા પરિવાર માટે ઐતિહાસિક બની રહેશે અમે અમારી કલા માધ્યમથી પોસ્ટર અને કોરોના મોડલનું સર્જન કર્યું છે. તેના હેતુ સમજી બધા પાલન કરશે તો વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા-કારીગર અને કૌશલ્યનો વારસો વધુ દીપી ઉઠશે.

# લોકડાઉને બીઝનેસની નવી દિશા બતાવી : અલ્કાબેન અંબાસણા

સમતા પાર્થ ભાડેશિયા




**એકસપોર્ટ-ઈમ્પોર્ટ બંધ થતા પીપીઇ કીટ અને માસ્ક બનાવવા શરૂ કર્યા... ડ્રેસ અને યુનિફોર્મ તૈયાર કરવામાં બાલાજી ક્રિએશનનું નામ છે**

આમ તો અલ્કાબેન અંબાસણાનો મુખ્ય વ્યવસાય તો એકસપોર્ટ-ઈમ્પોર્ટનો છે. પરંતુ કોરોનાના વાયરસને કારણે ૨૧ માર્ચ પછી તમામ ધંધા-વ્યવસાયની સાથોસાથ ઈમ્પોર્ટ એકસપોર્ટનું કામ બંધ થતા અલ્કાબેનને વિચાર આવ્યો કે આવી પરિસ્થિતિમાં મારું કામ કરી રહેલા કારીગરોનું  શું ? આવા વિચાર બાદ કોરોનાનો પરિસ્થિતિમાં પીપીઇ કીટના થતા કાળાબજાર અને અછત નિહાળી તેમણે પીપીઇ કીટ બનાવવાનો વિચાર આવવાની સાથે જ આ વિચાર અમલમાં મુકવાની ગતિવિધિ શરૂ કરી. ખાસ કરીને પીપીઇ કીટ બનાવવા ફર્સ્ટ ગ્રેડનું પ્લાસ્ટીક મટીરીયલ્સ વપરાય છે અને આ મટીરીયલ્સ સરકાર પાસે મંજુર

કરાવવું પડે છે. અલ્કાબેને કલેકટર રમ્યા મોહનને મળી બધી વાત કરી. રમ્યા મોહન પણ અલ્કાબેનની કામ કરવાની ધગશ જોઇને ખુશ થયા અને મટીરીયલ્સની પરવાનગી આપી. પરવાનગી મળ્યાની સાથોસાથ અલ્કાબેને પોતાના કારીગરો પાસે પીપીઇ કીટ તૈયાર કરાવવા લાગ્યા. બજારમાં મળતી પીપીઇ કીટ કરતા સસ્તી અને સારી ગુણવત્તા ધરાવતા આ કીટને સારો આવકાર મળ્યો અને તેનું હોલસેલ માર્કેટીંગ શરૂ કર્યું. અલ્કાબેન અંબાસણા વિશ્વકર્મા વિશ્વ સાથે વાતચીત કરતા કહ્યું કે હાલમાં ૭ થી ૮ કારીગરો ૨૫૦ ૩૦૦ પીપીઇ કીટ તૈયાર કરે છે. પીપીઇ કીટ બે પ્રકારની બનાવાય છે. એકવાર વાપરી નાખી દેવાની અને બીજી ધોઇને ઉપયોગમાં લઇ શકાય તેવી આ બંને પ્રકારની કીટની બજારમાં માંગ છે. ૨૫૦ થી ૩૦૦ અને ૨૭૦ રૂ.માં આ કીટ અમે આપીએ છીએ.

પીપીઇ કીટ બનાવવા માટેનું મટીરીયલ્સ અમદાવાદથી મંગાવવું પડે છે. ગોંડલ રોડ પર આકાંક્ષા બિલ્ડીંગમાં બાલાજી ક્રિએશનના નામથી કામકાજ કરતા અલ્કાબેન અંબાસણા






કીટની સાથે માસ્ક ફ્રી આપે છે. પીપીઇ કીટની સાથે તેઓએ સારી ગુણવત્તા વાળા માસ્ક પણ બનાવ્યા. શરૂઆતમાં રાજલક્ષ્મી સોસાયટી, રામનગર જેવા વિસ્તારમાં એકાદ હજાર માસ્કનું વિનામુલ્યે વિતરણ પણ કર્યું હતું.

ડ્રેસ મટીરીયલ્સ અને એકસપોર્ટ-ઇમ્પોર્ટનો વ્યવસાય કરતા અલ્કાબેન અંબાસણાએ પોતાની જાત મહેનતથી આગળ આવ્યા છે. શરૂઆતમાં પોતાના દાગીના પર લોન લઇ જાતે જ કામ કરવાની શરૂઆત કરી. ડ્રેસ મટીરીયલ્સના વેચાણ બાદ ડ્રેસીસ વેચવાનું શરૂ કર્યું. દાદાએ સિલાઇ મશીન અપાવ્યા બાદ જાતે જ કટીંગ-સિલાઇ કામ શીખ્યા અને શિવણ કામ શરૂ કર્યું. શાળાઓના વિદ્યાર્થીઓના ગણવેશથી શરૂઆત કર્યા બાદ તેમણે ફેકટરીના યુનિફોર્મ બનાવવાનું શરૂ કર્યું. આજે તેમાં કિર્લોસ્કર ડીઝલ એન્જિ. પ્રા. લી., રવિ ટેકનોફોર્જ જેવી કંપની માટે યુનિફોર્મ તૈયાર કરે છે. આજે યુનિફોર્મ અને ફેકટરીના ડ્રેસ બનાવવામાં બાલાજી ક્રિએશનનું નામ છે.

ડ્રેસ, શુઝ ઉપરાંત મશીનરી સહિત ૨૨ જેટલી આઇટમનું એકસ્પોર્ટ કરે છે. કિર્લોસ્કર જેવી આંતરરાષ્ટ્રીય કંપનીના પણ તેઓ વેન્ડર છે, લેથ, મીલીંગ મશીન, વેલ્ડીંગ મશીન જેવી મશીનરીમાં પણ તેઓ નિકાસ કરે છે.

એપીપી એટલે કે એશિયા પલ્પપેપર સાથે પણ અલ્કાબેન જોડાયેલા છે અને આખા ગુજરાતના તેઓ ડીસ્ટ્રીબ્યુટર છે.

અલ્કાબેન અંબાસણાના શુન્યમાંથી સર્જન કરવાની આવડત તો સારી એવી નોંધ લેવાઇ છે. જાણીતા બોલબાલા ટ્રસ્ટે વુમન્સ ડે નિમિત્તે સન્માન પણ કર્યું હતું.

લોકડાઉનને કારણે અનેકના ધંધા બંધ છે. એકસપોર્ટ ઇમ્પોર્ટ પણ બંધ છે. નવા દ્વાર ખોલીને કોરોના વાઇરસ જેવી આફત નવા વેપાર-ધંધારૂપી અવસરમાં ફેરવનાર અલ્કાબેન અંબાસણા વધુને વધુ આગળ વધે અને સામાજીક, આર્થિક સહિતના ક્ષેત્રે વધુને વધુ તેજસ્વીતા પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી શુભેચ્છા...

# ઘરે રહો સુરક્ષિત રહો

કોરોનાની મહામારીમાં સમગ્ર દેશમાં ઢાલ રૂપી કાર્યરત એવા ડોકટર્સ, નર્સ, મેડીકલ સ્ટાફ, પોલીસ ડીપાર્ટમેન્ટ, સફાઇ કર્મીઓને વંદન...

VERITO®

Kitchenware & Hardware Hub



(અગ્રણીય ઉદ્યોગપતી) **રસીકભાઈ ખાણધર**

VIBRANT

## વાઈબ્રન્ટ મેટલટેક પ્રા.લી.

મેન્યુ. દરેક પ્રકારના S.S. પર્ફોરેટેડ સીટ કિચન બાસ્કેટ, S.S. તથા એલ્યુમિનિયમ લેડર અને બાથ એસેસરીઝ

દ્વારકાધીશ એસ્ટેટ, ઘનશ્યામ ઈન્ડસ્ટ્રીયલ એરીયા-૨, વિરાણી અઘાટ, ઢેબર રોડ (સાઉથ), રાજકોટ-૩૬૦ ૦૦૨.

**Cell : 97251 32031, 72848 58687**

vibrantmetaltech@gmail.com www.vibrantmetaltech.com

# અશોકભાઇ સુરેલિયાની પોણી મેરેથોન બની જિંદગીનું સંભારણું

**પ્રવીણ ગજ્જર**

કોરોના લોકડાઉનને કારણે મોર્નિંગ વોક ન થઇશકે તે કેમ ચાલે ? વળી અશોકભાઇ સુરેલિયા તો છેલ્લા ૧૫ વર્ષથી રાજકોટના રેસકોર્ષ રીંગ રોડ પર દરરોજ ૪ કિલોમીટર અને દર ગુરૂવારે ૧૫ કિલોમીટરનું મોર્નિંગ દોડ કરે છે. સુરેલિયા વાયરકટના નામથી ઇન્ડસ્ટ્રીઝ ચલાવતા અશોકભાઇ સુરેલિયાએ અત્યાર સુધીમાં મુંબઇ, રાજકોટ, પોરબંદર તો ઠીક પરંતુ હીલ વિસ્તાર એવા સતારામાં પણ હાફ મેરેથોન કરી ચુકયા છે. મેરેથોન દોડનો પ્રારંભ ૧૦ એપ્રિલે થયો. આ વખતે ૧૦ એપ્રિલ લોકડાઉનમાં આવી એટલે રાજકોટના રનર ગૃપે નકકી કર્યું કે દરેકે પોતપોતાની અગાશીમાં દોડવું રનર ગૃપના આ નિર્ણયના અનુસંધાને અશોકભાઇ સુરેલિયાએ પોતાની ૩૫ ફૂટની અગાશીમાં વહેલી સવારે સાડા ચાર વાગ્યામાં દોડવાની શરૂઆત કરી. કેટલું દોડયા તે માપવા કિલોમીટર, મિનિટ, સેકન્ડ અને દોડવાની ગતિ દર્શાવતી સ્ટ્રાવા નામની મોબાઇલ એપ્લીકેશન ડાઉનલોડ કરી હતી.




અશોકભાઇ સુરેલિયા વિશ્વકર્મા વિશ્વની સાથેની વાતચીતમાં કહે છે, વહેલી સવારે ૪.૩૦ કલાકે દોડવાનું શરૂ કર્યા બાદ નવેક વાગ્યાના સુમારે મારી પત્ની જયશ્રી લીંબુ પાણી આપવા અગાસીએ આવી ત્યારે પ્રથમ લીંબુ પાણી પીવા પુરતો જ બ્રેક લઇને ફરી દોડવાનું શરૂ કર્યું. ૬ા કલાકની દોડ સાડા અગિયાર સુધી ચાલી. આજ સમયે મારા મિત્ર રશ્મીભાઇ પટેલ પણ હાફ મેરેથોન તેમની અગાશીમાં દોડી રહયા હતા. તેમનો ફોન આવ્યો કે કેટલું દોડયા. મેં કહયું ૨૧ કિ.મી. તો રશ્મીભાઇ કહે, તમે ૨૧ કિ.મી. નહીં પણ ૩૪ કિલોમીટર દોડયા છો. હકીકતે મોબાઇલ એપમાં મેં ૨૧ કિ.મી. જોયા તે બ્રિટીશ માપદંડ પ્રમાણે માઇલમાં હતા અને થયું આ તો ભુલથી હું આટલું દોડયું.

હાફ મેરેથોન ૨૧ કિ.મી. હોય છે અને મેરેથોન ૪૨.૪ કિ.મી. હોય છે હું ૩૪.૫ કિ.મી. દોડયો જે પોણી મેરેથોન દોડ થઇ.

અશોકભાઇ કહે છે, મારી જિંદગીના ૭૦માં વર્ષે કોરોના લોકડાઉનમાં ભુલથી દોડાયેલ મારી આ પોણી મેરેથોન દોડ જિંદગીનું કાયમી સંભારણું બની જશે.



## ૧૫ વર્ષથી રોજ દોડું છું, આઠ હાફ મેરેથોન કરી છે

# એક પત્ર કોરોનાને, થેંક્યુ કહેવા માટે!

ગીતા માણેક

કોરોના વાઈરસ,

સાચું કહું તો હજુ હમણાં થોડા દિવસ પહેલાં સુધી તારું નામ પણ અમે સાંભળ્યું નહોતું પણ છેલ્લા કેટલાક દિવસથી તું અમારા જીવનમાં એવો છવાઈ ગયો છો કે ભગવાનનું નામ જપીએ એના કરતા વધુ વખત અમે તારું નામ લેતા થઈ ગયા છીએ. જેમને તું વીંટળાઈ વળ્યો છો તેઓ તો ખરા જ પણ જેમણે તારા વિષે જરાક પણ સાંભળ્યું છે તે બધા જ તને મણ-મણની ગાળો આપી રહ્યા છીએ. મૃત્યની દૂત બનીને તું આવ્યો છો અને તું કોઈ જ ઘરમાં આવકાર્ય નથી. પરંતુ વિચિત્રતા તો એ છે કે જે ઘરોમાં તું સાક્ષાત નથી પ્રવેશ્યો તે ઘરના પણ દરેક સભ્યના મનમાં તો તું ભયરુપે પ્રવેશી જ ચૂક્યો છે. તેં અમારું જીવન હરામ કરી નાખ્યું છે, અમે જિંદગીમાં ક્યારેય આટલા નહોતા ફફડ્યા એટલા ડરી રહ્યા છીએ. તેં જેમનો ભરડો લીધો છે તેમને તારા પાશમાંથી છોડાવવા ડોક્ટરો, નર્સો અને કંઈક કેટલાય લોકો ઝઝૂમી રહ્યા છે. તને નામશેષ કરવા માટે પણ વૈજ્ઞાનિકોની આખી ફોજ દિવસ-રાત કામ કરી રહી છે. અમે બધા જ ઈચ્છીએ છીએ કે તું અમારા બધાના જીવનમાંથી કાયમની વિદાય લઈ લે. તારે જવું જ પડશે પણ જતા-જતા અમે તને થેંક્યુ કહેવા માગીએ છીએ.




● અમે અજ્ઞાનની, અહંકારની, અભિમાનની ઘોર નિદ્રામાં કુંભકર્ણની માફક ઊંઘી રહ્યા હતા. તેં અમને ઢંઢોળીને જગાડ્યા. થેંક્યુ કોરોના!

● જે કામ ઋષિ-મુનિઓ, શાસ્ત્રો, ઉપનિષદ, ભગવદ્ગીતા, સંતો, મહાત્માઓ, યોગીઓ અને સાધુઓ નહોતા કરી શક્યા એ કામ તે કરી બતાવ્યું અને એ પણ અદૃશ્ય રહીને! આ બધા જ સદીઓથી અમને સમજાવતા આવ્યા હતા કે આ બ્રહ્માંડમાં દરેક જીવ એકબીજા સાથે જોડાયેલો છે. આ પૃથ્વી પર માનવીનું એક એકમ તરીકે અસ્તિત્વ નથી. કોઈ એક તાંતણે બધા જ બંધાયેલા છીએ. તેં કોઈ પણ પ્રકારના પ્રવચન વિના અમને આ સોંસરવું ઉતારી દીધું છે. ચીન હોય કે ચેન્નાઈ, અમેરિકા હોય કે અમરેલી, દુબઈ હોય કે દાહોદ, ઓસ્ટ્રેલિયા હોય કે ઔરંગાબાદ, મેનહટ્ટન હોય કે મુંબઈ કોરોના વાઈરસ જ્યારે ભરડો લે છે ત્યારે વ્યક્તિની જાત, ઉંમર, ધર્મ, વર્ગ, રાષ્ટ્રિયતા એક જ થઈ જાય છે અને એ છે કોરોના વાઈરસ દ્વારા અભડાવાયેલો દર્દી. અમે માનવીઓએ જેટલા સીમાડાઓ કર્યા હતા એને તેં એકઝાટકે ભૂંસી નાખ્યા છે. અમારી જાડી બુદ્ધિમાં આ વાત રેડવા માટે થેંક્યુ કોરોના!

- પરમાત્મા નિરાકાર છે અને તે કોઈ મંદિર, મસ્જિદ, ચર્ચ, સિનાગોગ, દરગાહ, ગુફા કે પહાડની ટોચ પર નથી રહેતો એવું અમને સંતોએ કેટલીય વાર સમજાવ્યું છતાં અમે અમારા કહેવાતા ધર્મો, સંપ્રદાયો અને ભગવાન માટે બનાવેલા મકાનોને વળગીને બેસી રહ્યા. આજે આ બધા જ પૂજાઘરો, ઈબાદતખાનાઓ બંધ થઈ ગયા છે અને છતાંય પરમાત્માનું અસ્તિત્વ છે જ આ વાત જેટલી અસરકારતાથી તેં ગળે ઉતારી છે એવું કોઈ નહોતું કરી શક્યું. થેંક્યુ કોરોના!

● અમે સુખને મોલમાં, મોંઘીદાટ મોટરોમાં, ફિલ્મો-નાટકોમાં, વિદેશી વેકેશનોમાં, સોના-ચાંદી ઝવેરાતોમાં, પ્રતિષ્ઠા અને માનપાનમાં શોધતા હતા. તેં એક ઝાટકે અમારા સુખના આ બધા દરવાજા બંધ કરી દીધા છે અને અમને ભીતર વળવાની ફરજ પાડી છે. આવા સુખની અમને આદત પડી ગઈ હતી અને

એને અમે ટેકન ફોર ગ્રાન્ટેડ લઈ લીધા હતા. એનો અભાવ વર્તાઈ રહ્યો છે તેમ છતાં અમારામાંના ઘણાં પોતાને સુખી માની રહ્યા છે કારણ કે તેઓ અને તેમના સ્વજનો તારાથી છેટા છે. અમને અમારા સાચા સુખ સમજાવવા માટે થેંક્યુ કોરોના!



● તેં જો ક્યારેય પૃથ્વીલોકથી દૂર રહીને અમને જોયા હશે તો તને ખબર જ હશે કે અમે કેવા રઘવાયા થઈને દોડતા હતા. અનેક લોકોને તો પોતાના સ્વજનો, પ્રિયજનો, પરિવારજનો સાથે વાત કરવાની ફૂરસદ નહોતી. મારી પાસે બિલકુલ સમય નથી. હું બહુ બિઝી છું એવું સતત રટણ કરનારાઓને તે અદબ-પલાંઠી વાળીને બેસાડી દીધા છે. આ બિઝી લોકોને તે એટલા નવરા કરી દીધા છે કે સમયના વહેણની ગતિનો તેમને અહેસાસ થઈ રહ્યો છે. સફળતા, વધુ સફળતા માટે મુઠ્ઠીઓ વાળીને દોડતા આ લોકોના પગમાં તે બ્રેક મારીને નો-પાર્કિંગમાં ઊભેલી ગાડીને જામર લગાડે એમ થંભાવી દીધી છે. તેમની પાસે ગમે તેટલી સફળતા હોય કે સમૃદ્ધિ હોય એક સ્તર પર તે સદંતર નિષ્ફળ અને નિર્ધન જેવો જ છે એનો અહેસાસ તેં કરાવી દીધો છે.

● તેં અમને બધાને જ પોતપોતાના ઘરમાં કેદી બનાવી દીધા છે એ હકીકત છે પણ તેં અમને ગજબની મુક્તિ પણ પ્રદાન કરી છે. અમારા જેવા માનતા હતા કે કામવાળી બાઈઓ, રસોયણો-રસોઈયાઓ, ડ્રાઇવરો, માળીઓ જેવા વિના અમે જીવી જ ન શકીએ. અમે આ બધા પર એટલા નિર્ભર હતા કે તેમના વિના જીવવાના વિચારમાત્રથી અમે ભયભીત થઈ જતા હતા. તેં અમને કેદ કર્યા અને અમારા ઘરના કામ અમારે જાતે કરવા પડે છે ત્યારે અમને એક અજબ આઝાદીનો અનુભવ થઈ રહ્યો છે. અમારામાં તેં આત્મવિશ્વાસ જગાડ્યો છે કે અમારા કામ અમે જાતે કરી શકીએ છીએ અને એને માટે ઘર-બાર છોડી સાધુ-સંન્યાસી થવાની જરૂર નથી. અમે સ્વાવલંબી થઈને જીવી શકીએ છીએ એનો અનુભવ કરાવવા માટે થેંક્યુ કોરોના!

● મૃત્યુ વિખૂટા પાડે છે પણ મૃત્યુનો ભય ભેગા કરે છે એ જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ તેં અમને કરાવ્યો. ઘરના ચાર-છ સભ્યો સાથે મળીને જમતા નહોતા, એકબીજાના જીવનમાં શું ચાલી રહ્યું છે, પિતા કેવી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે, દીકરાની જિંદગીમાં કેવા પ્રશ્નો છે, દીકરી ક્યાં મૂંઝાય છે અને માના હૈયામાં શું છે એની અમને એકબીજાને ખબર નહોતી. તેં અમને એક ડાઈનીંગ ટેબલ પર કે એક પંગતમાં સાથે જમતા કર્યા. અમારી આસપાસ, અમારા ઘરમાં, અમારા સ્વજનો શું કરી રહ્યા છે, શું અનુભવી રહ્યા છે એ તરફ નજર કરતા કર્યા. થેંક્યુ કોરોના!

● ડોકટરો, નર્સો, કેટલાક નેતાઓ, સેવાભાવીઓનું મૂલ્ય અમને સમજાવ્યું તો અમારી આસપાસ અસંખ્ય મૂર્ખાઓ વસે છે જેઓ આ સંજોગોમાં પણ સરઘસો કાઢે છે, હિલસ્ટેશન પર ફરવા જવા માટે ટ્રાફિક જામ કરે છે. આવા મૂર્ખાઓને અમે સામાન્ય સંજોગોમાં તો ઓળખી જ ન શક્યા હોત પણ તારા નિમિત્તે આ જડ-બેવકૂફોની અમને જાણ થઈ છે. કોરોના વાઈરસ, તારા કરતાં પણ આ વધુ જોખમી છે એનો અમને અહેસાસ કરાવવા માટે થેંક્યુ કોરોના!

● આ પૃથ્વી અને પ્રકૃતિ અનંતકાળથી અસ્તિત્વ ધરાવે છે અને એની શક્તિઓ અમાપ છે, અસીમ છે. તેમ છતાં એની સરખામણીમાં વીસ-ત્રીસ-પચાસ કે એંશી-નેવું વર્ષથી એક માનવી આકારરૂપે જીવનારાઓ પોતાને સર્વશક્તિશાળી અને સર્વસત્તાધીશ માનવા માંડ્યા હતા. આ બધાને પોતાના વામણાપણાનો અહેસાસ દેવડાવવા માટે પ્રકૃતિએ તને નિમિત્ત બનાવ્યો. તેં આવીને તને સોંપવામાં આવેલા આ કાર્યની પૂર્તિ કરી છે. થેંક્યુ કોરોના!

અમે ઘણું શીખ્યા અને ઘણું શીખવાની કોશિશ કરી રહ્યા છીએ. અમે જાણીએ છીએ કે કોરોના વાઈરસ, તું પ્રકૃતિની ચિઠ્ઠીનો ચાકર છે પણ સમસ્ત માનવજાત વતી અમે તને વીનવીએ છીએ કે તું પાછો ફર. અમને હજુ એક મોકો આપ. અમે સુધરી જવાનો પ્રયાસ તો ચોક્કસ કરીશું જ.

**લિખિતંગ**
**વામણો માનવ**


**સમસ્ત વિશ્વકર્મા સમાજ મેરેજ બ્યુરો**

ગુર્જર, સુથાર, મેવાડા, વૈશ્ય, લુહાર સુથાર, પંચાલ, પંચોલી ગુજરાતી સુથાર, યુવક-યુવતી, વિધવા-છુટાછેડા, કુંવારા ભણેલા-ઓછુ ભણેલા બાયોડેટા આવકાર્ય

**આપની સંપૂર્ણ વિગત તથા ફોટોગ્રાફ મોકલી જીવનસાથીની પસંદગી મેળવો.**

: આપની સંપૂર્ણ વિગત માટે ફોન કરો :
હસમુખ વડગામા - ૯૮૨૪૧ ૮૨૯૦૧
વિશાખા ગજ્જર - ૯૮૭૯૮ ૮૨૯૦૧

જી-૨, શ્રીજી એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લો ગાર્ડન, એલસીબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૯.


# ચીનની હિમાયલ જેવડી ભૂલ

ડી. જે. બાવળેચા

૩૦ જાન્યુઆરી ૨૦૧૯નાં દિવસે સુર્ય તો ઉગ્યો. પણ દુનિયાને અંધારું ઉગ્યો. એક કરોડની વસ્તી ધરાવતા ચીનના હુઆન શહેરમાં કોરોના વાયરસથી મૃત્યુ થયું. જયાં દુન્યિાના મોટા વૈજ્ઞાનિકો સંશોધન કરતા એ લેબોરેટરી વાયરસનું જન્મસ્થાન.

ચાઇનીસ વાયરોલોજીસ્ટે સરકારનું ધ્યાન દોર્યું. આવનારા ભયાનક પરિણામો અંગે જાણકારી આપી. તો સરકારે કહયું - ચૂપ રહો, અફવા ન ફેલાવો. અફવા ફેલાવવી રાષ્ટ્રદ્રોહ છે. સમજો વહીં તો તમારા માટે ખરાબ પરિણામ આવશે. કહેવાય છે કે વાયરોલોજીસ્ટનું દશ પંદર દિવસમાં મોત થયું.

ફેંગે ફેંગ નામની ચીનની મહિલાએ સરકાર લોકોને સમજાવવા સત્ય રજુ કર્યુ. કોરોના સામે લડવા આપણી પાસે જરૂરી સાધનો નથી, આપણે વધારે સાવચેત થવાની જરૂર છે એ અંગે પુસ્તક લખ્યું પણ કોઇ કારણોસર એ ચીનમાં પ્રકાશિત થયું. ચીનની મહિલા કહયુ, પુસ્તક લખવામાં શો વાંધો ? એ પુસ્તક પ્રસિદ્ધ થશે અને તેની આવક હું કોરોના પીડિત લોકોની સહાયમાં વાપરીશ. કહેવાય. છે. એ પુસ્તક અમેરિકાથી પ્રસિદ્ધ થશે.



જાન્યુઆરી-૨૦૨૦થી આજ સુધીમાં કોરોનાના કારણે એ રોગ દુનિયાભરમાં ફેલાયો કહેવાય છે - ૩૦ લાખથી વધારે લોકોને આ રોગ થયો. ઇટલી, જર્મની, જાપાન, ફ્રાંસ, સ્પેન, બ્રિટન અમેરિકા ભારતમાં એ રોગો ફેલાયો. મળતા સમાચાર મુજબ લગભગ બે લાખ લોકો મૃત્યુ પામ્યા. અને કેટલા મરશે તેની કલ્પના થઇ શકે તેમ નથી.

કોરોના સ્પર્શ માત્રથી ફેલાય છે. શરદી ઉધરસ છીંક કફ તાવ અને કોરોના થાય તેની દવા નથી. ઉપરોક્ત લક્ષણોનાં રોગોની દવા દર્દીને આપવામાં આવી પણ રોગને વિકસતો ન અટકાવી શકાયો.

કોરોનાએ લોકોના સામાન્યતઃ જીવનની તોડી નાખ્યું. અમેરિકાની કમ્મર ભાંગી નાખી. દવા નથી તો દવા શોધો. દુનિયા તબીબો અને વૈજ્ઞાનિકો દવા શોધવા લાગ્યા. જે દવાઓ થોડી ઘણી અસરકારક બની તેનાથી કેટલાક સાજા થયાં પણ મૃત્યુનું પ્રમાણ વધતું રહયું. રોગના ચેપથી દુર રહેવા લોકોને સમજાવવામાં આવ્યું - ઘરની બહાર ન નીકળો. ભીડમાં ન જાવ પ્રસંગો અને ઉત્સવોમાં ભાગ ન લો. હાથપગ ધુવો. માસ્ક પહેરી લોકોના વિશ્વાસ મજબુત કરવા લોકોને ઘંટડી વગાડવા, થાળી વગાડવા, દીપ પ્રગટાવવા.

પહેલા વિશ્વયુદ્ધનું વિનાશક પરિણામ જોયા છતાં દુનિયા બીજા વિશ્વ યુદ્ધને ન અટકાવી શકો. બીજા વિશ્વયુદ્ધનાં હિરોશીમા - નાગાસાકી સગી આંખે જોવા છતાં વિશ્વ સંસ્થા યુનો અને દુનિયા શસ્ત્ર દોડને ન અટકાવી શકી. વિશ્વ એક પરિવાર છે. નો વિચાર અણુબોંબને ન મારી શકયો. અને મહાસત્તાઓ વધુ સંહારક રાસાયણિક જૈવિક શસ્ત્રો બનાવ્યા આંખ વીંચીને બનાવ્યા.

અણુ બોમ્બ બનાવ્યો એ મારી ભુલ હતી. એમ દુનિયા સૌથી વધુ બુદ્ધિશાળી આઇનસ્ટાઇન બોલ્યો. ગાંધીની અહિંસામાં વિશ્વાસ મુકયો. મૃત્યુ સમયે કાંઇ ખોટું ન બોલે. પણ આઇનસ્ટાઇન શું બોલ્યા હશે - ખબર નથી શું બોલ્યા ખબર એટલા માટે નથી કે તેઓ અંગ્રેજીમાં બોલ્યા અને પરિચારિકાને યહૂદી ભાષા જ આવડતી. માનવીના કમભાગ્ય એ વાકયો આપણા સુધી પહોંચી ન શકયા છતાં શંકા વિના કહી શકાય કહયું હશે. લડો નહીં, અણુબોમ્બથી ન લડો. રાસાયણિક શસ્ત્રોથી ન લડશો. રાસાયણિક શસ્ત્રો બન્યા પણ જાપાનના નોબલ પારિતોષિક મેળવનારે પ્રો. તાસુકુ હોંજોએ કહયું - આ વાયરસ કુદરતી નથી ચાઇના એ બનાવ્યો છે. મેં એ લેબોરેટરીમાં કામ કર્યું છે હું ખોટો હોઉં તો નોબલ પાછું લઇ લો.

# લોકડાઉન : આત્મવિકાસ માટેનો ગુણવત્તાયુક્ત સમય

ડો. હાર્દિક ભાડેશીયા, ડો. બક્ષિસકુમાર પટેલ અને ડો. પ્રકાશકુમાર પટેલ

*મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા હેઠળની ફેકલ્ટી ઓફ કોમર્સના ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટમાં સહાયક અધ્યાપક તરીકે કાર્યરત ડો. હાર્દિક ભાડેશીયા, ડો. બક્ષિસકુમાર પટેલ અને ડો. પ્રકાશકુમાર પટેલના સંયુક્ત પ્રયાસ હેઠળ આકાર પામેલ આ સંશોધન એક પ્રયાસ માત્ર છે, જે ગુજરાતના ૪ મહાનગરોમાં વસતા લોકો કોવીડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીને નાથવા કરેલ આ લોકડાઉનના ગુણવત્તા યુક્ત સમયનો ઉપયોગ પોતાના આત્મવિકાસ માટે કેવી રીતે કરે છે તેના પર પ્રકાશ પાડે છે.*



## સેલ્ફ આઈસોલેશન સમય નો સદુપયોગ સેલ્ફ ઈવોલ્યૂશન કરીને થઈ શકે છે

જયારે બારણાનું હેન્ડલ, શાકભાજીની થેલી કે દુધની થેલી જીવંત બોમ્બ સમાન દેખાય છે, જયારે કોવીડ-૧૯ પર ના અવારવનાર અપડેટસ આપણને આપણા પ્રિયજનને ચુંબન કરતા પહેલા ડરાવેઅ ને લોકડાઉન ખુલ્યા પછી પણ આપણા બાળકને સ્કુલ એ મોકલવાનો ભય પેદા કરે ! આવા સંજોગોમાં મનને વાળવા માટેના વિકલ્પોની શોધ કરવી રહી. જેવી રીતે ભારત સરકારે પણ આપણા મનને વાળવા અને સકારાત્મકતા ફેલાવવા રામાયણ અને મહાભારત જેવા ભારતીય સંસ્કૃતિ પરના બે મહાકાવ્યોની શરૂઆત કરી છે. ત્યારે આજ માર્ગને અનુસરીને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં ફેકલ્ટી ઓફ કોમર્સ અંતર્ગત ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટમાં કાર્યરત ત્રણ અધ્યાપકો ડો. હાર્દિક ભાડેશીયા, ડો. બક્ષિસકુમાર પટેલ અને ડો. પ્રકાશકુમાર પટેલ એ સંજોગોને ધ્યાનમાં લઇ ગુજરાત રાજયના ૪ મુખ્ય શહેરો જેવા કે અમદાવાદ, બરોડા, રાજકોટ અને સુરત શહેરના ૫૦૦થી વધુ લોકોનો સર્વે કર્યો કે ગુજરાતી લોકો આ કપરા સમયને પોતાના આત્મવિકાસ માટે કેવી રીતે ઉપયોગ કરે છે. આ સર્વેમાં ૪૩.૪ ટકા સ્ત્રીઓ અને ૫૬.૬ ટકા પુરૂષો એ ભાગ લીધો. જેમાં રાજકોટનાં ૨૫.૫ ટકા લોકો, સુરતનાં ૨૬.૪ ટકા, બરોડાનાં ૨૭.૮ ટકા અને અમદાવાદ ના ૨૦.૩ ટકા લોકો સામેલ રહયા. આ સંશોધનમાં ૨૭.૫ ટકા લોકો ૧૫ થી ૨૦ વર્ષના ૫૫.૫ ટકા લોકો ૨૧થી ૩૦ વર્ષના, ૯ ટકા લોકો ૩૧ થી ૪૦ વર્ષના, ૪.૩ ટકા લોકો ૪૧ થી ૫૦ વર્ષના તેમજ ૩.૮ લોકો

૫૦ વર્ષથી વધુની વયનાં હતાં. સંશોધનમાંથી પ્રાપ્ત થતાં તથ્યો ઉપરથી સંકલન કરી શકાય કે લોકડાઉનનાં આ સમયમાં ગુજરાતના મહાનગરોમાં વસતા લોકો મુખ્યત્વે ૪ પ્રવૃત્તિમાં રચ્યા પચ્યાં રહે છે. જે મુજબ પ્રમુખ રીતે લોકો આ સમય પોતાના પરિવાર સાથે માણવમાં માને છે, તેમજ વાંચન, ફિલ્મો અને વેબ સિરીઝ જોવામાં અને સોશ્યલ મીડિયામાં પ્રવર્તતા વિવિધ સમાચારોથી પોતાને માહિતગાર રાખવામાં માને છે. પરિવાર સાથેની વિવિધ પ્રવૃત્તિમાં લોકોને ઘર સાફ કરવું સગા-વ્હાલાને ફોને કરી ખબર અંતર પૂછવા. રસોડામાં નવી વાનગી પર હાથ અજમાવવો. જુના ફોટો/વિડીયોઝ જોઇ સંસ્મરણો તાજા કરવા અને નીંદ કરવામાં આનંદ આવે છે. વાંચનમાં લોકોને નવલકથા વાંચવી. મેગેઝીને વાંચવા, ન્યુઝપેપર વાંચવું અને સૌથી વધુ સેલ્ફ હેલ્પની બુકસ વાંચવી પસંદ છે. લોકો બદલાતા સમયની સાથે વેબ કન્ટેન્ટ અને વેબ સિરીઝને ફિલ્મો કરતા વધુ પ્રાધાન્ય આપે છે. ફેસબુક, વોટસએપ અને ટિકટોક પ્રમાણમાં વધુ પ્રિય છે.

અભ્યાસમાંથી રસપ્રદ તથ્યો બહાર આવ્યા છે.

- ૬૦ ટકા લોકો આ સમયમાં ઇન્ટરનેટ સર્ફિંગ કરીને જ્ઞાનવર્ધન કરે છે.
- ૫૫.૮ ટકા લોકો આ સમય પોતાના ઘરની સાફ સફાઇ કરવામાં જયારે ૪૫.૭ ટકા લોકો આ નવરાશની પળોમાં નવી વાનગીઓ બનાવીને પોતાની રસોઇ કલાનું કૌશલ્યવર્ધન કરવામાં કરે છે.
- ૫૫.૫ ટકા લોકો આ સમય ફિલ્મ/વેબ સિરીઝ જોવામાં વ્યતીત કરે છે જે વ્યવસ્તતાના કારણે પહેલા જોઇ શકયા નહોતા.
- ૫૪.૬ ટકા લોકો આ સમય પરિવાર સાથે ઇન્ડોર ગેમ્સ રમી માણે છે.
- ૫૩.૮ ટકા લોકો કારકિર્દી વિકાસની પ્રવૃત્તિ માટે અલગ અલગ પ્રકારના ઓનલાઇન કોર્સીસ કરે છે.
- ૫૦.૩ ટકા લોકોનું એવું માનવું છે કે આ નવરાશની પળોને જુના ફોટા અને ફેમિલી ફંકશનના વીડિયો જોઇને માણવી જોઇએ.
- ૪૯.૧ ટકા લોકો આ સમયનો સદુપયોગ પોતાના શોખને પુરો કરવામાં કરે છે જે પોતાની વ્યસ્તતાના કારણે કરી શકયા નહોતા.
- ૪૧.૯ ટકા સ્વવિકાર કરવા સેલ્ફ હેલ્પ પુસ્તકો વાંચે છે જયારે ૩૭ ટકા લોકો મોબાઇલ પર ગેમ્સ રમી સમય પસાર કરે છે.
- સંશોધનનો સહુથી દુઃખદ ભાગ એ છે કે વાંચવાની ટેવ ધીમે ધીમે લોકોમાંથી લુપ્ત થઇ રહી છે. માત્ર ૨૫.૭ ટકા લોકોને નવલકથા વાંચવામાં રુચિ છે જયારે ૧૩.૯ ટકા લોકો જ મેગેઝીન વાંચવામાં રસ ધરાવે છે.
- સંશોધનનો આંખ ઉઘાડતો ભાગ એ પણ છે કે માત્ર ૯ ટકા લોકો આ સમય ટિકટોક પર વીડિયો બનાવવામાં કે જોવામાં પસાર કરે છે જે અત્યારે સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલ ટિકટોકને બહિષ્કાર કરવાના મેસેજને સમર્થન આપે છે.



## રસપ્રદ તથ્યો

**મહત્તમ ગુજરાતીઓ સંયુકત પરિવારમાં રહેવામાં માને છે**

**લોકો વાંચનમાં નવલકથા અને મેગેઝીન કરતા સેલ્ફ હેલ્પ બુકસ ને અગ્રતા વધુ આપે છે.**

**જયારે લોકો ઘરે હોય ત્યારે મોબાઇલ કરતાં ઇન્ડોર રમતો રમવાનું વધુ પસંદ કરે છે.**

**વેબ સિરીઝ અને ઓનલાઇન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ડીટીએચ કરતા વધુ લોકપ્રિય છે.**

**હજી પણ લોકો જુના ફોટા અને વિડીયોઝ જોઇને તેમને જુની યાદોને વાગોળવાનું પસંદ કરે છે.**

**નવી ભોજન વાનગીઓ બનાવવી અને ઘર સાફ કરવું એ ગુજરાતીઓની નવરાશની પળોની પ્રિય પ્રવૃત્તિ છે.**

# લોકડાઉનની સંબંધો પર અસર

(નિબંધ)

તરૂણ આહલપરા

લોકડાઉનમાં અમારા પરિવારનાં સંબંધો ગાઢ વધુ ગાઢ બન્યા છે ત્યારે કવિ માધવ રામાનુજની પંકિતઓ મને અહીં ટાંકવી ગમશે.

એક એવું ઘર મળે આ વિશ્વમાં,
જયાં કશા કારણ વિના પણ જઇ શકું !
એક એવું આંગણું કે જયાં મને,
કોઇપણ કારણ વગર શૈશવ મળે !

આજે ઇશ્વરકૃપાએ આ સંકટમાં અમને બધું જ મળી રહયું છે.

લોકડાઉન એ કેવી પરિસ્થિતિ છે ? આજના આ ફાસ્ટયુગમાં સમગ્ર વિશ્વમાં આ લોકડાઉનની સ્થિતિ વિશે સાંભળવા મળે છે તે આજે આપણે જાણીએ કે લોકડાઉન એ શું છે અને એની અસર કયાં જોવા મળે છે.

સમગ્ર વિશ્વમાં એક મોટી મહામારીએ જન્મ લીધો છે જેનું નામ છે કોરોના વાયરસ. આ એક પ્રકારની એવી બીમારી છે જેણે આખા વિશ્વને લપેટમાં લઇ લીધી છે. તેનાથી બચવા માટે લોકોને અમુક તકેદારી રાખવી પડે અને સંપૂર્ણ રીતે ઘરમાં રહીને સ્વાસ્થ્યનું રક્ષણ કરવું પડે. આ ઉપરાંત લોકોને સંપૂર્ણપણે ઘરમાં જ રહેવાનું, ઘરની બહાર ન નીકળવાનું આનું નામ જ લોકડાઉન છે. આ લોકડાઉનથી કોરોના વાયરસના સંક્રમણથી બચી શકાય છે પરંતુ આની સંબંધો પર અસર થતી જોવા મળી છે.



હવે આપણે વાત કરીએ તો આ બીમારી સમગ્ર વિશ્વ, ભારત દેશ અને આપણા ગુજરાતમાં પણ છે જેનાથી રક્ષણ મેળવવા માટે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સમસ્ત જનસમુદાયને ૨૧ દિવસ માટે ઘરમાં રહીને દેશની રક્ષા કરવા માટે લોકડાઉનનું પાલન કરવા કહેલું છે. જેના કારણે ઘણા પરિવાર માટે લોકડાઉન ખુબ જ આશીર્વાદરૂપ અને ઘણા લોકોને માટે તકલીફ ઉભી કરતી જોવા મળી છે. જે લોકોને ઘરથી દુર નોકરી, ધંધા અંગે બહાર રહેવાનું થતું હોય તેના સંબંધો પર ખુબ જ સારી અસર જોવા મળી કેમ કે તેમના પરિવારના બધા સભ્યોને ન્યાય આપી શકો. પોતાની બધી જુની યાદો, જવાબદારી અને બાળકો સાથે મસ્તી પણ કરી શકે. આ ઉપરાંત એવા પણ લોકો છે જે હજુ એમની સેવાને કારણે ઘરે હાજર નથી રહી શકતા આ લોકડાઉનમાં. જેવા કે, ડોકટર, પોલીસ, નર્સિંગ સ્ટાફ, સફાઇ કર્મચારી અને મીડિયાકર્મીના ભાઇઓ-બહેનો જેમને પોતાની ફરજ પર આ વૈશ્વિક મહામારી દરમ્યાન રહેવું પડે છે તેથી તેમનાં પરિવારના સાથેના સંબંધો પર થોડી ઘણી અસર થતી જોવા મળતી હોય છે. છતાં પણ એ લોકો બધાને અપીલ કરે છે કે અમે અમારી સેવા અને ફરજ માટે ઘરની બહાર આવ્યા છીએ પરંતુ આપ જનસમુદાયને વિનંતી છે ઘરમાં રહો સુરક્ષિત રહો ઘણા બધા સંબંધોમાં આ લોકડાઉન દરમિયાન સકારાત્મક અને નકારાત્મક પાસા પણ જોવા મળ્યા જેનું વર્ણન આગળ છે. એવીજ રીતે ઘણીબધી જગ્યાએ પતિ-પત્નીનાં સંબંધમાં પણ ઝઘડા જોવા મળ્યા છે. લોકડાઉનમાં સૌથી વધુ કંટાળ્યા હોય તો એ છે વૃદ્ધો અને બાળકો. અગાઉ નોકરી-વ્યવસાયને લીધે સતત વ્યસ્ત રહેતા દંપત્તીઓને લોકડાઉન દરમિયાન ઘરના કામની વહેંચણી કરી જેના કારણે તેમના સંબંધમાં નિકટતા આવી.

લોકડાઉનને લીધે સંબંધો ઉપર અસર બંને રીતે થઇ શકે છે. સકારાત્મક રીતે જોઇએ તો...

(૧) પતિ-પત્ની અણધારી આવી પડેલી મહામારીને ધીરજ, સહનશીલતા, સંપ, ત્યાગ, કરકસર, સ્મિત વ. સદગુણોથી પાર કરી શકે. (૨) ઘરમાં ધાર્મિક, આધ્યાત્મિક અને સાહિત્યિક પુસ્તકનું વાંચન કરી શકાય. (૩) બાળકો સાથે રમીને, બાળગીત ગવડાવી, બાળવાર્તા કહીને સંબંધમાં મીઠાશ ઉમેરી શકો. માનસિક સ્થિતિ મજબુત થાય છે. (૪) ચેસ, કેરમ, લૂડો(ચોપાટ), સાપસીડી જેવી ઇન્ડોર ગેમ આનંદ આપી સંબંધ સુદ્રઢ બનાવે છે. (૫) સગાં-સ્નેહી, સંબંધી મિત્રો સાથે ફોનથી કે વીડિયો કોલથી ખબર -અંતર પુછવા આદાન-પ્રદાન કરાય અને હાશકારો મેળવાય છે. (૬) ટીવીમાં રામાયણ, મહાભારત, શકિતમાન, મોગલી, ચાણકય, તારક મહેતાના ઉલ્ટા ચશ્મા વ. સીરીયલ્સ જોઇ પારિવારિક આનંદ લઇ શકાય. (૭) પતિ-પત્નીને દુધ, કરિયાણું, શાકભાજી-ફ્રુટ વ. ચીજવસ્તુ લાવી આપીને મદદરૂપ થઇ શકે.

અહીં પંડિત રત્ન સુંદર વિજયજીનું ચિંતન...કોરોના વાયરસની મહામારીમાં ઉપકારક થતું લાગે છે. તેઓ કહે છે કે,

ઝુંપડામાંથી બંગલો બનાવવો સહેલો છે,
ગામડામાંથી શહેરમાં જવુ સહેલું છે.
દરિદ્રમાંથી શ્રીમંતમાં નંબર લગાવવો સહેલો છે.
પણ સુખમાંથી શાંતિમાં જવું એ સફળતા છે.


લોકડાઉનને લીધે સંબંધો ઉપર અસર બંને રીતે થઇ શકે છે. નકારાત્મક રીતે જોઇએ તો...

(૧) પતિ-પત્નીનો સ્વભાવ શંકાશીલ, ચિડિયો, અહમપ્રિય, વધુ પડતો બોલકો કે રિસામણો હોય તો સંબંધમાં કડવાશ આવે છે. (૨) પૈસાની બચત ન હોય અને પગાર આપ્યો ન હોય તો પણ સંબંધમાં મૌનની ઓટ આવે છે, ક્રોધ વધે છે. (૩) એકબીજાને હિંમત પણ આવી ભયંકર મહામારીમાં પણ સિક્કાની બે બાજુ તો હોય જ ને ?

# નોવેલ કોરોના વાયરસ (COVID-19)

તેજસકુમાર જે. પંચાસરા

વાત જાણે એમ બની કે, ચીનનાં વુહાન વિસ્તારમાં ૨૦૧૯ ના નવેમ્બર - ડિસેમ્બર માસમાં અમુક લોકોને કાઇક અલગ જ બિમારી લાગી. શરદી, તાવ સાથે શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. દર્દીઓને સારવાર આપવામાં આવી, વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યાં પણ કાઇ સફળતા મળતી ન હતી. કારણ કે તે દર્દીઓ એક નવા જ ''નોવેલ કોરોના વાયરસ'' થી સંક્રમિત થઇ ચુક્યા હતાં. ખુબ ટુંકા જ સમયમાં આ વાયરસે દુનિયાનામાં લગભગ દેશોને પોતાનાં ભરડામાં લઇ લીધો અને સમગ્ર તંત્ર ખોરવી નાખ્યું. આ વાયરસનાં ઉદભવને લઇને ઘણાં પ્રશ્નો પણ ઉપસ્થિત થયાં જેમાં એક પ્રચલિત થિયરી એવી સામે આવી કે આ વાયરસ ચામાચિડીયામાંથી માણસનાં શરીરમાં પ્રવેશ્યો. ચીનમાં ચામાચિડીયાનું સુપ પીવાય છે. કદાચ એમાંથી જ આ વાયરસ માણસનાં શરીરમાં પ્રવેશ્યો હોય. તો બીજી બાજુ ચીનમાં ''વેટ માર્કેટ'' ખુબ પ્રચલિત છે. જેમાં અલગ-અલગ પશુ, પક્ષીઓને જીવતાં જ ઘરાકની સામે કાપી તેને આપવામાં આવે છે. આ વાયરસ એવી રીતે પણ આવ્યો હોય ! ખેર એ તો સમય આવ્યે સાચું કારણ જાણવા મળશે.



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (W.H.O.) એ આ વાયરસથી થતી બિમારીને મહામારી તરીકે જાહેર કરી છે. આપણા ભારત દેશમાં આ વાયરસથી સંક્રમિત થયેલ પ્રથમ સત્તાવાર કેસ કેરલ રાજ્યમાં નોંધાયો અને ત્યારબાદ, લગભગ રાજ્યોમાં સમયાંતરે કેસ નોંધાવા લાગ્યાં. આ વાયરસ નવો છે. માટે એની રસી હજુ શોધાયેલ નથી. અલગ-અલગ દેશોમાં આ વાયસર આવતાની સાથે જ અલગ-અલગ પગલાઓ લેવામાં આવેલ છે. આપણા દેશમાં પ્રથમ ૨૧ દિવસ અને ત્યારબાદ ૧૯ દિવસનું લોકડાઉન જાહેર થયેલ. આ વાયરસનું સંક્રમણ ન થાય તે હેતુ માટે આ પગલું લેવામાં આવ્યું. આ વાયરસ હવાથી ફેલાતો ન હોવાનું જાણકારોએ કહ્યુ છે પરંતુ આ વાયરસથી સંક્રમિત થયેલ વ્યક્તિનાં સંપર્કમાં આવવાથી હવાના માધ્યમ સિવાય પણ આનો ચેપ લાગી શકે છે. જેથી લોકો એકબીજાનાં સંપર્કમાં ઓછા આવે અને આ વાયરસનો ચેપ ફેલાય નહી તે જરૂરી હતું.

બીજો અગત્યનો મુદ્દો એ પણ છે કે જેમને આ વાયરસનું સંક્રમણ થઇ ગયું છે તેમને પણ આશરે ૮-૧૦ દિવસ પહેલાં કોઇ લક્ષણો દેખાતા નથી. જેથી તે વ્યક્તિ બીજાનાં સંપર્કમાં આવી અને બીજાને અજાણતાં જ ચેપ લગાડી શકે છે. આ જ્યારે હું લખી રહ્યો છું ત્યારે વિશ્વનાં તમામ દેશોની શું હાલત છે તે પણ જોઇ લઇએ.

વિશ્વમાં આશરે ૨૧,૨૯,૯૨૭ કેસ નોંધાઇ ચુક્યાં છે. જ્યારે અલગ અલગ દેશોની વાત કરીએ તો અમેરિકામાં સૌથી વધુ ૬,૫૪,૩૪૩ કેસો નોંધાઇ ગયાં છે. ત્યરબાદ સ્પેન, ઇટલી, ફ્રાન્સ અને જર્મનીનો નંબર આવે છે. આપણાં ભારત દેશમાં ૧૨,૭૫૯ કેસો નોંધાઇ ગયાં છે. જેમાંથી આશરે ૪૨૩ મૃત્યુ થઇ ચુક્યાં છે. આ આંકડા ઉપરથી નોવેલ કોરોના વાયરસ કેટલો ખતરનાક છે તે સ્પષ્ટ થાય છે. વિશ્વનાં શક્તિશાળી દેશ પણ આ વાયરસની સામે ઘુંટણીયે પડી ગયાં છે. અને વળી તમામ દેશની ઇકોનોમી પણ તળીયે જઇ રહી છે. ચાલો હવે થોડીક વાત લોકડાઉનની કરીએ.

અલગ-અલગ દેશમાં આ વાયરસનાં સંક્રમણને રોકવા અને તેની ચેઇન તોડવા માટે થઇ સમયાંતરે લોકડાઉન જાહેર કરેલ છે. આ લોકડાઉનમાં લોકો એકબીજાનાં સંપર્કમાં ન આવે અને આ વાયરસનાં સંક્રમણની ચેઇન તુટે તે મુખ્ય હેતુ છે. સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોને સરકાર દ્વારા રેડ ઝોન જાહેર કરવામાં આવેલ છે અને તેમાં કર્ફ્યુ જેવા પગલાઓ લેવામાં આવેલ છે. ગુજરાત સૌથી વધારે કેસ અમદાવાદમાં મળેલ છે. જેનાં અમુક વિસ્તારો કોર્ડન કરી બંધ કરી દેવામાં આવેલ છે. અચાનક કેસમાં વધારો થતાં આ વધારો એડવાન્સ સેમ્પલીંગનાં કારણે વધ્યા છે તેવું સરકારે સ્પષ્ટ કરી દીધું છે.

આમ, કોરોના વાયરસનાં સંક્રમણને અટકાવવા અલગ-અલગ પગલાઓ લેવામાં આવેલ છે. આ કામગીરીમાં જોડાયેલા તમામને વંદન કરીએ છીએ. તમામ લોકો, સંસ્થાઓ સૌનો આભાર માનીએ છીએ.

# મહેમાન વિના સૂનુ વેકેશન

અનિલ કે.ખારેચા

આ લોકડાઉન ને લઇ આ વખતે વેકેશનમા પણ ઘરની નિરવ શાંતિ અકળાવેછે ન કોઈ આવે ,ન કયાંય જવાનુ,ટીવી,મોબાઇલ ને ભોજન આટલુજ કામ ને જેવો જમવાનો સાદ પડે એટલે જમનાર દોડે તે પહેલાતો મોબાઇલ કહે હાંશ હવે છુટીશ નાગપાસ માથી ! પણ લોકો કરેપણશુ ? કોરોનાનો કેર ન હોત તો અત્યારે મહેમાનગતિ ની મોસમ પુર બહારમા ખીલીહોત.પિયર નહી જઇ શકનાર પત્નીઓ આજે પહેલી વખત સાસુના બદલે કોરોનાને મનમાજ સંભળાવતી હશે, હવેતો જાણે બધુ મોટા સ્કેલ પર રાષ્ટ્રીય લેવલેજ થાયછે લોકડાઉન સમગ્ર દેશમા થયુ તેમ મહેમાન ગતિમા પણ રાષ્ટ્રીય મહેમાન તરીખે છેલ્લે ટ્રંપ સાહેબ આવ્યા તે આવ્યા પણ તે આમંત્રણથી આવેલા પણ આ વાયરસ તો નક્ટો બની બિનબુલાયે બાંગ્લાદેશી રોહીંગ્યા ની માફક આવ્યો ને જવાનુ નામજ નથી લેતો.જોકે ઘણા મહેમાનો આવે તે ઘણાને ગમે ઘણાને ન પણ ગમે જેમ મોદીજી તથા ટ્રમ્પ ની મુલાકાત પાકિસ્તાન તથા ભારતીય વિપક્ષને ક્યાં ગમેલી ? ટ્રમ્પ ના વિમાને અહિથી વિદાય લિધી તેની ટીવી પર ખરાઇ ક્યૉં પછી વિપક્ષે નિરાંતનો શ્વાસ લીધો ! મિડીયાને વિપક્ષની કોમેન્ટ મા ને સામાન્ય નાગરિકોને ટ્રમ્પ કરતાતો મિલેનિયા ભાભી મા વધુ રસ દેખાયો તેવુ અમારી ઈડીયટ ગેંગનુ તારણછે .બાકી એક પાર્ટીએતો આ મહેમાનગતિનોજ વિરોધ કરેલ,પણ જે વ્યકિત બચપનમા ઇટાલી મામાને ત્યાં પણ વેકેશનમા કયારેય ન ગયો હોય તે મહેમાનગતિ ન સમજે પણ આપણે કાઠીયાવાડ માતો મહેમાનગતિ પર દુહા પણ લખાયાછે.




આતો લોકડાઉન છે એટલે બાકી મહેમાનોની બાબતે હુ ખુબજ નશીબદાર રહ્યોછુ ! ખરેખર ભગવાને મને મહેમાનોમાતો ખોટ આવવાજ નથી દિધી! મેહ ને મહેમાન ગમે ત્યારે આવે પણ મેહનીતો હવે આગાહીપણ થાયછે કે ફલાણી તારીખે ખાબકશે,આ તો ગમેત્યારે આવે કયારે એકાદ વ્યક્તિ છાંટા જેવી તો કયારેક સહકુટૂંબ અંધરાધાર ની જેમ અચાનક વરસીપડતા મહેમાનો કે કયારે આકરા 'કરા' રૂપે પડેલ મહેમાનો મને હંમેશા ગમ્યાજ છે.મારા મિત્ર ગીધાનુ માનવુછે કે હવેતો મહેમાનગતિ મા પણ હવે અલગ અલગ કેટેગરી લાગુ પડેછે,પત્ની નો ભાઇ હોયતો થ્રીસ્ટારમા જમવાનું ,ને જી સીરીઝમા હોયતો ઘરેજ જમવાનું, વડીલોને દેશીજ ફાવે કહી સાદુ પિરસવાનુ!,વેવાઈ વખતે વટ પડેતેવુ જોઈએ.મે કહ્યુ એવુ ન હોય ગીધા મહેમાન બધાજ સરખા મને કહે બાંગ્લાદેશ ના વડાપ્રધાન આવેછે ત્યારે મોદી ટ્રંપ જેવુ સ્વાગત ગોઠવે ? મે કહ્યુ તારે લોકડાઉન મા આવાજ વાંક શોધવાછે ? મને કહે સવિતા રોકાવા નથી ગઇ તેથી મન ચકરાવે ચડ્યુછે બાકી વેકેશનમા પિયર જતા પત્ની ખુશ થાય તેના કરતા વધુ ખુશતો પતિઓ થતા હોયછે પણ દેખાડાય થોડુ ? બાકી ખાલી મોદી સાહેબે બહેનોને પિયર જવાની છુટ આપી હોત તો તેના આશિવૉંદથી કોરોના વહેલો જતો રહેત !

પહેલા કહેવાતુ કે કાગડો બોલે એટલે મહેમાન આવે,હવેતો બહાર ''મોર બોલે'' એટલે મહેમાન નો આવે ! હવેતો ભિખારી પણ માંગવા નથી આવતા જોકે ફોન પર પાન,માવા કે એક બીડી માટે આજીજી કરનારે તેની ખોટ ભરી દીધી એવુ નથી લાગતુ ! જોકે આખુ વર્ષ મહેમાનો આવતા જતા હોયછે પણ વેકેશન તો તેની મૌસમ ગણાય,નાના ઘરમા સુવાની વ્યવસ્થા ની ગુપ્ત મીટીંગો થાય, શેરીઑમા અપરિચિત લોકો જોવા મળે, બપોરે પણ બાળકોનો શોરબકોર મિઠો લાગે, લોકો નિસ્વાર્થ ભાવે કહેતા કે નસીબદાર ને ત્યાં જ મહેમાન આવે તે હિસાબે આપણે સૌ લોકડાઉનમા કમનશીબ તો થઇજ ગયા ! સાલુ હવેતો કોઈ શાક વારો આવે તોય મહેમાન આવ્યાહોય તેમ હરખાઇ લોકો શેરીમા જોવેછે! મને લાગેછે કે હવે લોકડાઉન બાદ કોઈ સગાને ત્યા પણ જવામાટે નેવિગેશન ની મદદ લેવી પડશે બધુજ ભુલાઇ ગયુછે પાન,માવા,વ્યસ્ન સાથે કેટલાય પતિઓ ઘરમા રહી હસવાનુ પણ ભુલી ગયાછે ! હવેતો જ્યારે મોદીજી પહેલી વિદેશ યાત્રાએ જાય, કોઇ દેશના મહેમાન થાય ત્યારેજ સમજવુ કે હવે લોકડાઉન ખતમ થશે ! કારણ કે કોરોના ના દર્દીઑ કરતા ભારતમા ''મોર બોલવાથી'' જાજા ખાટલામા છે! હમણા અમેરીકાથી મારા એક ગુજરાતી મિત્રે પુછ્યુ એલા આ મોર વાળુ શું છે સમજાવને ? પેલાતો ન્હોતુ ? મે કહ્યુ તે નવી મસાજ થેરાપી છે જે ભારત સરકાર ના સહયોગથી પોલીસ વિના મુલ્યે બહાર ફરતા લોકોને વેક્સીન ની જેમ આપેછે,આમા ફકૅ એટલો કે ઇન્જેક્સનની જગ્યાએ ડંડા યુઝ થાયછે ! મિત્રો હવે ઘરમાજ મહેમાન થઇ વેકેશન માણજો નહીતર..મોર બોલશે તો કોઇ ખબર કાઢવા પણ નહી આવે !

# કોરોના કેર વખતની મારી દિનચર્યા

પ્રફુલ્લ ઘોરેચા


એલાર્મ સાથે તો આ દિવસોમા કંઈ નિસબત નથી બસ સવારે જ્યારે આંખ ખૂલે ત્યારે ઉઠવાનું, જોકે લોકડાઉન ના શરૂઆતના દિવસોમાં બે-ત્રણ વખત ૮:30 કલાકે ઉઠ્યો પરંતુ હવે નિયમિત સાડા છથી સાત વચ્ચે ઉઠાઇ જવાય છે. ફ્રેશ થઈ છાપુ આવી ગયું હોય તેમાં નજર કરી લેવાની, પછી ચાલીસ મિનિટ ઘરના ફળિયામાં ચાલવાનું એટલે ચાલવાનું. આમ પણ આખો દિવસ ઘરમાં બેઠાડુ જીવન જ ગાળવાનું છે ને ! આઠેક વાગે મીના પણ ફ્રેશ થઈને રસોડે પહોંચી ગઇ હોય ચા બનાવવા માટે, એટલે ઘોડે ચડવા માટે જેમ પલાણ નાખવું પડે તેમ મારે દૂધ લેવા માટે માસ્ક ચડાવવું પડે. આમ તો દૂધની દુકાન સોસાયટીના નાકે એટલે કે ઘરથી ત્રણ-ચાર મિનિટના રસ્તે જ આવેલી છે પરંતુ ઘરની બહાર જવાનું એટલે પલાણ યાને કે માસ્ક વગર તો નહીં જ નીકળવાનું.

ત્યાં ચા-નાસ્તો તૈયાર હોય તેને ન્યાય આપી લગભગ સાડા આઠ વાગે આપણા એટલે કે મારા રૂમમાં ગોઠવાઈ જવાનું. પહેલા અડધો-પોણો કલાક પરંતુ ધીમે-ધીમે દોઢેક કલાક સુધી જે લંબાવ્યો તે મારો નિજાનંદનો સમય. આ નિજાનંદ એટલે મસ્તીથી ગીતો ગાવાના અને એમાંથી સાંજના રેકોર્ડિંગ માટે થોડા ગીતો તૈયાર કરવાના. મારું ગમતું મે નક્કી કરેલું ઓરીજીનલ ગીત વગાડતા તેની સાથે ગાવાનુ. કંઈ ભૂલ થાય તો ગીત રીપીટ કરવાનું, પછી એજ ગીતના ટ્રેક્ પર એ ગીત ફરી લલકારવાનુ. મિસ્ટેક લાગે તો ફરી ! અહીં વક્ત હી વક્ત હૈ, વકતની ક્યાં તાણ છે હેં ?

અહી આવડે એવા ગીતો ગાવાના અને નિજાનંદ લુંટવાનો. સાચુ અને સારુ ગાવુ જરૂરી નથી, પણ ગાવુ એ જ જરૂરી છે.

લગભગ દસેક વાગ્યે બાથરૂમ નો મારગ પકડવાનો બેડરૂમની સાવ અડોઅડ જ છે તેથી તાત્કાલીક પહોંચી જવાય છે, વાંધો નથી આવતો !

સાડા દસે રોજિંદા કપડા પહેરવાના, ભલે ઘેર જ હોય પણ ફેક્ટરીએ જવા માટે તૈયાર થતો તે જ રીતે તૈયાર થવાનું. ફળિયામાં આવેલ હિંડોળે ઝૂલવાનું, છાપુ વાંચવાનુ, મોબાઈલ મચેડવાનો, વોટસ એપ માટે અડધો કલાક ફાળવવાનો અને પછી અડધો કલાક સ્ટાર મેકર્સ માટે. ગઈકાલે સાંજે જે ગીતો રેકોર્ડ કર્યા હોય તેને



સાભળવાના, ત્યારે ખબર પડે કે સાંજે તો કેવું સરસ ગાતો હતો આ એ જ ગીત છે ? કે પછી આ સ્ટાર મેકર્સ વાળાએ રાતોરાત ગીત બદલી નાખ્યું છે ! કંઇક ઘાલમેલ કરી લાગે છે, નહિતર આટલું બધું ખરાબ રીતે તો મેં નથી જ ગાયુ. ફરી ધ્યાનથી સાંભળીએ ત્યારે થાય કે આ તો આપણી આરસી જ છે, આપણે હોય એવા જ બતાવવાની એની ફરજ છે, હવે જે રાત્રે આઠેક ગીતો ઝાપટયા છે ( દરરોજ લગભગ એવરેજ આઠ ગીતોનો ઘાણો ઉતરતો ) તેમાં ક્યાં ગીતો મિત્રો કે સગાવ્હાલા ને શેર કરી શકાય તેમ છે ચેક કરીએ તો તેમાંથી માંડ એકાદ રડ્યુખડ્યુ ગીત મળે. પણ સાવ એકાદ ગીત થી કેમ ચાલે, તેમાં આપણી આબરૂ શું ? તેથી એકાદ વધારે ગીત ઠબકારી દેવાનું. મિત્રો છે તો તેમને ભાગે થોડું તો સહન કરવાનું તો આવેજ ને ! જો સારુ ગીત હશે તો તેમને મજા આવશે, જો નબળુ ગીત હશે, સોરી ગીત નબળું નહિ પણ નબળુ ગાયુ હશે તો પણ તેમને મજા આવશે કે સાલું આટલું બધુ નબળું પણ કોણ કોઈ ગાઈ શકે છે !!!

એ સિવાય સ્ટાર મેકર્સ પર આવેલી કોમેન્ટ પણ જોવાની મજા છે. લગભગ ગીતની ત્રણ ચાર કોમેન્ટ તો મળી જ હોય. હાં કોઈ વાર કોઈ ગીત માટે એક પણ કોમેન્ટ નથી હોતી, એમને પણ થતુ જ હશે ને કે આવા ગીત માટે અમારે અમારી અમૂલ્ય કોમેન્ટ વેડફી નાખવાની ? જેવા ગીતના નસીબ ! હવે આવેલી કોમેન્ટમાં મોટે ભાગે તો વખાણ જ હોય, ત્યારે આપણને વિચાર આવે કે આપણે એવરેજથી પણ નીચુ ગાઈએ છીએ અને આ કોમેન્ટ મોકલવા વાળા બધા જ અજાણ્યા હોય છે અને પૂરા વિશ્વના ખૂણે ખૂણા ના રહેવાસી હોય, હાં હોય બધા ભારતીય અને જૂના હિન્દી ગીતોના શોખીન, તો તેમણે આવા મસ્કા મારવાની શું જરૂર ? અરે આવી પણ કોમેન્ટ આવતી હોય છે કે તમે તો ઓરીજીનલ કરતા પણ સારુ ગાયુ છે, ત્યારે એમ થાય કે મસ્કાબાજીની પણ કંઇક લિમિટ તો હોવી જોઈએ ને ! કદાચ સ્ટાર મેકર્સ નો આવો કોઈ રિવાજ હશે ? ખબર નહિ કદાચ તેમને પણ આ લોકડાઉનના સમય પસાર કરવાના પ્રોબ્લેમ હશે કે પછી આવા કપરા કાળમાં તેમનુ છટકી ગયુ હશે અને પછી આપણું છટકાવવા માગતા હશે ! કોઈ નબળા મનનો તો હવામાં જ ઉડવા લાગતો હશે ને ? વાહ આપણી કોઈએ કદર કરી ખરી. જે હોય તે પણ આપણા હૈયે તો એટલી બધી ઠંડક પહોંચે કે આપણને એ કોમેન્ટ લાખની લાગે.

મને તો અત્યારે આ કપરા કાળમાં આ સ્ટાર મેકર્સ સોના જેવુ લાગે છે, કેમ કે આપણને ગમતા ગમે તે ગીતોના ટ્રેક મળી જાય અને તમારે જો ગીતો ગાવા માટે કોઈની સાથે જોઇન્ટ થવુ હોય, તો એ પણ વિકલ્પ તૈયાર. જો ગીત બહુ જાણીતુ હોય તો પુષ્કળ સહગાયક વાળા અને અજાણ્યા રેર ગીતો માટે પણ ત્રણ ચાર તો મળે જ. યુગલ ગીતો તો સમજ્યા પણ સોલો એટલે કે એકલ ગીત માટે પણ કોઈક સાથે જોડાઈ શકો જેમાં એક બે અંતરા તમારે તો એટલા જ તમારા પાર્ટનર એ ગાવાના. ગીત ગાયા પછી આપણને સાંભળવા મળે કે ભઈ તમે શું ઉકાળ્યું છે ! આપણા પાર્ટનર સાથે કંપેર કરવાની પણ મજા. દૂધનું દૂધ અને પાણીનું પાણી ચોકખુ દેખાઈ આવે. હાં મે એક એ પણ જોયું કે જે મેલ કે ફીમેલ સિંગરોએ આપણા માટે આવા અધૂરા ગીતો ગાઈને રાખી દીધા હોય તે લોકો પ્રોફેશનલ સિંગર જેટલા જ મધુર હોય ગાવામાં અને તેમની સાથે ગાવામાં આપણું દિલ બાગ બાગ થઈ જાય. કદાચ ૧૦ ટકા જેટલા જ નબળા ગાયકો હશે. ઉપરાંત કોઈક ગીત એવુ પણ હોય કે જેમાં વારંવાર ઓવરલેપ થતો હોય એટલે કે એક ગાયક પુરુ કરે તે પહેલા જ બીજા ગાયક ઉપાડી લેવાનું હોય અથવા તો એક સિંગરનું ગીત ચાલુ હોય એ દરમ્યાન જ બીજા સિંગરે આલાપ લેવાનો હોય તેવા ગીતોની તો મજા જ કંઈ ઓર છે.

એ પછી હાથમાં પેન લઈ મુખ્ય સમાચારોમાંથી નવરા થઈ ભાસ્કરમાં આવેલુ સુડોકુ ભરવા બેસી જવાનું. ગમે તેટલુ અઘરુ હોય પણ પુરુ કરવાનુ જ. આમ પણ બીજુ શું કામ છે !

એ દરમ્યાન જો ઘરની સાફસૂફી યાને કી પોતા વગરના કચરા થઈ ગયા હોય તો પોતા મારવા જેવા ક્ષુલ્લક કામ કરી ઘરની સ્ત્રી વર્ગને મદદગાર થવાનુ. પોતા માટે ખાસ લોકડાઉન પહેલા જ તેનુ મશીન વસાવી લીધું, જે બહુ ઉપયોગી થાય છે. એ સિવાય રસોઈમાં મદદ કરવાની ઘણી ઈચ્છા પરંતુ આવડતુ કશુ ન હોવાથી લાચાર !!! હાં ક્યારેક મોકો મળે તો ચા બનાવી આપુ. એક વાર સાબુદાણા બટેટાની સેવ પાડવા અને તડકે સૂકવવામાં મારો પણ હાથ હતો એ હું ગર્વથી કહી શકુ તેમ છું.

હવે તો ટાબરિયાઓ ને ઓન લાઇન સ્કુલ લેસન ચાલુ થઈ ગયુ છે પણ એ પહેલાં તેઓ પોતા કરતા અને બીજા કોઈ ઘરકામમાં મદદ કરતા તે જોવાનો આનંદ જ કંઈ ઓર હતો. તેમને પ્રોત્સાહિત કરીએ અને એ આનંદ લૂટીએ.

એ પછી લગભગ દોઢેક વાગ્યે જમવાનુ. લોકડાઉનના ટાઈમમાં ટાઈમ ટેબલ લગભગ એકાદ કલાક મોડુ થઈ ગયુ છે. જમીને દોઢેક કલાકનો આરામ. અલબત્ત મારા માટે જ. લગભગ સાડા ચારે ઉઠી ફ્રેશ થઈ થોડો મોબાઈલ મચકોડીએ, હળવા મેસેજ હોય તેને ફોરવર્ડ કરી લોકોને હળવા કરીએ. કોરોના ના સમાચારથી થોડા ડરીએ પણ પછી એને ભગાડવાનો સંકલ્પ કરીને પ્રયત્નો શરુ કરી દઈએ, અલબત્ત ઘરકેદ જ રહી ને જ.

પંદરેક મિનિટ મોબાઈલ ગેમ બાદમાં મિત્રો સગા સંબંધીને ફોન કરી ખબર અંતર પૂછીએ અને એ રીતે જાણ કરીએ કે ટાઇગર અભી ઝિંદા હૈ કોરોના મે ઉકલ નહિ ગયા હૈ. હાં કોરોના કો ઉકેલવાના હૈ. મારુ હિંદી તો સમજાય છે ને ? તો ઠીક !

ફરી સાંજે છ કલાકે આપણા રૂમમાં બે કલાક માટે પેક. સ્ટાર મેકર્સ ખોલીએ, ગીતો લલકારીએ, રેકોર્ડ કરીએ, સાંભળીએ. લગભગ એવરેજ આઠેક ગીતોનો ઘાણો ઉતારીએ. અલબત્ત આ બધી પ્રક્રિયા દરમ્યાન રૂમ બંધ રાખીએ. ઘરના બીજાનુ પણ હિત જોવુ જોઈએ ને ? એમને એમ ન થવુ જોઈએ કે એક તો આ કોરોના નો ત્રાસ અને ઉપરથી આ .....!

આઠેક વાગ્યે જાણે સિકંદર પોરસ સાથે જંગ જીતીને આવ્યો હોય એમ રૂમની બહાર નીકળીએ ત્યારે રિવાનની કી - બોર્ડ પર પ્રેક્ટિસ ચાલુ હોય.

આ રિવાન, મારો પૌત્ર, આ લોકડાઉન દરમ્યાન દરરોજ સાંજે એક ગીત તૈયાર કરે છે, અલબત્ત મારા પુત્ર દેવલ ની મદદથી. પૂરેપૂરો સંતોષ થાય ત્યારે તે ગીતનું રેકોર્ડિંગ કરે અને યુ ટ્યુબ માં અપલોડ કરે. જ્યારથી લોક ડાઉન શરુ થયુ છે ત્યારથી રોજનુ એક ગીત તૈયાર કરે છે. કોઈ વાર મારો નાનો પૌત્ર રોહન રિવાનને તબલા અથવા કેહોન ( સ્ટૂલ જેવુ, જેની પર બેસીને બોંગો કોંગો જેવા ઠેકા આપી શકાય) સાથે સંગત કરે, પણ એ ભાઈસાબ ના મૂડ પર છે ! અને એ બધા ગીતો હું અને દેવલ પોતાના સંગીત રસિક ફ્રેન્ડ સર્કલ માં વોટસ એપ થી મોકલી આપીએ અને વાહ વાહ મેળવીએ. અને તમે બધા પણ યુ ટ્યુબ માં 'Rivan Ghorecha Piano Beats' નામથી સર્ચ કરી જોઈ શકો છો.

એ પછી રાત્રે નવ કલાકે વાળુ યાને કી ડીનર. ૧૦ થી ૧૧ ટોળ ટપ્પા, ટી વી, ન્યુઝ વિ. વિ. અને અગિયાર પછી પથારી ભેગા. સારુ છે કે રાત્રે નીંદર આવી જાય છે ને સવાર પણ પડે છે. તો ગુડ નાઆ આ આ ..... (નસકોરા નો અવાજ ) !



કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું મેગેઝીન

વિશ્વકર્મા વિશ્વ

**ઉઠાવો કલમ...**

**વિશ્વકર્મા વિશ્વ કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું મેગેઝીન છે, આ એકમાત્ર મલ્ટીમીડિયા મેગેઝીન માટે આપ વાર્તા, કાવ્ય, ચિંતનાત્મક લેખક કે અન્ય કૃતિ (મૌલિક) મોકલી શકો છો. પસંદગીની કૃતિ વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થશે. આપની કૃતિ પ્રિન્ટ મીડિયા, વોટસએપ કે અન્ય સોશ્યલ મીડિયા પર પ્રકાશિત ન થયેલી હોવી જોઇએ.**

**સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

E-mail : vishwakarmavishwa@yahoo.com

# યાદોનાં પડછાયા




દીદી, આજે રાત્રે પાછા ફરતાં મને મોડું થશેતમે મને વારંવાર ફોન કરી ડિસ્ટર્બ ન કરશો. સુરભીએ ફરી એકવાર અરિસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળી, પછી ત્રાંસી નજરે બહેન તરફ જોયું.

આ તું શું કહે છે, મને તારી ચિંતા થાય છે એટલે ફોન કરું છું, તને હેરાન કરવા નહીંઆમ પણ મોડે સુધી તું બહાર રહે તે મને ગમતું નથી. ક્યાંક કાંઈ આડું અવળું થઈ ગયું તો શી આબરુ રહેશે આપણી માધવી ના ચહેરા પર ચિંતા નાં વાદળ છવાઈ ગયાં.

તમને એવું કેમ લાગે છે કે બધી જ સારપ માત્ર તમારા માં જ છે,અને દરેક ખોટું કામ હું જ કરીશ સુરભીના મગજનો પારો સાતમા આસમાને પહોંચી ગયો!

મારી વાતનો તું ખોટો અર્થ તારવે છે, માં બાપના ગયા પછી તારી જવાબદારી મારા પર આવી છે.આમ પણ તારી ઊંમર માં લપસી પડવાની વધુ બીક રહે છે માધવીએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો.



તંગ આવી ગઈ છું , રોજ આ વાત સાંભળીને.તમે કોઈ અહેસાન નથી કરતાં.તમને તો બુઢ્ઢા દેખાવાનો શોખ છે,પણ મને તો મારી લાઈફ એન્જોય કરવા દો.મારા જીવન માં માથું મારવાનું બંધ કરો સુરભીએ જોરથી દરવાજો બંધ કર્યો, અને બહાર નીકળી ગઈ.

બે વર્ષ પહેલાં એક માર્ગ અકસ્માતમાં તેના મમ્મી-પપ્પા મૃત્યુ પામ્યા હતા,એ સમયે તે નવી નવી નોકરી માં જોડાઈ હતી. સુરભી કોલેજ ના ફર્સ્ટ યર માં હતીતે બાળકી નહોતી છત્તાં પણ માધવીએ તેની માતા બની છાતીએ વળગાડી હતી.એ પછી તેણે પોતાના વિશે વિચારવાનું છોડી દીધું હતું! લગ્ન કરવાનો વિચાર સુદ્ધા મનમાં થી હાંકી કાઢ્યો હતો.સવાર સાંજ તે માત્ર સુરભીના ભણતર અને ભવિષ્ય વિશે વિચારતી રહેતી.મમ્મી પપ્પા તેને ડોક્ટર બનાવવા ઈચ્છતા હતાંબસ તેમની આખરી ઈચ્છા પૂરી કરવા માટે સ્વયં ના સપનાંઓને રોળી નાખ્યા હતાં!

જ્યાં તેના સગપણની વાત ચાલતી હતી, એ લોકોને પણ ના કહી દીધી હતી મનિષે તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા બતાવી, વચન આપેલું કે, સુરભીની જવાબદારી પણ તે ઉપાડી લેશે.પરંતુ માધવી ઈચ્છતી હતી કે સુરભીને એવું ન લાગે કે તે કોઇનાં પર બોજ છે! એટલે તેણે પોતાના સપનાંઓને મનનાં એક ખૂણામાં કાયમ માટે ધરબી દીધાં!

તે વિચારતી હતી કે સુરભી તેની વાતો સમજે છે, અને પરિપક્વ થતાં થતાં તે મુજબ વર્તશેપરંતુ બન્યુ એનાથી તદ્દન ઊલટું, ચંચળ તો તે નાની હતી ત્યારથી જ હતી.પણ હવે કદાચ તેને પાંખો ફૂટી હતી!! પહેલાં પણ એ દીદીને બેવકૂફ કહી ચિડાવતી હતી.હવેતો એ વાત વાતમાં દીદીનું અપમાન કરતી હતીજ્યારે જૂઓ ત્યારે તેનાં પુરુષ મિત્રો ની મંડળી વચ્ચે ઘેરાયેલી રહેતી!

તે ટોકતી, ત્યારે કહેતી, હું કોઈ બાળકી નથી, દીદી.. કે તમે મારી પાછળ પાછળ ફરો છો. તમે કમાઓ છો એ વાત સાચી, પરંતુ એ જાણી લો, કે પપ્પા ની પ્રોપર્ટી માં મારો પણ ભાગ છે. થોડાં દિવસ પછી હું પણ કમાવા લાગીશ.બહેન છો એટલું પૂરતું છેમારી માં બનવાની કોશિશ ન કરશો !!

સુરભીના વર્તન થી માધવી મનથી ભાંગી પડી હતી.હા,, પપ્પા ની પ્રોપર્ટી હતી ,પણ એટલી નહોતી કે બે હાથ થી ખર્ચી શકાય !..તે પોતાની આવક પર જ ઘર ચલાવવા નો પ્રયત્ન કરતી હતી.તે વિચારતી હતી કે બેંક માં પડેલી રકમ

એમ કાંઈ વેડફી ન નખાય.આ તરફ સુરભીની માંગ વધતી જતી હતીક્યારેક નવા વસ્ત્રો ખરિદવા છે, તો ક્યારેક તો સિનેમા જોવા જવું છેતો ક્યારેક મિત્રો સાથે ડિનર લેવા જવું છે. માધવીના સમજાવવાની કોઈ અસર થતી નહોતી, ઉલટું તેના પર શબ્દો નાં ઝેરી બાણ ચલાવતી ત્યારે તેને એ વાતનો ડર રહેતો કે કોણ જાણે આ છોકરી કેવાય ગુલ ખિલાવશે.

માધવીને એ સમજાતું નહોતુ કે એ શું કરેસગા સંબંધી પાસેથી સલાહ લેવી એટલે પોતાની મશ્કરી કરાવવીમિત્રના નામે એક માત્ર મનિષ હતોતે તેની મદદ કરવા હંમેશા તત્પર રહેતો. હકીકતમાં તેની મિત્રતા એ કારણે હતી કે તેની નિષ્ઠા સાચી હતીપરંતુ માધવીએ તો પોતાની જાતને એક કોચલામાં બંધ કરી દીધી હતી!

ફાઈનલ પરીક્ષામાં પણ સુરભીએ કોઈ ગંભીરતા દેખાડી ન હતી. પરિણામે તેને ત્રણ વિષયમાં એટીકેટી મળી હતી! પરિણામ જોઈ, માનવીની બધી આશાઓ પર પાણી ફરી વળ્યા.આ છોકરી ડોક્ટર કેવી રીતે બનશે

તમે વિચાર્યું પણ શી રીતે કે હું ડોક્ટર બનીશમમ્મી-પપ્પા ની ઈચ્છા તેમની સાથે ચાલી ગઈ.હું ન તો ત્યારે ડોક્ટર બનવા ઈચ્છતી હતી ન અત્યારે. પૂસ્તકો સાથે માથાફોડ કરવી મને નથી ગમતી.મારે તો મોડલ બનવું છે! જેથી ગ્લેમર જગતમાં સિક્કો જમાવી શકું .શું શાનદાર એ લોકો ની લાઈફ હોય છે! પૈસા, કિર્તી,અને દુનિયામાં પ્રવાસ કરવાનો લ્હાવો મળે! દીદી, તમે મારા હાલ પર મને છોડી દો , એવી. આશા રાખું છું.

**જો હું આ રીતે લગ્ન કરવા બેસું તો..ન જાણે કેટલીય પત્નીઓ થઈ જશે ! હવે મારા માટે એ ચેપ્ટર ક્લોઝડ છે. સુરભી ને ફરી સંબંધ રાખવો હશે તો મનેય વાંધો નથી નિતીને ફોનના સામે છેડે થી જવાબ આપ્યો.**

કામ કોઈ પણ હોય ,ખરાબ નથી હોતું, સુરભીમાત્ર વિચારો અને માનસિકતા બરોબર હોવી જોઈએ.મહેનત કરી આગળ વધીશ તો સફળતા ચોક્કસ મળશે. શોર્ટકટથી લક્ષ વહેલું મળશે, પણ એ રસ્તો યોગ્ય નથી.

ઓહ, નોફરી એજ જૂનવાણી લેક્ચરબાજી, ખેરહું એક અઠવાડિયા માટે મારા મિત્રો સાથે મસૂરી ફરવા જઈ રહી છું, મારે દશ હજાર રૂપિયા જોઈએ છે તો મને આપો.ચિંતા ન કરશો,મોડેલ બની કમાઈ ને તમારા બધાં પૈસા ચૂકવી દઈશ .

માધુરીનુ મન ઘવાઈ ને તડપી ઊઠ્યું. આટલું અંતર, આટલી કડવાશ સુરભી ના મનમાં ક્યાંથી આવીએ આટલી સ્વાર્થી કેમ બની ગઈ છે.. મા-બાપ ની લાડકી હોવાથી નાની હતી ત્યારથી જ એ જિદ્દી બની ગઈ હતી છત્તાં આટલી હદે તિરસ્કાર ની ભાવના એનામાં નહોતી.. ક્યાંક ને ક્યાંક એના મનમાં એક ઈર્ષા ઘર કરી ગઈ હતી, કે દીદી ની જીંદગીની સાદગી અને શાલિનતા ની સૌ પ્રશંસા કરે છે સૌ કહેતા.. તારી દીદી પાસેથી કાંઈક શીખ.. એટલે જ તે દીદીનું અપમાન કરવાનો એક પણ મોકો છોડતી નહોતી. માધવીને હલકી ચિતરવા ના પ્રયાસ માં એ સમજી સકતી નહોતી કે, તે પોતાની જાતને એક અંધારીયા કૂવામાં ધકેલી રહી હતી!

મસૂરી માં સુરભી નાં દિવસો એક સુંદર સપનાની જેમ વીતી રહ્યા હતાં.હકિકતમાં તે તેનાં બોય ફ્રેન્ડ નિતિન સાથે આવી હતીહોટલનાં બંધ રૂમમાં સુરભી તમામ મર્યાદા નો ભંગ કરી નિતીન નાં પડખામાં ભરાઈ ને આનંદ ની પળો માણી રહી હતી. આ નિતીને જ તેને મોડલ બનાવી દેવાનું વચન આપ્યું હતુંજ્યારે સાથે લાવેલા પૈસા ખતમ થઈ ગયા, ત્યારે નિતીને પાછા ફરવાની જીદ કરીતે એવી નીચ મનોવૃત્તિ નો હતો કે, જે સુરભી જેવી મૂર્ખ છોકરીઓને પોતાની મોહજાળમાં, માયાજાળ માં ફસાવી..પોતે એશોઆરામ કરતાં હોય છે! મસૂરી થી પાછા ફર્યા બાદ જાણે સુરભી ને સ્વર્ગ મળી ગયું હતું!

નિતીન સાથે માણેલી પળોને યાદ કર્યા કરતીજોકે હવે પાછા ફર્યા બાદ નિતીન તેને મળવાનું ટાળતો હતો! સુરભી..તે વ્યસ્ત હશે, એમ માની પોતાના સપનાંઓમાં ખોવાયેલી રહેતીઅચાનક એક દિવસ તેને ઊલટી કરતાં જોઈઅને જ્યારે માધવી તેને ડોક્ટર પાસે લઈ ગઈ, ત્યારે જાણ થઈ કે સુરભી પ્રેગનન્ટ છે !! માધવીને વિશ્વાસ બેસતો નહોતો કે સુરભી મૂર્ખતા કરીને આટલી હદ સુધી જઈ શકે છે.તેને એમ લાગતું હતુંજાણે તેની સમગ્ર દુનિયા જ થંભી ગઈ હતી!

સપના, તું આવું કરીજ કેમ શકેખાનદાન ની આબરૂ અને મેં મૂકેલાં વિશ્વાસ ને તોડતા પહેલાં, તને એકવાર પણ મારી તારા પ્રત્યે ની લાગણી નો જરા સરખો પણ વિચાર ન આવ્યો કે મને કેટલુ દુઃખ થશેમસૂરી તું આટલા માટે જ ગઈ હતી કે.

કેમ દીદી, તમને ખરાબ લાગે છે, કે તમે એ સુખ થી વંચિત છો જે મેં ભોગવ્યું છે..!

સટ્ટ્ટાક.એક જોરદાર તમાચો માધવીએ સુરભી ના ગાલ પર ચોડી દીધોસુરભી ની અસભ્યતા હવે તેના માટે અસહ્ય બની ગઈ હતી.તેથી એણે મિજાજ ગુમાવી દીધો હતો.પોતાની ભૂલો માનવાને બદલે એ દીદી પર આક્ષેપ લગાવી રહી હતીપોતાની નાની બહેન નું જીવન ઉત્કૃષ્ટ બનાવવા તેના

સુખ માટે પોતાની જીંદગી ને નિરસ, અને રંગ હિન બનાવવા નો આવો ક્રૂર બદલો તેને મળ્યો હતો.. પરંતુ અત્યારે તે રડીને કે દુઃખી થઈ ને સમય વેડફી દેવા ઈચ્છતી ન હતી.

કોણ છે એ..નંબર આપ એનોતુરંત તારે એની સાથે લગ્ન કરવા પડશે..

કમ ઓન દીદી..એ લગ્ન બગ્ન મારા માટે નથી.. એબોર્શન કરાવી લઈશ! મામલો થાળે પડી જશે! સાહજિકતાથી જ સુરભીએ જવાબ આપ્યોપરંતુ માધવી માટે સહજ રહેવું શક્ય નહોતું. સુરભી ની પર્સ માંથી મોબાઈલ કાઢ્યો અને સર્ચ મારી નિતીન નો નંબર શોધી કાઢ્યો.

જો હું આ રીતે લગ્ન કરવા બેસું તો..ન જાણે કેટલીય પત્નીઓ થઈ જશે ! હવે મારા માટે એ ચેપ્ટર ક્લોઝડ છે. સુરભી ને ફરી સંબંધ રાખવો હશે તો મનેય વાંધો નથી નિતીને ફોનના સામે છેડે થી જવાબ આપ્યો. નફટાઈની પણ હદ હોય છે , નિતીન..મારી બહેન ની જિંદગી તું આ રીતે બરબાદ ન કરી શકે.

મેં એની જિંદગી બરબાદ નથી કરી, એ જ મારે ગળે પડી હતી..એ મોડલ બનવા ના કોઈ ભ્રમ માં છે..કે ચાલાક છે..એ જે હોય તેમારી પાસે તેણે ગાળેલી રાત્રી ની તસ્વીરો છે એટલું કહી ને એક કુટિલ હાસ્ય કર્યું !...માધવી કાંઈ બોલે, ત્યાર પહેલાં જ તે બોલ્યો.. મારે બીજું કાંઈ સાંભળવું નથી, તમારે એ તસવીરો જોઈતી હોય તો પાંચ લાખ રુપિયા આપી દોનહિતર એને ક્યાં વેચવી, એ હું જાણું છું.. અને ઘણા ઘરાક પણ છે!

તે દિવસે માધવીએ પાતાની જાતને સૌથી વધુ લાચાર અને અસહાય અનુભવી..આટલી હતાશ તો એ મમ્મી-પપ્પા ના મૃત્યુ સમયે પણ નહોતી થઈ.આજે તે સાવ ભાંગી પડી હતી..કોની છાતી પર માથું ઢાળી ને રડેમનિષ ના લગ્ન પણ તેનાં માતા-પિતા એ બળજબરીથી બીજે કરાવી દીધાં હતાં.એકલતા અને ગાઢ અંધકાર શિવાય તેને કંઈ દેખાતું નહોતુંમાતાનાં તમામ ઘરેણાં વેંચી ને, પાંચ લાખ રુપિયા ભેગા કરી ને નિતીન પાસેથી તમામ ફોટોગ્રાફ અને નેગેટિવ મેળવી લીધાં.. આ લે.. એમ કહી માધવીએ તમામ ફોટોગ્રાફ અને નેગેટિવ સુરભીના ખોળામાં ફેંકી દીધાં.

એક પળ માટે સુરભી ના ચહેરા પર આશ્ચર્ય ફરી વળ્યુંપરંતુ બીજી જ પળે એ બોલી.. મેં એબોર્શન કરાવી લીધું છે, એટલે હવે ચિંતા નથી..રહી વાત ફોટોગ્રાફ, તો એ લઈ આવવા બદલ તમે આભારની આશા ન રાખશો! તમે કશો ઉપકાર નથી કર્યો! એતો વડિલ તરીકે તમારી ફરજ હતી! આમ પણ તમને મારી મા બનવાનો શોખ હતો ને..! ચાલો તમારો શોખ પણ પૂરો થયો.. સાવ સૂકો ભઠ ભાવના રહિત જવાબ આપીપોતાના રૂમમાં જઈ ધડામ કરીને બારણું બંધ કરી દીધું.

આ અતિ દુઃખદાયક વાતાવરણમાં ચારે દિશામાં છવાઈ ગયેલાં મતિમૂઢ ઘટાટોપ વાદળો વચ્ચે એક અત્યંત વિષમ ત્રિકોણ રચાઈ ગયું હતુંજેનાં એક ખૂણે, બેજવાબદાર મનોવૃત્તિ માં સપડાયેલ પાશ્ચિમાત્ય વિચારો થી ગ્રસિત યુવા વર્ગ ની ભ્રામક આકર્ષણ માં રાચતી સુરભી ની ઉદ્દંડતા નો અતિરેક હતો.તો આ ત્રિકોણના બીજા ખૂણેહાઈ પ્રોફાઈલ કલ્ચરના કેફમાં રાચતાં નિતીમત્તા નો છેદ ઊડાડી,પરપિડનવૃત્તિ માં સુખ મેળવતાહલકા અને મલિન વિચારો વાળા દુશાશન અને રાવણની અઢારસો ને આઠમી પેઢી નો કાળો કેર હતો. સામી ક્ષિતિજે..ત્રિકોણ ના ત્રીજા ખૂણેશિક્ષિત સમાજ સામે, આજની નવી પેઢીને સારા- નરસાની ઉપયુક્ત ભેદરેખા વિશે માર્ગદર્શન આપવામાં રહી જતી ખામી..ઊણપ સંદર્ભે એક મોટું પ્રશ્નાર્થ ચિન્હ દ્રષ્ટિગોચર થતું હતું.તો એજ ત્રિકોણ ના આ તરફ નાં એક અદ્રશ્ય ખૂણે અવાક અને દુઃખ, ગ્લાની અને અસહ્ય પીડા નાં વહેણ માં ડૂબેલી માધવીની આંખોમાં અશ્રુ નો દરિયો ઊભરાઈ આવ્યો હતો.!!!!!

માધવી એ અનાયાસે અરિસામાં નજર કરી તો યાદોનાં પડછાયાંબે હાથે પોતાનું મોઢું છુપાવવાના મિથ્યા પ્રયાસ સાથે.. રઝળપાટ કરતાં હતાં.


## વિશ્વકર્મા વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઇ કથેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**અમદાવાદ**

**જયમીન ગજ્જર(બ્યુરો ચીફ)** - મો. ૯૬૬૨૦ ૮૯૪૫૧

**રાજકોટ**

**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**મુંબઇ**

**પ્રવીણ બોરાણીચા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

**બરોડા**

**બિપીનભાઇ ધ્રાંગધરિયા** - મો. ૯૮૯૮૪ ૫૯૪૯૨
**ચેતનભાઇ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**
**Visit : www.vishwakarmavishwa.com**

# જિંદગીમાં શું શીખવું તેનું ધ્યાન રાખવું જરૂરી છે

**ડો. વિષ્ણુ પ્રજાપતિ**

કોઇ ફીલસૂફે કહ્યું છે કે તમે સફળ થાવ છો તો તમે ઘણી પ્રસંશા કે પ્રસિધ્ધિ મેળવો છો પણ જો તમે નિષ્ફળ જાવ છો તો તમે જિંદગીનો એક નવો અનુભવ શીખો છો અને જિંદગી તમને કોઇ નવો જ બોધપાઠ આપી જાય છે. થોમસ એડિસનની સાથે કામ કરનાર વ્યક્તિ પણ અનેક નિષ્ફળતાથી કંટાળી જાય છે અને તે હવે એડિસન સાથે કામ નહી જ કરે તેવું નક્કી કરી એડિસન પાસે પોતાની વ્યથા રજૂ કરે છે. તે કહે છે, ‘‘હું હવે તમારી સાથે કામ નહી કરી શકું કારણ કે ઘણા બધા પ્રયોગો પછી આપણને નિષ્ફળતા સિવાય કશુ જ મળ્યું નથી.’ તે સમયે એડિસન તેને સરસ જવાબ આપે છે કે, ‘‘દોસ્ત, આ પ્રયોગો પછી આપણને નિષ્ફળતાઓ મળી જ નથી આપણને તો ઘણાબધા અનુભવો મળ્યા છે, અને તેનાથી જ આપણે સફળતાથી વધુ નજીક છીએ તેવો મારો વિશ્વાસ છે.’



એક જ પ્રસંગને જુદા જ દ્રષ્ટીકોણથી વિચારીને જીવનને ફરી ઉર્જાવાન બનાવનાર તે મહાન વૈજ્ઞાનિક એડિસન અને તેના સાથી ફરી ખૂબ મહેનત કરે છે અને આખરે વિશ્વને પ્રકાશિત કરતી મહાનતમ બલ્બની શોધ કરે છે. વિશ્વની અનેક વ્યક્તિઓ એવી હશે કે જે નિષ્ફળ ગયા પછી જીવનના ઘોર અંધકારમાં ખોવાઇ ગઇ હશે અને અનેક હસ્તિઓ એવી પણ છે કે જેમને નિષ્ફળતાઓને જિંદગીની ખાઇ નહી પણ જિંદગીનું એક પગથીયું બનાવ્યું છે.




આપણને પણ જિંદગીના અનેક પ્રસંગોમાંથી સતત પસાર થતા હોઇએ જ છીએ. પ્રયત્ન કે પરિશ્રમ હોય છે ત્યાં કોઇ ધ્યેય જરૂરથી હોય છે, અને જ્યાં ધ્યેય હોય છે ત્યાં સફળતા કે નિષ્ફળતાના બે દરવાજા તો અવશ્ય મળે જ છે. દરેક વખતે સફળતાનો દરવાજો ખૂલે તે જરૂરી નથી હોતુ. અનેકવાર નિષ્ફળતાઓના દરવાજેથી પણ આપણે પસાર થવું પડે છે.

સફળતા હોય કે નિષ્ફળતા, સુખનો પ્રસંગ હોય કે દુઃખનો પ્રસંગ પણ છેલ્લે નિચોડરૂપે આપણે શું શિખી રહ્યા છીએ તે આપણે સ્પષ્ટપણે જાણવું જોઇએ. જીવનમાં આપણી સાથે બધી જ હકારાત્મક કે ફાયદાકારક ઘટનાઓ જ બને તે જરૂરી નથી. ઘણીવાર અણગમતા પ્રસંગો પણ આપણને હચમાચાવી મુકતા હોય છે. આ બન્ને સ્થિતિમાં છેલ્લે આપણે શું શીખવું તે આખરે આપણા હાથમાં જ હોય છે..!

એક સદગૃહસ્થને એક પત્ર મળ્યો. તે સેવાભાવી અને દીનદુઃખીયાની મદદ કરનારા હતા. તમે સારુ કરો એટલે સારા જ પ્રતિભાવો મળે તે જરૂરી નથી એમ તેમને પણ ઘણીવાર રાજકારણનો કે કોઇની ઈર્ષ્યાનો ભોગ બનવું પડતું. તેમને જે પત્ર મળ્યો હતો તેના પર પત્ર લખનારનું કોઇ નામ સરનામું નહોતું. તેમને પત્ર ખોલ્યો અને શાંતીથી વાંચ્યો. તે પત્રમાં તેમના વિશે કોઇ અજાણી વ્યક્તિએ અનેક અભદ્ર શબ્દો અને ટીપ્પણીઓ કરી હતી. આખો પત્ર વાંચ્યા પછી તેમને પત્રને ધારી ધારીને જોયો. તેમને જોયું કે તે પત્ર પર એક પીન લગાવેલી હતી. તેમને તે પત્ર વિશે વધુ વિચાર કર્યા વિના તેના પર લાગેલી પીન કાઢીને પોતાની પાસે રાખી લીધી અને પત્રને તેમના મિત્રને આપી તેને ફાડીને કચરાપેટીમાં ફેંકી દેવા સૂચન કર્યું.

તેમના મિત્રએ પણ તે પત્ર વાંચ્યો એટલે તેમને પૂછ્યુ, ‘‘તમે કેમ આવુ કર્યુ ? તમે તો તમારા આવેલા પત્રોને સાચવો છો...! આ પત્ર સાચવવો જોઈએ કેમકે તેનાથી તે પત્ર લખનારની શોધ પણ કરી શકાય...!’

તેના જવાબમાં પેલા સદગૃહસ્થે ખૂબ જ સહજતાથી જ કહ્યું, '' આ આખાય પત્રમાં મને ફક્ત એક પીન જ કામની લાગી અને તેને મેં રાખી લીધી અને જે નકામુ હતુ તે બધુ તમને ફેંકવા જ કહ્યું છે..'

કેટલી સરળ અને સહજ વાત..! કોઇ આપણને અપશબ્દ કે ન ગમે તેવું કાંઇ પણ કહે તો વર્ષો સુધી તેનો ટોપલો માથા પર રાખીને આખુ ગામ ગજવીએ..! ખરાબ પ્રસંગ બની ગયા પછી વર્ષો સુધી તેને જ વાગોળીની અનેકવાર દુઃખી થઇએ કે કોઈકને દુઃખી કરીએ.

થોમસ એડિસન હોય કે પેલા સદગૃહસ્થ બન્નેના પ્રસંગોથી સ્પષ્ટ સમજી શકાય છે કે જીવનના દરેક પ્રસંગે આપણે શું શીખવું તે આપણા હાથની વાત છે. કોઇ એમ કહે કે મારું નસીબ જ કમજોર છે કે મને ક્યારેય સાથ નથી આપતું...! તો તે વ્યક્તિની સાથે જે પણ ઘટનાઓ બને તેને એ રીતે જ જોવાની તેની આદત પડી જાય.

મારા એક પુસ્તકમાં મેં એક દારુડિયાના બે દિકરાની વાત લખી હતી.

દારુ પીને જીવન ખરાબ કરી દેનાર એક પિતાના બે દિકરામાંથી એક દિકરો ખૂબ જ સફળ થયો અને બીજો દિકરો તેના પિતાની જેમ જ દારુડિયો જ રહ્યો. જ્યારે તે બન્ને પુત્રના જીવન ધોરણના તફાવત વિશે પ્રશ્ન પુછવામાં આવ્યો તો તેમના જવાબો ખૂબ જ યાદ રાખવા જેવા છે.



જે પુત્ર દારુડિયો બની ગયો હતો તેને એમ કહેલું કે અમારી જિંદગી દારુમાં જ ગુજરે છે અને અમે તેનાથી વિશેષ કંઇ કરી પણ ન શકીએ. જ્યારે બીજા દિકરાએ કહેલું કે મેં મારા પરિવારને સાવ નર્કાગાર સ્થિતિમાં જોયો છે. તે સમયે જ મેં નક્કી કરી લીધુ કે મારે હવે આવી બદતર જિંદગી નથી જીવવી અને ત્યારથી જ મારી જિંદગીમાં ફેરફારો આવવાના શરુ થયા. આમ બન્નેના મનોઅભિગમ પર જ તેમની આખી જિંદગીની ભવિષ્યવાણી લખાઇ ગઇ હતી.

ભવિષ્યવાણી શબ્દથી તો આપણે સૌ વાકેફ છીએ જ....! શું તમે જાણો છો કે આપણા જીવનમાં અનેકવાર આપણાં વિશેની ભવિષ્યવાણીઓ થતી હોય છે? હું અહી તમારા વિશેના અન્ય કોઈના અભિપ્રાયોની વાત નથી કરતો પણ ક્યારેક એકાંતે પોતાના મનને, પોતાની બુધ્ધિને, પોતાના આત્માને તમારી ભવિષ્યવાણી કરવાનું કહેજો... તે અવશ્ય તમારું ભવિષ્ય કહેશે જ...! ભવિષ્યવાણી બ્રહ્માંડના કોઇ આકાશમાં નહી પણ આપણા અંતરમનમાં અવિરતપણે થતી જ રહેતી હોય છે, ક્યારેક તેને શાંતચિત્તે સાંભળવાનો પ્રયત્ન કરી જોજો. અને હા, પોતાના મનને સંભાળવા કે સાંભળવા એક એવી સ્થિતિ તો તમારે પહેલા કેળવવી જ પડે જ્યાંથી તમે તેનાથી થોડીવાર દૂર જઇ તેને માણી શકો.

ભવિષ્યવાણીની ''ખૂલ જા સિમ સિમ' કે ''હુકમ મેરે આકા' જેવી તિલસ્મી વાતો બાજુ પર રાખી દઇએ તો જિંદગીના દરેક પ્રસંગોએ પણ આપણે પોતાના એક ચોક્કસ ભવિષ્યને નક્કી કરી લેતા હોઇએ છીએ. દરેક પ્રસંગ પછી આપણે જલ્દી હકારાત્મક ઉર્જાને પ્રાપ્ત કરી લઇએ છીએ તો આપણે જીવનને ખૂબ જ ઝડપથી સફળતા કે આપણા ધ્યેય સુધી લઇ જઇએ છીએ.

દરેક પ્રસંગ પછી આપણે વિશ્લેષણ કરીએ તો,

શું આ પ્રસંગ પછી હું ખુદને જલ્દી સંભાળી શકતો નથી ?

શું આ પ્રસંગ પછી મારી મનોવસ્થામાં મોટી ખલેલ પહોંચી છે ?

શું આ પ્રસંગ પછી મારો અભિગમ નકારાત્મક બન્યો છે?

શું આ પ્રસંગ પછી મારી નકારાત્મક લાગણીઓ વધી ગઈ છે?

શું આ પ્રસંગ પછી મારા જીવન પ્રત્યેની ઘૃણામાં વધારો થયો છે?

શું આ પ્રસંગ પછી હવે જીવનમાં કંઇ નહી કરી શકું તેવો ભાવ જાગી ગયો છે?

શું આ પ્રસંગ પછી બધા મારા વિરુધ્ધ થઇ ગયા છે તેવું લાગ્યા કરે છે?

શું આ પ્રસંગ પછી મને કોઇની સાથે વાતચીત કરવી નથી ગમતી ?

શું આ પ્રસંગ પછી મને વ્યક્તિગત, માનસિક, સામાજિક કે આર્થિક ખોટ આવી ગઇ છે?

શું આ પ્રસંગ પછી હું મારા જીવનના ધ્યેયને બદલી રહ્યો છું ?

જો તમારા જીવન સાથે બનેલ કોઇ પ્રસંગ કે ઘટના પછી ઉપરોક્ત કોઇપણ પ્રશ્ન કરતા કે વિશ્લેષણ કરતા તેનો જવાબ ''હા'માં આવી રહ્યો છે તો તમે તે પ્રસંગ કે ઘટનાથી નાશીપાસ થઇ ગયા છો. જીવનમાં તમારે ફરી જલ્દીથી સૂમેળ સાધવાની જરુર છે.

આ વિશ્લેષણથી તદ્દન વિપરિત જો તમે જીવનનાં કોઈ પ્રસંગ પછી હકારાત્મક, ઉર્જાવાન, ખુશમિજાજી કે વધુ શ્રધ્ધાળુ બન્યા છો તો તમે તમારા જીવનની ગતિને વધુ તેજ કરી શકશો. પ્રસંગ કે ઘટના બન્યા પછી ખુદના માટે આપણી પોતાની એક અલાયદી સીસ્ટમ વિકસાવવી જોઈએ જેનાથી આપણા જ્ઞાન અને અનુભવોમાં જ વધારો થાય અને જીવનને સદાયને માટે પ્રેમ કરવાનું મન થાય.

આજે સોશિયલ મીડિયા કે ભ્રામક જ્ઞાન તમને અનેક જગ્યાએ આમથી તેમ પછાડશે. તમારા મન સુધી પહોંચીને તમારી મૂળ જિંદગીને પણ છિન્નભિન્ન કરી નાખશે. આ સમયે ધ્યાન રાખજો પેલા સદગૃહસ્થની વાત કે જે મારા માટે જરુરી છે અને ખપનું છે તેજ મારે શીખવું છે અને તેને જ મારા જીવનમાં ઉતારવું છે.

# મારું બચપણ અને એની વાતો-રમતો

(નિબંધ)

નટવર આહલપરા

બાળકોની મૂછાળીમા ગિજુભાઈએ કહ્યું છે : પળે પળે બાળકોનાં નાનકડાં દેહમાં વસતા મહાન આત્માનું હું દર્શન કરું છું.

બચપણના મોંઘા ખજાનાનો દાબડો ખોલતાં આનંદ અનુભવાય છે. મારા ગામ ભાવનગરની પ્રાથમિક શાળામાં મને ભણવા બેસાડ્યો હતો ત્યારે માથે મુંડો ઉપર સાથિયો, કપાળે કંકુ-ચોખાનો ચાલ્લો. હાથમાં નાળિયેર લઇ હું નિશાળે ગયેલો. નિશાળમાં બધાંને પતાસા ખવડાવ્યાં હતાં.

ગુરુજનોના પ્રેમાળ માર્ગદર્શનથી છ-સાત વર્ષ ક્યાં પસાર થઇ ગયાં ખબર રહી નહોતી ! બાબુ સાહેબ, દેસાણી સાહેબ, માણસ ગંધાય માણસ ખાઉંની વાર્તા કહેને અમે બધાં ભય પામી જતાં. લીલાબહેન ગીત ગવડાવે. સૌ ડોલી ઊઠતાં. બાબુસાહેબ, 'તુંબડીમાં કાંકરા તડતડ થાય' વાર્તામાં અમને તરબોળ કરી અદ્દભુત રસનો અનુભવ કરાવતાં હતાં.



ભાવનગર અમારૂં ઘર પાંચસો વારના પ્લોટમાં હતું. એ ઘરમાં નિશાળનું ગૃહકાર્ય કરતાં-કરતાં હું કાળી માટીને ગુંદીને સરસ મજાનો ગારો બનાવી, તેમાંથી આબેહુબ રેડિયો, રેંટિયો, બળદગાડું, રેકર્ડવાજુ બનાવતો તો ક્યારેક ખેતરનાં રાડામાંથી મલોખા કાઢી ઉપરના સોનેરી પડથી ગાંધીજીના ચશ્માં, ખાટલા-ખાટલીનું સર્જન કરીને ગૌરવનો અનુભવ કરતો હતો.

ઘર પછવાડે ઘઉં, મગના દાણાં વાવતો, પાણી પાતો, બે દિવસમાં ફણગા ફૂટે. જોઇને મને થતું કે, વાડીનો માલિક હું ! જાંબુડા ઉપરથી જાંબુ ઉતારી નિશાળે જાઉં ત્યારે ખિસ્સામાં ભરતો જતો હતો. બાળપણમાં ભલે નાદાની હતી પણ નિર્દોષતા અને નિખાલસતા હતી, નિર્ભેળ આનંદ હતો. મને બાપુજીએ બૂટ લઇ દીધેલા. બૂટ પહેર્યા પછી પગમાં ડંખ પડ્યાં હતાં.

મારું જન્મસ્થળ ઉમરાળા તાલુકાનું લીમડા હનુભાના ગામ. નાના બેચરભાઈ મને ટીલારામ કહેતાં હતાં. રંગરંગના ધજા-પતાકાથી અમે રમતાં હતાં. નિશાળમાં રજા હોય એટલે ભાવનગરથી લીમડા પહોંચી જવાનું. બા હવાફેરે ભાવનગરથી લીમડા જાય અને મનેય જવા મળતું હતું.

ઘરથી રેલ્વે સ્ટેશન એકામાં (એક બળદનું ગાડું) બેસીને જવાનું થતું. ત્યારે બહુ આનંદ આવતો હતો. નાની મોતીમાના હાથનો હાથવો ખૂબ ખાધો હતો. નાના પાઘડી પહેરતાં હતાં. બાળપણમાં એમની સુતારીકામ કરવાની કોઢમાં હું ખૂબ રમ્યો હતો. મારી બા ખેતરવાડીએ કપડાં ધોવાં જતાં હતાં ત્યારે હું પણ સાથે જતો અને ત્યારે ભાડિયો કૂવો જોયો હતો.

રીસેસમાં જાંબુડા ખાઈને મિત્રોની સામે જામલી રંગની જીભ કાઢી સૌને ડરાવીએ. જાંબુડાના કૂણા કૂણા પાન ઉપર મીઠું-મરચું ભભરાવીને ખાવાની મજા તો અનેરી જ હતી. નિશાળની આમલી ઉપર કાતરાને પાણકાં મારી પાડીએ અને ખાઈએ. ભલે દાંત અંબાઈ જાય ! સીતાફળમાં ધોળી પેશી અને એમાંથી કાળાં બી નીકળે; બી ગળી ન જવાય તેનું ધ્યાન રાખવું પડતું હતું. લાલ મીઠાં જમરૂખ, ખટ્ટ-મીઠી બદામ, અંજીર, ગળ્યાં ચીકુ, પપૈયા એમ થતું હતું કે શું ખાવું અને શું ન ખાવું ?

ઘરઆંગણે મીઠો લીમડો. પાડોશી મીઠા લીમડાની બે તીરખી દાળ-કઢીમાં નાખવા અચૂક લેવા આવે. હું દોડીને લીમડાની ડાળેએથી બે તીરખી ઉતારીને આપતો હતો. વૃક્ષના ખામણાં સાફ કરીને પાંદડા વીણી લઇ પાણી પાતો હતો. ઉનાળાના કાળા તડકામાંય ફળિયામાં ઊભેલાં વૃક્ષો નીચે બેસી વાંચવાનો આનંદ જુદો જ હતો. ઘરના ફાટક પાસે કરેણનાં લાલ ફૂલ બહુ ગમતાં એ વૃક્ષોને કેમ ભૂલાય ?

અમારૂં ઘર નીચાણવાળા ભાગમાં, ખાડામાં,ધોધમાર વરસાદ આવે. ફળિયામાં પાણી ભરાય. વરસાદના ટીપાં જાણે મેઘરાજાના અનેક દીવડા ! હું રોમાંચિત થતો હતો.

વરસાદી વાતાવરણમાં શેરીનાં બાળમિત્રો ઘરમાં બેઠાં-બેઠાં જોડકણાં બોલતાં:

સૈયર રમવાનો આવો અમને રમતાં ન આવડે. રાધે ગોવિંદ રાધે, શીરાપુરી રાંધે, શીરાને તો વાર છે, પુરીઓ તળાય છે. જમે હરગોવિંદ પીરસે ભોળાનાથ. ચકી ચોખા ખાંડે છે, પીતાંબર પગલાં પાડે છે. ગણગણ મોશલો ને તેલતેલ પળી, ઊઠરે લાલિયા ઝુંપડી બળી, બળતી હોય તો બળવા દેજે, ઠરતી હોય તો ઠરવા દેજે, આવ રે કાગડા કઢી પીવા...

ઇતે ઇતે પાણી, ધૂળ ધૂળ ધાણી. આ દરવાજો ખોલુંગા, છરો લઈને મારુંગા. તાવડીમાં કાંકરા તડતડ થાય, સાસુ વઢેને વહુ ભજિયાં ખાય. એન ઘેન.. દીવા ઘેન.. ડાહીનો ઘોડો ખડખાતો, પાણી પીતો રમતો-જમતો વછૂટિયો ... એ વછૂટિયો !

વર્ષાઋતુમાં ખુતામણી દાવ રમતો હતો. ખીતો જમીનમાં ખૂતાડવાને બદલે ડાબા હાથમાં ખૂતાડી દીધેલો. લોહીથી લથબથ હાથ ખીતો પકડી એમને એમ બા પાસે ઘેર આવ્યો હતો. નર્મદા બા ચોંકી ગયેલાં !



નવરાત્રીમાં શામજીભાઈ પટેલ તબલાં સરસ વગાડતાં હતાં. અમે બાળારાજા હોવા છતાં રાસ રમતાં શીખવાડતાં. સરખું ન રમીએ એટલે વઢે. કેસરિયા હનુમાન મંદિરે રામ પારાયણમાં સ્વયં સેવક બની શ્રોતાઓને પાણી પાવાનું તેમજ પ્રસાદી વહેંચવાનું કામ કરીએ. આરતી ઉતારવાનોય લાભ મળતો હતો.

દિવાળીમાં ફટાકડા ફોડવાની બહુ ઉતાવળ. બાપુજી પુરુષોત્તમભાઈ થેલી ભરી ફટાકડા લાવતાં હતાં. ફટાકડો હાથમાં રાખી ફોડવાના પ્રયોગે મને સખત દઝાડી દીધેલો.

રાત્રે ઘરઆંગણે રંગોળી આલેખવાનું શરુ કરીએ. સવારે રંગોળી પૂરી થાય. જેવી દિવાળી જાયને પતંગ ચગાવવાનું શરૂ. રોજ સાંજે નિશાળેથી છૂટું એટલે પતંગનો એક પંજો તો લાવવાનો જ. પતંગનો ઢગલો થાય. સોડા બાટલીને ફોડીએ ખાંડણીમાં કાચ ખાંડીને કપડામાં ગાળીએ.

સરેશ ઉકાળી તેમાં કાચ અને રંગ નાખીએ એટલે માંજો બને. દોર ઉપર માંજો ચઢે. મકરસંક્રાંતિની પૂર્વરાત્રિએ પતંગોને કાનેતર બાંધવાના. હજુ તો મોં સૂજણું થયું હોય, ત્યાં હું સૌથી પહેલો પતંગ દોરો લઈ અગાશી ઉપર ચઢી જતો હતો. સાંજ સુધી પતંગ ચગાવવાનો આનંદ લૂંટીએ, શેરડી ખાઈએ, મમરા, સીંગને તલના લાડવાની ઉજાણીને એમાં વળી જો લાડુંમાંથી આઠઆની, ચારઆની નીકળે એટલે રાજીનો રેડ થઈ જતો હતો !

હોળી પર્વ પહેલાં હું અને મિત્રો રસ્તે આવતાં-જતાં રાહદારીઓ પાસેથી હોળીની ગોઠ માગતાં અને એક સાથે બોલતાં :

'હોળીની ગોઠ ભાઈ હોળીની ગોઠ.' છાણાં, લાકડાં ભેગાં કરવાનાં. કોઈ એક ઘરેથી છાણાં ન મળે એટલે રાત્રે તેનાં ઘરેથી છાણાં-લાકડાં ચોરી લાવતાં હતાં. ઘરે-ઘરેથી સાતધાન ઉઘરાવી માટલામાં મૂકવામાં આવતાં. રાત્રે હોળી પ્રગટે, વરઘોડિયાં દર્શન કરવા આવે અને નાળિયેર પધરાવે. બાળમિત્રો હોળી પાસે આખી રાત જાગતાં. આંખે પાટા બાંધી નાળિયેર શોધવા જવાની રમત રમાય.

સવારે હોળી વચ્ચે મૂકેલાં સાતધાન માટલીમાંથી બરાબર બફાઈને બહાર આવે. સાતધાનને તેમાં ખાંડ ભેળવી પ્રસાદી બનાવી ઘેર-ઘેર પહોંચાડીએ.

બત્રીસ પૂતળીનો ખેલ શેરીમાં ક્યારે આવે તેની વાટ જોતાં. રાત્રે નવ વાગે ખેલ શરુ થાય. નાના એવા રંગબેરંગી મંડપમાં તખ્તા ઉપર રાજા-મહારાજા લડાઈ કરે. ખેલનો સૂત્રધાર પડદા પાછળ મોઢામાં રાખેલી પિપૂડી વગાડે. પડદા પાછળ હાથમાં દોરી રાખી હોય. સૂત્રધાર ધારે તે રાજાનું ઢીમ ઢાળી દે. હું વિસ્ફારિત નેત્રે જોઇને તાળી પાડતો હતો. બધાં રાજા મરી જાય છેલ્લે એક બચે. બચેલાનો જુસ્સો જોઈ અમારામાં જોમ આવી જતું હતું.

મદારીનું ડમરું વાગે ને દોડીએ. ખેલ શરુ થાય. મદારી મોઢામાંથી કાળા કાળા ગોળા કાઢે. ડોળા ફાડીને હું જોઈ રહેતો. થેલામાંથી નાનો નાગ, મોટો કોબરા કાઢે. મોરલી વગાડે. નાગને નચાવે. સૌ બાળકોને લોટ, રોટલી લાવવા હાંકલ કરે. હું દોડું, ઘરેથી વાટકો ભરી લોટ લઇ આવતો હતો.

કડકડતી ઠંડીમાં પ્રભાત ફેરીના મીઠાં મધુરા સૂર શેરીમાં રેલાય. ઉદય ભાણ અભાણી મધુર અવાજમાં સવારે રામધૂન ગવડાવતાં નીકળે. હું પણ એમની પાછળ જોડાતો અને રામધૂન લેતો હતો.

રમતની શું વાત કરું ? ઘરમાં સાયકલના ટાયર પડ્યાં હોય, હાથમાં લાકડાનો દાંડિયો લઇ ટાયર ફેરવતાં અને દાંડિયો મારતાં રેલના પાટા ઉપર હું દોડતો હતો. પાછળ શેરીનો ડાઘિયો કૂતરો તો હોયજ. મોઈ દાંડિયો રમવા મહાલક્ષ્મી મીલ પાછળના મેદાનમાં રમવા જતો. એકવાર અણીદાર મોઈ ડાબા પગના નળામાં ખૂંપી ગયેલી. સાંજે નિશાળેથી આવ્યાં પછી અખાડે જઈ કબડ્ડી, ખો-ખો, લંગડી, લાઠીદાવ રમવાનો આનંદ અનેરોજ હતો.

અગાસી ઉપર ઇંટો પડેલી તેને ગોઠવી નાનું થિયેટર બનાવેલું. સફેદ કપડાનો પડદો, મેગ્નિફાઈંગ ગ્લાસ, પૂંઠાનું પ્રોજેક્ટર, તેમાં ફિલ્મની પટ્ટીઓ ગોઠવું. હેન્ડલથી ફેરવું. મીણબતી પ્રગટે એટલે નાના પડદા ઉપર ફિલ્મનાં દ્રશ્યો દેખાય અને અમે કોઈ મોટું સર્જન કર્યું હોય તેવા પોરહાઈએ.

રાતે બધાં નર્મદાબાના ખાટલાંને વીંટળાઈ વળીએ. બા અમને વાર્તા કહે, ઉખાણાં પૂછે. અમારી આંખ ઘેરાય... ને ઊંઘ આવી જાય !

# નહીં જવા દઈએ તમને કુન્દનિકાબેન, તમે રહેશો કાયમ શબ્દ દેહે!

**ગીતા માણેક**



કુન્દનિકા કાપડીઆની એક અત્યંત સંવેદનશીલ નવલિકાનું નામ છે- જવા દઈશું તમને. મૃત્યુના બિછાને પડેલી વયોવૃદ્ધ વિધવા નાયિકની વાત કરતી આ વાર્તા છે. ભર્યુંભાદર્યું ઘર છે. દીકરાઓ, વહુઓ અને તેમના સંતાનો. અમેરિકામાં વસતો સૌથી નાનો દીકરો તેની અમેરિકન પત્ની મારિયાને લઈને પહેલવહેલીવાર આવી રહ્યો છે. આ નાયિકા એ સંવેદનશીલ અને વિચારશીલ સ્ત્રી છે જેણે મેઘાણી અને ટાગોર વાંચ્યા છે, વિલિયમ બ્લેક, કાલિદાસ, શેક્સપિયરને માણ્યા છે. સૌંદર્યની સેંકડો અનુભૂતિઓથી તેનું જીવન રસાયું હતું. નિરાંતે બેસીને વાત કરવાની ફૂરસદ નહોતી એવી મોટી બે વહુઓનો કંટાળાની ને વધુ કંટાળાની ક્યારીઓમાં જાણે તેમનો દિવસ ઊગતો અને સાંજ ઢળતી...તેમના જીવનમાં કંઈક બહુ મોટો ખાલીપો હતો. જીવનનું આનંદતત્ત્વ તેમની પકડમાંથી સરી જતું. હવે ઘરમાં નવી અને તે પણ વિદેશી વહુ આવવાની હતી. નાયિકાને એ સાવ અજાણી દૂર દેશની કન્યા ઘરની વહુ બનીને આવે છે તેને ઓળખવાની ઇચ્છા હતી. આમ તો નાયિકાના આ ભર્યાભાદર્યાં કુટુંબમાં તેની કાળજી લેવાતી.ઘરના સભ્યો તેના ઓરડામાં આંટો મારી જતા. તેઓ મચ્છરદાનીના છેડા સરખા કરતાં, વળેલી ચાદર ખેંચતા, માના પલંગ પાસે ટેબલ પર તાજાં ફૂલ મૂકતાં. માની બધી કાળજી રાખતાં, રોજ તેની માટે જુદી-જુદી જાતની હળવી વાનગીઓ બનાવતા અને તેમને થતું કે પોતાની પરિચર્યા સંપૂર્ણ છે. માત્ર માને ખબર હતી કે ખાલીપણું ક્યાં હતું પણ હવે મૃત્યુની સન્મુખ આવતાં તેણે બધી અપેક્ષાઓને સંકેલી લીધી હતી નાયિકાની મોટી વહુ સારું ગાતી, પોતાની દીકરી ઉમા પણ સરસ ગાતી પણ કોઈએ ક્યારેય આવીને ભજન સંભળાવ્યું નહોતું. તેને થતું કે કોઈ કાવ્યો વાંચે તોય ગમે. જેતે દિબો ના તોમાય...તમને જવા નહિ દઉં. ચાર વર્ષની કન્યાના મુખની એ સ્નેહના ગર્વથી ભરેલી વાણી. પિતાને કહે છે-તમને જવા નહીં દઉં...પણ તોય જવા દેવું પડે છે. ચાલ્યું જાય છે. પ્રલય-સમુદ્રના વેગમાં હૂ-હૂ કરી તીવ્ર વેગે બધું ચાલ્યું જાય છે. નાયિકાને ખબર છે કે પોતાના જવાની વેળા પણ આવી પહોંચી છે. આવું ભરપૂર જીવન જીવેલી નાયિકા જ્યારે મૃત્યુ સન્મુખ છે ત્યારે તેને લાગે છે કે મનમાં કશી તૃષ્ણા નથી, ભય નથી. પણ પછી પ્રશ્ન થાય છે કે ખરેખર ભય નથી કે છે?

જેના વિશે ઉત્કંઠા હતી તે વિદેશી વહુ મારિયા આવે છે. પ્રથમ પરિચય ઔપચારિક છે. અમેરિકાથી આવેલો

દીકરો બહુબધી વાતો કરે છે, સ્મરણો વાગોળે છે. રાત પડી છે અને આખું ઘર શાંત થયું છે. નાયિકા પથારીમાં હજુ જાગતી પડી છે. તેને લાગે છે કે ઓરડામાં કોઈક આવ્યું. ધીમે પગલે આવેલી તે વ્યક્તિને તેણે ઓળખી. તે મારિયા હતી. અંગ્રેજીમાં ધીમે-ધીમે અટકીને બોલતી મારિયાએ કહ્યું, અમારાં લગ્ન વખતે તમે મને ટાગોરની કવિતાનું પુસ્તક મોકલેલું. ખૂબ ગમેલું. કેટલીય કવિતાઓ મોઢે થઈ ગઈ છે. મારિયા નાયિકાને પૂછે છે, તમને...તમને ભય નથી લાગતો ને?...અજ્ઞાતનો... બધું પરિચિત છોડી શૂન્યમાં સરી જવાનો. આર યુ અફ્રેડ? નાયિકાના જીવનની છેલ્લી પળોમાં એક નવો સંબંધ ઉદિત થયો હતો. જરા મોડો... પણ અત્યંત સુંદર.

નાયિકાએ પ્રેમ અને સંતોષથી મારિયા તરફ જોયું. અચાનક તેને કહ્યુઃ લોકો કહે છે- પતિ જીવંત હોય ત્યાં સુધીમાં પત્ની મરવા-કરવાનું પતાવી દે, તો તેને સૌભાગ્યવતી કહેવાય. ઓહ- લોકોને શી ખબર, સૌભાગ્ય એટલે શું? આ સૌભાગ્ય છે. અંતિમ ક્ષણોના આકાશમાં એક નવા સંબંધનું, એક નવા પ્રેમનું ઉદિત થવું તે સૌભાગ્ય છે. આનંદથી મરી શકવું- તે જ સૌથી મોટું સૌભાગ્ય છે. તે રાત્રિએ મારિયાએ રૂમની બત્તી ઓલવી નાખી.



એકસામટાં ઘણાં ધોળા ફૂલોથી ડાળીઓ ભરાઈ ગઈ હોય એમ લાગ્યું. તેણે મારિયાનો હાથ પકડી ચંદ્ર તરફ ઇશારો કર્યો...લૂક હુ ઇઝ બિડિંગ ફેરવેલ...(જો, કોણ વિદાય આપી રહ્યું છે...) મારિયાએ તેના કપાળ પર હાથ ફેરવ્યો. મે યોર જર્ની બી પીસફૂલ.

આ અને આવી અનેક સંવેદનશીલ વાર્તાઓ, પરોઢ થતાં પહેલાં, અગનપિપાસા અને સાત પગલાં આકાશમાં જેવી નવલકથાઓ, પરમ સમીપે જેવું પ્રાર્થનાઓનું પુસ્તક જેવું કંઈક કેટલુંય વારસામાં મૂકીને કુન્દનિકા કાપડીઆ ગયા અઠવાડિયે વિદાય થયા. અહીં જે નવલિકાની વાત કરી છે એમાં નાયિકાનો તેની આ વિદેશી વહુ સાથે બહુ જ ટૂંકો અને છતાં ખૂબ ઊંડો સંબંધ સ્થાપિત થાય છે. તમારી યાત્રા શાંતિપૂર્ણ હો એવું કહીને તે વિદાય આપે છે. આ વાર્તાના સર્જક કુન્દનિકા કાપડીઆના સ્થૂલ દેહને ભલે આપણે ગુજરાતી વાચકોએ વિદાય આપવી પડી છે પણ કુન્દનિકાબેન, જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવિત હશે, આ પૃથ્વી પર ગુજરાતી ભાષા જાણનારો એક પણ મનુષ્ય હશે ત્યાં સુધી તમે શબ્દદેહે અમારી સાથે જ હશો. એક આખી પેઢીને સુંદર, સંવેદનશીલ અને સાત્વિક સાહિત્ય આપનારા લેખિકા અમે તમને નહીં જવા દઈએ!




Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો


ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

# પરપ્રાંતીયો : ઉદ્યોગ ધંધા સહિતના દરેક ધંધાના મેનપાવરની કરોડરજ્જુ

**જયંતીભાઈ નગેવાડિયા**



## પરપ્રાંતીયો વતનમાં જતા રહેતા લોકડાઉન બાદ વેપાર-ઉદ્યોગ શરૂ થશે ત્યારે તેમની મોટી અસર થશે

આજે ગુજરાતની વાત કરીએ તો મોટા શહેરોનાં મોટા ઉદ્યોગની વાત કરીએ કે પાંચ-સાત કારીગરોવાળા નાના કારખાનાની વાત કરીએ તેમાં પરપ્રાંતીય શ્રમિકો જોડાયેલા છે. અને હાલમાં લોકડાઉનના બીજા તબક્કાના અંતિમ દિવસે અને ત્રીજા લોકડાઉનના પ્રારંભે દરેક મોટા શહેરોમાંથી હજારો પરપ્રાંતીયો પોતાના વતન જવા રોડ ઉપર ઉતરી આવ્યા અને હલ્લો બોલાવી લોકડાઉન અને કોરોનામાં સોશ્યલ ડિસસ્ટન્ટ અને ૧૪૪મી કલમનો સરેઆમ ભંગ કર્યો. પોલીસ અને સરકારી તંત્રને તેમને સમજાવામાં દમ આવી ગયો અને અંતે તેઓને સ્પેશ્યલ ટ્રેનો અને બસો દ્વારા તેમને વતન મોકલવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વર્ષોથી ધીમે ધીમે ગુજરાતમાં પરપ્રાંતીય મજુરોનું વધવાનું કારણ બે ગણી શકાય. એક તો કારીગરો-મજુરોની તંગી આપણા ગુજરાતી લોકોની હાર્ડવર્ક ન કરવાની મનોવૃત્તિ ફકત હળવા જ કામ કરવાની વૃત્તિ. આપણા ગુજરાતી કારીગર મજુર કારખાનામાં કે અન્ય જગ્યાએ કામ કરતા હોય ત્યારે અવાનવાર સામાજીક પ્રસંગો, વાર-તહેવારની રજાઓ ઘરમાં કોઇ સાજુ-માંદુ હોય તો, ફેમીલી સાથે ફરવા જવું, સાંજે વ્હેલા જવું જેવા અનેક કારણોસર રજા રાખે છે. તેથી તેમની હાજરી અનિયમિત રહે છે. જ્યારે પરપ્રાંતીય સખ્ત મહેનતું હોય છે. ગમે તેવા હાર્ડવર્કમાં તે કામે લાગે છે. તેમને આપણા ગુજરાતી તહેવારોની રજાનું મહત્વ નથી હોતું. એકલા રહેતા હોવાથી કોઇ સામાજીક પ્રસંગો કે અન્ય બહાને રજા રાખતા નથી કારણ કે તેઓ અહીં કમાવા જ આવ્યા હોય છે. ગમે તેટલા ઓવરટાઇમ હોય તો પણ તે કરે છે. આવા બધા કારણોથી આપણા ઉદ્યોગપતિ-કારખાનેદારો ગુજરાતી કરતા પરપ્રાંતીયોને

કામે રાખવાનું વધારે પસંદ કરવા લાગ્યા અને ધીમે ધીમે ગુજરાતમાં રાજ્ય બહારના પરપ્રાંતીયો વધતા ગયા.

બીજી તરફ ગુજરાતમાં છેલ્લા ૮ થી ૧૦ વર્ષથી યુવાનોમાં શિક્ષણનું સ્તર વધતું ગયું તેથી તેઓ પોતાની ડીગ્રી કે અભ્યાસના ક્ષેત્રમાં નોકરીએ લાગ્યા કે વ્યવસાય સંભાળવા લાગ્યા. ઓછું ભણેલા યુવાનો પણ કારખાનાઓમાં કાળા હાથ કરવા અને હાર્ડવર્ક કરવાને બદલે વ્હાઇટ કોલર જોબ ગોતવા લાગ્યા જેમ કે મોલ, ડીપાર્ટમેન્ટ સ્ટોર, શોરૂમ, દુકાન-દવાખાનામાં કે જ્યાં હાર્ડવર્ક પણ નહીં અને કાળા હાથ પણ ન કરવા પડે. આવા કારણોથી ગુજરાતમાં ધીમે ધીમે પરપ્રાંતીયો વધતા ગયા અને આજની તારીખે શહેરનું નાનુ કારખાનું હોય કે મોટી કંપની તેમના મેનપાવરની કરોડરજ્જુ આ પરપ્રાંતિઓ જ છે. એક માહિતી પ્રમાણે રાજકોટ નજીકની એક જાણીતી કંપનીમાં એક હજાર ઉપરાંત વર્કરો કારીગરો કામ કરે છે. પરંતુ તેમાં એક પણ પરપ્રાંતીય નથી કદાચ આ એક અપવાદ હશે.

આજે રાજકોટની વાત કરીએ તો કોઇ એવું નાનું કે મોટું કારખાનું નહીં હોય કે જ્યાં પરપ્રાંતીય મજુરો કામ ન કરતા હોય ઘણા વર્ષોથી એક જ જગ્યાએ કામ કરતાં હોવાથી તે કુશળ કારીગરો પણ બની ગયા છે. આ પરપ્રાંતીયોના ફાયદાની સામે પોતાની માંગનો ગેરલાભ પણ લ્યે છે. અવારનવાર લોન માંગે છે. કહે છે દેશ મે માં બિમાર હે, બાપ બિમાર હૈ, બહેન કી શાદી હૈ, ભાઇ કી શાદી હૈ આવા અનેક બહાને લોન માંગે છે અને કારખાનેદારોને જરૂર હોવાથી આપવી પડે છે. કારણ કે તે બીજે કયાંય ચાલ્યો ન જાય. લોન માંગતા હોવાથી તે ઉંચા રોજની કે અન્ય માંગણી કરે તો તે માન્ય રાખવી પડે છે. કારણ કે લોન વસુલવાની બાકી હોય છે. અમુક કારખાનેદારો કે ફાઉન્ડ્રીધારકો ને કારીગરોની જરૂર હોય છે ત્યારે આવા પરપ્રાંતીયોને કહે છે, હું તને લોન આપીશ ત્યાં ચુકવી દે જે, અહીં આવતો રહે, હું તને રોજ પણ ઉંચું આપીશ. આમ આ પરપ્રાંતીયો આપણી મજબુરી, ગરજને ઓળખી ગયા.

હવે તો નાના કારખાનામાં પણ પરપ્રાંતીયોને રહેવાની વ્યવસ્થા રાખવામાં આવે છે. કારખાનાની અગાશીમાં બે-ચાર રૂમ બનાવી દેવામાં આવે છે. જેથી એક રૂમમાં બે-ત્રણ જણા રહે છે. જ્યાં લાઇટ-પાણી, સંડાસ-બાથરૂમની વ્યવસ્થા હોય છે. જેથી તેમને ભાડુ ભરવું પડતું નથી. નજીકમાં કયાંયથી ચાલીને કામે આવું પડતું નથી. મોટી કંપનીમાં અંદર એકબાજુ સ્ટાફ કવાર્ટર જેવું હોય છે જ્યાં બધી સગવડ હોય છે. જેમાં આ પરપ્રાંતીયો રહે છે. આ લોકો કામે રહે ત્યારે પણ શરત કરે છે, ઓવરટાઇમ મિલેગા ના ફકત આઠ કલાક કામ ચાલતું હોય તો કામે નથી રહેતાં કહે છે, એક રોજ મેં હમારા કયાં હોગા.



આ લોકડાઉનની જાહેરાત વખતે વડાપ્રધાનશ્રી મોદીએ જણાવ્યું હતું કે દરેક વ્યવસાયિકો પોતાના કર્મચારી-કારીગરોને રાશનપાણી આપવા અને વેતન ન કાપવાની માનવતા ભરી અપીલ કરી હતી. લોકડાઉનના આ દોઢ મહિનો ધંધા બંધ રહેતા અને મંદીને કારણે કદાચ બધાને આ રાશનપાણી અને પગાર આપવો કદાચ ન પોસાય. પરપ્રાંતીયો કહે છે, અમોને રાશન નથી મળતું. પૈસા નથી મળતા વગેરે ફરિયાદ કરે છે. કદાચ તે અર્ધસત્ય હોય શકે. નાના કારખાનેદારો પોતાના પરપ્રાંતિયોને સાચવે જ છે. એક કારખાનેદારે પોતાના કારખાનામાં રહેતા છ થી સાત પરપ્રાંતીયોને કહયું, હું તમને પગાર આપીશ. મુંઝાતા નહીં ગમે તેટલો સમય બંધ રહે અને પગાર આપે પણ છે. તો અન્ય એક કારખાનેદારે કહયું મારે ત્યાં એક પરપ્રાંતીય પરિવાર રહે છે. હું તેમને દર પંદર દિવસે આખી રાશનકીટ આપી આવું છું. થોડા પૈસા આપું છું. એક કારખાનેદારે કહયું, આપણે ત્યાં આટલો સમયથી કામ કરે છે તો સાચવવા જોઇએ તે તેમને ૨૦ થી ૨૫ દિવસનો પગાર બેઠાબેઠા આપે છે. આ કારખાનેદારો કહે છે, આપણે આ લોકો થકી જ કમાણા છીએ. અત્યારે થોડો ખર્ચ થાય પરંતુ ખુલતામાં કામ તો શરૂ થઇ તો જાય. જો કે મંદીના વાતાવરણમાં બધા માટે કદાચ આ શકય નથી તેથી છુટા કરી દયે છે.

સામાન્ય રીતે આ પરપ્રાંતીયો વર્ષમાં એકવાર પોતાના વતન જાય અને એક દોઢ મહિનો રોકાઇને પરત આવી જાય છે. પરંતુ અત્યારે હવે આ લોકડાઉનમાં કંટાળ્યા છે. અને દેશભરમાં કોરોનાની મહામારીને કારણે વતનમાંથી પોતાના માતા-પિતા કે પત્ની કે બાળકો કહે છે, એક બાર આકે મુંહ દીખા જાઓ. આમ આવી સામાજીક લાગણીઓથી પણ આ પરપ્રાંતીયો પોતાના વતન જવા હલ્લો બોલાવે છે. અને વતન જવા નીકળી પડયા છે. આને કારણે લોકડાઉન બાદ વેપાર-ધંધા, ઉદ્યોગ કે ખેતીવાડી કે અન્ય ક્ષેત્રમાં જયારે કામકાજ શરૂ થશે ત્યારે આ પરપ્રાંતીયો મજુરોની ગેરહાજરીને કારણે મજુરોની અછતને કારણે ધંધામાં ખાસ્સી અસર પડશે અને મળશે તો ઉંચુ વેતન માંગશે. અત્યારે હોટલ, રેસ્ટોરન્ટ, મોલ, ખેતીવાડી, દુકાનો, યાર્ડ, ટ્રાન્સપોર્ટ લોડીંગ-અનલોડીંગ જેવા દરેક ક્ષેત્રમાં આની અસર થશે. આ પરપ્રાંતીયો આવવાથી આપણા ગુજરાતી-ધંધાર્થીઓ પાંગળા બની ગયા છે. હવે દરેક ધંધાર્થીએ પોતાના ધંધામાં પોતે અને પોતાના ઘરનાં સભ્યોએ કામ કરવા જોડાવું પડશે. ફકત શેઠાઇ કરીને બોસ બનીને ધંધા થઇ શકશે નહીં. વતન ચાલ્યા ગયેલા પરપ્રાંતીયો હવે કોરોનાની પરિસ્થિતિ બરાબર ન થાય ત્યાં સુધી પાછા આવે તેવું લાગતું નથી તેથી ધંધાર્થીઓની મુશ્કેલી લાંબો સમય ચાલશે તેવું લાગે છે.

# હમ હોંગે કામયાબ એક દિન.

જિંદગી એક સફર હૈ સુહાના, યહાં કલ હો કિસને જાના ?
મૌત આની હૈ તો આયેગી એક દિન, જાન જાની હૈ તો જાયેગી એક દિન.
અબ કોરોનાસે ક્યા ગભરાના ? યહાં કલ ક્યા હો કિસને જાના ?
હમેં ક્ક્ષાભસમજ્ઞક્ષ મે રહના હૈ, બીના વજહ બહાર નહી જાના હૈ.
સોશ્યલ ડિસ્ટન્સીન્ગ કો અપનાના હૈ, કોરોના વાયરસ સે પુરે દેશકો બચાના હૈ.
રૂખી સુખી જો મીલે ઉસે ખાકર જીવન બીતાના હૈ.
ઘરમે હી રહકર હિલમિલકર પરિવારકે સાથ સમય બીતાના હૈ.
બીના વજહ બહાર નિકલકર હમે કાનૂન કો નહી તોડના હૈ.
દેશકો ગુમરાહ કરનેવાલોકો ઢુંઢકર બહાર નિકાલના હૈ.
બેમતલબ ગંદી રાજનીતિ કરનેવાલોકો બેનકાબ કરના હૈ.
યુવા શક્તિ કો જાગૃત કરકે સબકો વિશ્વાસમે લેના હૈ.
નયી પેઢીકો સાથ લેકર દેશકો આગે લે જાના હૈ.
ધીરજ રખો, બુરા સમય બીત જાયેગા, યહ સબકો સમજાના હૈ.
હમ સબ હોંગે કામયાબ એક દિન યહ વિશ્વાસ સબમે જગાના હૈ.
રાષ્ટ્ર ધર્મકી જ્યોત જગાકર મિલજુલકર સબકો જગાના હૈ.
એકતા ઔર સંગઠનસે હમ સબ જી રહે હૈ યહ વિશ્વ કો બતાના હૈ.
યે દુનિયાવાલો હમારી સહનશીલતા કો સમજો, હમ હારનેવાલોમે સે નહી હૈ.
ક્યું કી એક હી ગુંજ હૈ હમારી, સારે જહાંસે અચ્છા હિન્દુસ્તાન હમારા હૈ.

**- મનહર 'મોજીલો'**

# કોરોના

કોરોના આવ્યો છે ક્યાંથી ખબરનાં પણ આપે છે એક જ પયગામ
છેલ્લી છે ચેતવણી કુદરતતણી એને સમજી લેવામાં છે માલ
વ્યવહારો ખોટા છુટી ગયા ને બસ, જરૂર પૂરતું જ કામ
જોઈશે જ એવી જીદ જતી રહી, ડાહ્યા થઇ કરતાં સૌ કામ
દોલત દેખાડવાનો દંભ વિસરાયો ને કરવા લાગ્યા છે બધાં દાન
છેલ્લી છે ચેતવણી કુદરત તણી એને સમજી લેવામાં છે માલ
ખડકાયા શસ્ત્ર–સંરજામો ઠેરઠેર કરવાને દુનિયા પર રાજ
ખબર નથી કે એમાં પરવરદિગાર પ્રભુ કેટલો થયો છે નારાજ
માનવના પાપે આજ માનવ મરે છે, જુઓ વિશ્વ થયું છે તારાજ
છેલ્લી છે ચેતવણી કુદરત તણી, એને સમજી લેવામાં છે માલ
આપીને ભોગવવું ઉપનિષદ મંત્રને જેણે લગાડયો છે દાગ
ભૂલ્યા નિજધર્મ આજ માનવતા કેરો તેથી ભભૂકી ઉઠી છે આગ
પ્રકૃતિને નષ્ટ કરી બાંધ્યા છે બંગલા, આજે થયું છે સૌને ભાન
– છેલ્લી છે–
શાસ્ત્રોની વાત અમે ઘોળીને પી ગયા જીવન બન્યા છે બેફામ
વ્યસનોની વાડ કરી ઝેરતાણા માડવાનાં ઉભા કર્યા છે તમે બાગ
કેમ થયું આવું કોઈને ના પૂછશો, આતમ ને કરજો સવાલ
છેલ્લી છે ચેતવણી કુદરત તણી એને સમજી લેવામાં છે માલ

# જઈશ ત્યારે...

હાથ જોડીને કહું છું તુજને,
તને ગમે ત્યાં ફરતો ના
જઈશ ત્યારે કોરો હશે પણ આવીશ ત્યારે કોરોના
સગા સંબંધી પર પાબંધી
દૂર રહી કરજે ભાઈબંધી
થોડા માટે વધૂ ગુમાવવા – ઉતાવળ તું કરતો ના
જઈશ ત્યારે...

વહેતા થયા છે એવા વિષાણુ
રાહ મળે ના ખર્ચતા નાણું
લાખોને ઇ ભરખી ગયો છે, તોય હજુ એ અટકતો ના
જઈશ ત્યારે...

યાદ કર જરા સાવરકરને
વર્ષો વિતાવ્યા – બંધ બારણે
મહાજનોનું સ્મરણ કરીને સંયમથી ડગ ભરતો જા
જઈશ ત્યારે કોરો હશે પણ આવીશ ત્યારે કોરોના...

**- મોહન મોર, સુરત**

# લોકડાઉનમાં લોકોને સામાન્ય બિમારીનો ઈલાજ મળશે ફ્રીમાં ઘેર બેઠા : રાજકોટના તબીબએ બનાવી 'ડોકટર ડાયલ' એપ

**રાજકોટના ડો. સંદિપ પાલા, અમર પિલોજપરા અને ધર્મેશ ઘાડીયાએ બનાવેલી આ એપમાંથી તદ્દન ફ્રીમાં ઘરની બહાર નીકળ્યા વિના ડોકટર પાસેથી દવા પ્રિસ્ક્રાઇબ કરાવી શકશે : રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને સુરત સહિતના ઘણા શહેરના ડોકટરો જોડાઇ ગયા છે**






ડો. સંદિપ પાલા

અત્યારે દેશભરમાં લોકડાઉનની સ્થિતિ છે ત્યારે ઘણી જગ્યાએ દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડી રહયો છે. અમુક શહેરી વિસ્તારમાં કોરોનાના ડરથી ડોકટર પોતાનું કિલનિક ખોલતા નથી. તો બીજી તરફ અમુક કિલનિક ખુલે છે છતાં દર્દીઓ જવા તૈયાર નથી. કારણ કે આજે ઘરની બહાર નીકળતા સૌ કોઇને ડર લાગી રહયો છે કે કયાંક ચેપગ્રસ્ત ન થઇ જાય. તેવા લોકો માટે ઘર બેઠા ડોકટરની સલાહ પ્રમાણે દવા મળી રહે તે માટે રાજકોટના ડો. સંદિપ પાલા, ધર્મેશ ઘાડીયા અને અમર પિલોજપરાએ ડોકટર ડાયલ નામની એપ્લીકેશન તૈયાર કરી છે. જેમાં કોઇપણ રોગના દર્દીઓ એપ્લીકેશનનાં માધ્યમથી તબીબોનો સંપર્ક કરી શકે છે. એટલું જ નહીં તબીબો પણ એક પણ રૂપિયાની કન્સલ્ટન્ટ ફી લીધા વગર નિઃશુલ્ક દવા લખાવશે.

અત્યારસુધીમાં આ એપમાં રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને સુરત સહિતના ઘણા શહેરના ડોકટરો જોડાઇ ગયા છે.



એપ્લીકેશન બનાવનાર ડો. સંદિપ પાલાએ કહયું હતું કે, પહેલા તબીબો ટેલી કન્સલ્ટીંગ અને ટેલી મેડિસીન આપી શકતા નહોતા. પરંતુ કોરોના વાઇરસને કારણે લોકડાઉનમાં લોકોને હાલાકીનો સામનો કરવો ન પડે તે માટે ૨૫ માર્ચથી સરકારે પણ છુટ આપી છે અને તેનાં કારણે જ દેશભરના તબીબો આ એપ્લીકેશનમાં જોડાઇ રહયા છે. લોકડાઉનમાં લોકો દવાખાના સુધી ન આવી શકે તો કંઇ નહીં પરંતુ નજીકના મેડીકલ સ્ટોર પર પહોંચીને તબીબને ફોન કરે તો તેને જરૂરી દવા મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ એપ્લીકેશન બનાવવા પાછળનો મુખ્ય હેતુ લોકોને મદદરૂપ થવાનો છે. લોકડાઉનમાં લોકો ઘરની બહાર નથી નીકળી શકતા ત્યારે આ એપ્લીકેશનની મદદથી લોકો આસાનીથી અમારા સુધી પહોંચી શકશે. એપ્લીકેશનમાં અમારા નંબર રજીસ્ટર છે અને પેશન્ટને ગુગલ પ્લે સ્ટોરમાં જઇને એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે. આ એપ્લીકેશન બિલકુલ ફ્રી છે. ભારતના તમામ ડોકટર આમાં રજીસ્ટ્ર થશે.

# જિંદગી એટલે?

જુહી પંચાસરા

જીવન શું છે? તમારો જો કોઈ અભિપ્રાય આપવો હોઈ તો તમે શું કહેશો?



મારા મત મુજબ, એ એક ગેરેન્ટી વગરની, અને વિના કોઈ વોરેન્ટી કાર્ડ સાથે આવેલી એવી અમૂલ્ય વસ્તુ છે, જેની આપણે જરા પણ કાળજી રાખતા નથી. જમવા મા એજ જોઈએ જે ભાવે છે, ને વ્યાયામ તો કંઈ કરવાની વસ્તુ છે? આ ને તે જેવા ઘણાં મુદ્દા આપણી નજર સામે જ છે.

જોકે જિંદગી નું પોતાનું કોઈ વોરેન્ટી કાર્ડ તો નથી પણ હા, તમે પોતે તમારા પોતાના વોરેન્ટી કાર્ડ જરૂર છો.

હવે પેલા તો આ વોરેન્ટી અને ગેરેન્ટી શું છે તે સમજાવું તો વોરેન્ટી એટલે કે સમું કરવું અને ગેરેન્ટી એટલે બગડી ગયેલું બદલી આપવું, હવે જીવનની કોઈ એક્સચેન્જ ઓફર તો હોતી નથી કે જૂનું આપી ને નવું મળે, આમાં તો બગડેલુ માત્ર સમું થાય એટલે વોરંટી નો ઉપયોગ થાય.

હવે પ્રશ્ન એ છે કે એનો ઉપયોગ કેમ કરવો? તો જવાબ ખુબજ સરળ છે. જે પણ ખામી ને ખોટ છે ,જે બગડ્યું છે તે તમે જાતે શોધો અને એને રિપેર કરો. ને આમ થયું એટલે બધું સેટ.

યાદ રાખજો તમને જે મળ્યું છે તે અમૂલ્ય છે, ને જે તમને નથી મળ્યું તે તમારા માટે અયોગ્ય હતું , જીવન પણ ખુબજ અણમોલ છે, ને એ તો હૃદય સ્પર્શી ભેટ છે પરમ પરમાત્મા પ્રભુ ની, એ જે આખાય જગત નાં તાત છે, ને માતા પિતા એવાજ તો હોઈ છે ને , કે બાળક ને જે જોઈએ એ બધું એના કહ્યા પહેલા જ આપી દે છે, પણ જે કંઈ બાળક માટે હાનીકારક છે તે એની જિદ્દ છત્તા નથી આપતા, બસ એવાજ કૈંક છે એ વિધાતા.

અને જેમ પેહલા કહ્યું ,કે આ અણમોલ જીવન છે તો એ અમૂલ્ય ની કદર પણ કરતા આપણેજ શીખવાનું છે. જોજો હો, અમૂલ્ય વસ્તુ મેળવ્યા બાદ કંજુસાઈ નહીં કરતા. આ જીવન તો ખુશી થી, હર્ષોલ્લાસ થી મહેકતું બાગ બનવું જોઈએ, અને જ્યારે દુ:ખ પડે તો એજ રીતે સહજતા થી સમસ્યા નો સમાધાન પણ કાઢવો અને ફરી એ જ હર્ષ ની અનુભૂતિ કરવી એમાં જ તો સાચી મજા છે દોસ્તો.

ને જીવન ફુલ જેવું રાખવું, પોતે પણ ખીલવાનું, અને જોડે સૌ ને સ્મિત વેચવું, અને લાઈફ એન્જોય કરવાની.

ખુશી વહેંચવા થી વધે છે ન અને દુ:ખ વેચવા થી ઘટે છે, તે હંમેશા યાદ રાખજો, જે ખુશી બીજા ને ખુશ કરવાથી મળે છે તેવી ખુશી બીજે ક્યાંય નથી મળતી.

અંતે એક વાક્ય કહેતા પૂર્ણવિરામ આપીશ કે તમે કોઈ ને પ્રેરિત નથી કરી શકતા તો કંઈ નહિ પરંતુ કોઈ ને ડીમોટીવેટ ન કરતા.

## સમય

વ્યકિતના જીવનમાં સમય ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. સમયની કિંમત કરનાર કયારેય દુ:ખી થતો નથી અને જે સમયની કિંમત નથી કરતો, માટે જીવનમાં સમયને હંમેશા મહત્વ આપો સમય હંમેશા દરેક માણસની પરીક્ષા લે છે અને પરીક્ષામાં કેટલા લોકો સફળ અને નિષ્ફળ જાય છે તેનો આધારસ્તંભ તમારા ઉપર રહેલો છે. માટે સમયની કયારેય પણ અવગણના ન કરો, સમયે તમને ઘણું બધું આપ્યું છે બસ તેનો ઉપયોગ તમારે કયારે અને કઇ રીતે કરવાનો છે તમારા ઉપર નિર્ભર છે. સમય ધારે તો તમને સફળતાના શિખર ઉપર પહોંચાડી પણ શકે છે અને ધારે તો તમને ઉપરથી નીચે પણ પછાડી શકે છે હવે વિચારવાનું તમારા હાથમાં છે કે તમે સમયને કઇ દિશામાં લઇ જવા માંગો છો સમયને મહત્વ આપો અને તેને ઓળખો.

**- જયમીન ગજ્જર**


# લોકડાઉન બાદ ધંધામાં તેજી કે મંદી ?

## લોકડાઉન બાદ ધંધા અંગે કારખાનેદારોનો મિશ્ર પ્રતિભાવ

**જયંતીભાઇ નગેવાડિયા**

*દેશ અને દુનિયામાં ફેલાયેલા આ કોરોના વાયરસની મહામારીના કારણે દુનિયાના અનેક દેશોની જેમ આપણા દેશમાં પણ તા. ૨૫ માર્ચથી શરૂ થયેલું લોકડાઉન-૧ અને ૨ મળી લગભગ ૪૦ દિવસનું લોકડાઉન રહ્યું છે. હજુ પણ તા. ૩ મે પછી પણ લોકડાઉન ખુલશે કે કેમ ? તે અંગે આપણા દેશની પ્રજા રાહ જોઇ રહી છે. દુનિયાનાં અનેક દેશોની જેમ આપણા દેશમાં પણ પ્રથમવાર બન્યું છે કે એક સાથે સળંગ ૪૦ દિવસ સુધી દેશના વેપાર, ઉદ્યોગ-ધંધા, ઓફિસો, શાળા કોલેજ સહિત દેશની દરેક હલચલ બંધ હોય. હવે તા. ૩ મે પછી લોકડાઉન ખુલવાની આશા છે ત્યારે લોકડાઉન ખુલ્યા પછી પણ આપણા વેપાર-ધંધાની શું પરિસ્થિતિ રહેશે તે અંગે આપણા સમાજના નાના-મોટા કારખાનેદારોના મંતવ્ય જાણ્યા. જો કે આ મંતવ્યોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. કોઇ કહે છે, થોડા સમય પછી કામકાજ ખુબ સારા રહેશે તો કોઇ કહે છે, મંદીનો માહોલ રહેશે. આપણે આશા રાખીએ લોકડાઉન બાદ ઉદ્યોગ સહિતનાં દરેક ક્ષેત્રે વેપાર-ધંધા ખુબ જ સારા રહે. અહીં કારખાનેદારોના મંતવ્યોનું સંકલન રજુ કરવામાં આવેલ છે.*

### સરકારે નાના કારખાનેદારોને ટેકસમાં છુટછાટ આપવી જોઇએ તો જ ટકી શકશે : ધર્મેશભાઇ ઘોરેચા



અટિકામાં પ્રિન્સ એન્જિનિયર્સના નામે ટુલ મશીન તથા સીએનસી મશીન ધરાવતા અને સેમ્પલ પ્રમાણેના દરેક જાતનાં પાર્ટસ બનાવતાં ધર્મેશભાઇ ઘોરેચાએ જણાવ્યું કે, લોકડાઉન બાદ નાના કારખાનેદારોને થોડા પ્રશ્નો નડશે. જેમ કે નાની જગ્યામાં કારખાના હોવાથી સોશ્યલ ડીસન્ટન્સ જાળવવામાં મુશ્કેલી પડશે. પરપ્રાંતિય કારીગરો પોતાના વતન ચાલ્યા ગયા હોવાથી નવા કારીગરો મળવા મુશ્કેલ છે. અને મળશે તો તે ઉંચા રોજ માંગશે. તેમજ હાલની જે ઉઘરાણી છે તે બહુ જ મોડી આવશે. તમે દબાણ કરી શકશો નહીં અને તેથી આર્થિક વહેવાર રેગ્યુલર થતાં એકાદવર્ષ થઇ જશે. ઉપરાંત કારીગરોના ઉંચા રોજ તેમજ ઇન્ડસ્ટ્રીઝમાં વપરાતા ચાઇનીઝ ટુલ્સ કદાચ ન મળે તેથી ઇન્ડીયન ટુલ્સ વાપરવા પડે અને કારીગરોના વિમા લેવાના નિયમ જેવા અન્ય ખર્ચથી દરેક પાર્ટસનું કોસ્ટીંગ ઉંચુ જશે તેથી ધંધો જાળવવો મુશ્કેલ પડશે. સરકારે નાના કારખાનેદારોને ટેકસમાં છુટછાટ આપવી જોઇએ તો જ ટકી શકશે. કોરોનાના લોકડાઉનને કારણે દોઢેક મહિનો ધંધો બંધ રહેતા લોકોએ સમજયા છે કે, હવે લકઝરી આઇટમોની ખરીદી ન કરીએ તો ચાલશે પરંતુ હાથ ઉપર રોકડ રાખવી જોશે કે જેથી આવી રીતે કયારેય મુશ્કેલીના સમયમાં ઘરનો વહેવાર ચલાવવામાં મુશ્કેલી ન પડે.

### મંદીનો માહોલ તો રહેશે જ : મનોજભાઇ સીનરોજા



ફીટવેલ બ્રાન્ડથી દરેક જાતની કોલેટ બનાવવામાં સારી એવી નામના ધરાવતાં ફીટવેલ એન્જિનિયર્સવાળા મનોજભાઇ સીનરોજાએ જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ મંદીનો માહોલ તો રહેશે જ. આ લોકડાઉનમાં કારીગરોને સાચવવા અને તેમને પગાર આપવા. આમ ધંધો બંધ હોય અને તેટલી કમાણી ન હોય તેથી મુશ્કેલી પડે. લોકડાઉન બાદ સરકારનાં ૨૮ જેટલા નિયમો પાડવો પડશે જેમાં કારખાનામાં સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું. ત્રણ કલાક બાદ અડધી કલાક રીસેસ આપવી જેવાં અનેક નિયમો પાળવા મુશ્કેલ બને. હવે પહેલાની જેમ ધંધો રેગ્યુલર થતાં છ મહિના તો થઇ જ જશે. ઓટો સેકટરમાં ૫૦ ટકા મંદી આવશે. તેથી રાજકોટને પણ અસર થશે કારણ કે કાર સહિત ઓટોમોબાઇલનાં ૪૦ ટકા પાર્ટસ

રાજકોટની કંપનીઓમાં બને છે તેથી સીધી અસર થશે. રાજકોટ કે ગુજરાત બહાર જેને કામકાજ છે તે હવે રૂબરૂ જવાનું (ટુરમાં જવાનું) ટાળશે અને ફોનમાં જ ધંધા અંગે ચર્ચા કરી લેશે.


સામાજીક રીતે ઘણો ફાયદો થયો છે. બહાર હોટલ કે ફાસ્ટફુડ ખાધા વગર ચાલ્યું છે તેથી લોકોની તબિયત પણ સારી જળવાણી છે. ફેમિલી ડોક્ટરને ત્યાં કોઇને નાની બીમારીમાં જવું પડતું તે જવું નથી પડ્યું. શહેરનું પર્યાવરણ સુધર્યું છે. એકંદરે લોકડાઉન બાદ મંદીનો માહોલ રહેશે અને ધંધા રેગ્યુલર થતાં છ મહિના તો થઇ જશે.

## ધંધા નીકળશે જ ભારતનું ભવિષ્ય ઉજળું જ છે : હરેશભાઇ વડગામા



મેટોડામાં વડગામા એન્જિનિયરીંગ વર્કસનાં નામે દરેક જાતની વાલ્વ ગાઇડ બનાવતાં હરેશભાઇ વડગામાએ જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ ધંધા નીકળશે જ. ભારતનું ભવિષ્ય ઉજળું જ છે. રતન તાતાએ પણ કહયું છે ભારતનું ભવિષ્ય ઉજળું જ છે. રતન તાતાએ પણ કહયું છે ભારતનું ભવિષ્ય ઉજળું છે. મારે અત્યારે પણ વેરાવળ, ગડુ રાણાવાવ વગેરેથી ઓર્ડરનાં ફોન આવે છે પણ હાલ કુરીયર બંધ હોવાથી મોકલી શકાતું નથી. બીજું કે આપણા જેવા નાના ધંધાર્થીઓ કારીગરોને સાચવી લેશે તેમને બેઠા બેઠા પગાર આપી શકે કારણ કે કારીગર ઓછા હોય છે. જયારે મોટી કંપનીઓમાં મોટી સંખ્યામાં કારીગરો હોય તો બેઠા બેઠા આટલો પગાર આપી ન શકે તેથી છુટા કરી દેશે. સરકારે ઉદ્યોગોમાં ટેક્સમાં રાહત, છુટછાટ આપવી જોઇએ. સરકારે નીતિ અને પોલીસી બદલવી પડશે તો જ આપણે ચાઇનાની સામે ઉભા રહી શકીશું.

## જયારે જયારે મુશ્કેલી આવી છે ત્યરાબાદ ફાયદો જ થયો છે : પ્રફુલભાઇ બકરાણિયા



ભગવતી ફેબ્રીકેશન વર્કસના નામે પીપળીયા હોલ મેઇન રોડ પર સ્પેશીયલ ટાઇનું ફેબ્રીકેશનનું કામકાજ ધરાવતા પ્રફુલભાઇ બકરાણિયાએ જણાવ્યું કે લોકડાઉન બાદ થોડો ટાઇમ મુશ્કેલી લાગશે કારણ કે ચાલુ પ્રોજેકટ પુરા થશે પરંતુ હવે તુરંત નવા પ્રોજેકટ શરૂ નહીં થાય. લોકો જરૂરીયાત પુરતુ જ કામ કરાવશે. જો કોઇએ નવો ફલેટ લીધો હોય તો જરૂરીયાત પુરતું જ ફર્નીચર કે ફેબ્રીકેશન કામ કરાવશે જેમ કે કિચનની જરૂરીયાત છે તો તે જ કરાવશે. બેડરૂમમાં ફર્નીચર નહીં કરાવે. જયારે જયારે મુશ્કેલ આવી છે ત્યારબાદ ફાયદો જ થયો છે. જેમ કે કચ્છમાં ભુકંપ આવ્યા બાદ થોડો સમય બાદ કચ્છમાં બહુ જ કામ નીકળ્યા. આજે કચ્છનો વિકાસ આપણે જોઇએ છીએ. જાપાનમાં અણુ હુમલા બાદ જાપાન સાવ પડી ભાંગ્યું હતું. જાપાન ધીમે ધીમે ઉભું થયું અને આજે દુનિયામાં પોતાનું સ્થાન બનાવ્યું છે. એમ કોરોનાની મહામારીની મુશ્કેલી બાદ થોડો સમય આપણને પણ મુશ્કેલી બાદ આપણને પણ મોટી તક મળશે. કામ મળશે જેમાં બે મત નથી. તેથી ઘબરાવાની જરૂર નથી.

## કૃષિ અને જીવનજરૂરી ઉત્પાદન ઉદ્યોગ સારા ચાલશે : ભરતભાઇ કડેચા



રાજકોટ-જામનગર હાઇવે પર ટીજીએમ હોટલ પાછળ બાલાજી પ્લાસ્ટ પેકના નામે પાઉચ પેકીંગ મશીનરી બનાવવાનું કારખાનું ધરાવતાં ભરતભાઇ કડેચા (પડધરી-મોવૈયા-જ્ઞાતિના પ્રમુખ) એ જણાવ્યું તું કે કોરોનાનો જંગ જીત્યા પછી જનજીવન રાબેતા મુજબ થતાં થોડો સમય લાગશે. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. આગામી સમયમાં કૃષિ ઉદ્યોગ સિવાયનાં ક્ષેત્રમાં થોડી મંદી જોવા મળશે. ઉદ્યોગો ચાલુ થયા પછી મંદીનો સામનો કરવો પડશે. જીવનજરૂરી ઉત્પાદન ઉદ્યોગ જેવી કે ટુથપેસ્ટ, શેમ્પુ, સાબુ, અગરબતી, ગ્રોસરી, કોસ્મેટીક, ફાર્માસ્યુટીકલ, ખેત ઓજારો જેવી ઉત્પાદન કંપનીમાં કામકાજ સારા ચાલશે. આ મહામંદી આખા વિશ્વને અસર કરશે. આપણા દેશે વિશ્વ યુદ્ધ, ૫૬નો દુકાળ તેમજ ૨૦૦૧નો ધરતીકંપ જેવા કુદરતી અને કૃત્રિમ આપત્તિઓનો સામનો કરી બતાવ્યો છે. એમ કોરોનાની મહામારીનો પણ આપણો દેશ સામનો કરી બહાર આવશે જ.

## બધુ રેગ્યુલર થતા છ માસનો સમય તો થઇ જશે : સુનિલભાઇ વડગામા




સુનિલ એન્જિનિયરીંગ વર્કસના નામે ભકિતનગર સ્ટેશન પ્લોટ-૭માં કનેકટીંગ રોડ બેરીંગ (સી.આર. બેરીંગ) બનાવતા સુનિલભાઇ વડગામાએ જણાવ્યું હતું કે લોકડાઉન ખુલ્યા પછી ધંધામાં મંદી રહેશે. અમે બનાવતા સી.આર. બેરીંગ ઇનડાયરેક્ટ એક્સપોર્ટ કરીએ છીએ. મુંબઇ તથા દિલ્હી થ્રુ જાય છે. જયાં સુધી મુંબઇ, દિલ્હી બરાબર નહીં ખુલે ત્યાં સુધી અમારો ધંધો નહીં ખુલે. જુના પેમેન્ટ આવતા વાર લાગશે પરંતુ હવે નવા ઓર્ડરના પેમેન્ટની કંડીશન રોકડાની રાખશું છતાં

પણ એકાદ મહિનો થઇ જાય.

વધુમાં કહયું કે, આગામી સાતમ-આઠમ કે દિવાળીની લોકોની બહાર ફરવા જવાની જે પરંપરા છે તે ભુલી જશે. લોકો ખર્ચા નહીં કરે હાથ ઉપર પૈસા રાખતા થશે. બધુ રેગ્યુલર થતાં છ માસનો સમય તો થઇ જશે.


## કૃષિ મશીનરી-ઓજારો જેવા સરકારી સહાય-સબસીડી આપતા ઉદ્યોગો ચાલશે : રાકેશભાઇ નગેવાડિયા



મેટોડામાં ભગવતી એન્જિનિયરીંગ વર્કસના નામથી ખાંડસરીના મોટા ચિચોડા બનાવવાનું કારખાનું ધરાવતા રાકેશભાઇ નગેવાડિયાએ જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ કૃષિ આધારીત ઉદ્યોગોમાં કામકાજ રહેશે. ખેતીવાડી લગતી મશીનરી, ઓજારો બનાવવામાં સરકારી સહાય લોન આપે છે. તેવા ઉદ્યોગો ચાલશે. પોતાના ધંધાની વાત કરતા કહયું કે, હું સાત રાજયોમાં અમારા ચિચોડા સપ્લાય કરું છું. હાલમાં સિઝન પુરી થઇ ગઇ છે .પરંતુ હાલમાં સરકારી સબસીડી આપતા રાજયોમાંથી જ પુછપરછ ચાલુ છે. બાકી ઇન્કવાયરી નથી. મશીન ટુલ્સ ઉદ્યોગ લાંબા ગાળે ચાલુ થશે. પેડીંગ ઓર્ડર પુરા થશે. નવા કામકાજ હમણા શરૂ નહીં થાય. ખાણીપીણીની પ્રોડકટ બનાવતા મશીન ઉદ્યોગમાં મંદી આવશે. વિદેશમાં આ કામકાજ કરતા ઇમ્પોર્ટ-એકસપોર્ટ કામકાજ બંધ રહેશે. હાલ ચાલુ અન્ય ધંધામાં પણ ધરખમ ફેરફાર આવશે. હવે સરકાર સહાય-સબસીડી આપે છે તે ધંધામાં ધ્યાન આપવાથી તે ધંધા ચાલશે વળી ઓપન માર્કેટમાં રોકડથી કોઇ લેવાલી નીકળશે નહીં જે લોકોને કાયદેસરનું પેમેન્ટ છે તેને વાર લાગશે. પરંતુ પેમેન્ટ આવી જશે. કામકાજ તુરંત શરૂ નહીં થાય મંદી તો રહેશે. હવે ધીરજ રાખીને કામકાજ કરવાનો સમય આવશે.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો,
## ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.




**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર**
**Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**

# લોકડાઉનમાં વિરલ ગજજર અને સાથીદારો દ્વારા અનેરો સેવાયજ્ઞ

## ઘેનુના જન્મદિવસે 'ટીફીન'સાથે મિષ્ટાન પણ અપાયું









કોરોનાની મહામારીને કારણે ૨૧ માર્ચથી શરૂ થયેલા લોકડાઉનને કારણે વિકટ પરિસ્થિતિમાં મુકાયેલા ગુર્જર સુતાર પરિવાર જ નહીં અન્ય પરિવારોની વહારે આવવાના અમદાવાદમાં શ્રી ગણેશ વિરલ ગજજર અને તેના સાથીદારો દ્વારા કરવામાં આવ્યા હતા અને અલગ અલગ સ્થળોએથી રાશન અને જરૂરીયાતની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને રાહત રસોડા શરૂ કરાયા છે. તેમાં વિરલ ગજજર (ધેનુ એવીએશન) પુત્રી ધેનુનો આઠમો જન્મદિવસ પણ આ લોકડાઉન દરમ્યાન આવતા ધેનુના જન્મદિન નિમિત્તે ગુર્જર સુતાર પરિવારના નિરાધારોને રાશનકીટ તો આપવામાં આવી જ હતી. પરંતુ કોરોના સંકટનો સામનો કરી રહેલા પરિવારોને મિસ્ટ ભોજન પણ આપવામાં આવ્યું હતું.

ધેનુ વીરલ ગજજરનો જન્મદિન આમ તો ધામધુમથી ઉજવાય છે. પરંતુ આ વર્ષે કોરોના લોકડાઉનને કારણે ધેનુ વિરલભાઇ અને ભારતીબેને આ ધેનુનો જન્મદિન સાદાઇથી ઉજવવાનો અને આ દિવસની વિશિષ્ટ સેવા દિવસ તરીકે ઉજવણી કરવાનું નક્કી કર્યું. ઘરમાં જ બનાવેલી કેક કાપી અને ધેનુએ માતા ભારતીબેન, પિતા વિરલભાઇ, દાદા રસીકભાઇ અને દાદી નીરૂબેનને કેક ખવડાવી મોં મીઠા કર્યા બાદ દરરોજ જે જરૂરીયાતવાળાને ટીફીન પહોંચાડતા હતા તે તમામને ટીફીનની સાથે મીઠાઇ પણ મોકલવામાં આવી હતી.

વિરલભાઇ વડેચા (ગજજર) અને તેમના સાથીદારો જયેશભાઇ ઠક્કર, છોટુભાઇ જૈન, રજનીભાઇ દેસાઇએ લોકડાઉન શરૂ થતાની જ સાથે જ કીટ વિતરણ શરૂ કર્યું છે. આ રાહત રસોડાઓ દ્વારા લોકોને ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. રોજના બે હજાર લોકોને ટીફીન પહોંચાડાઇ રહયા છે.

આ ઉપરાંત ગુજરાત ઘેટા-ઉન નિગમના ચેરમેન ભવાનભાઇ ભરવાડ, ટહુકાની ચેહરવાળા સતીષભાઇ ભુવાજી દ્વારા પણ કીટ જરૂરીયાતવાળાઓને કીટ વિતરણ ઉપરાંત રાહત રસોડુ પણ શરૂ કરાયું જેમાં પણ વિરલ ગજજર અવિરત સેવા તન-મન-ધનથી આપી રહયા છે.

# મુંબઇ વિશ્વકર્મા બાગ, મુંબઇ મહાનગરપાલિકાને અપાયો

## બે ફલોરમાં ડાયાલીસીસના ૩૦ પેશન્ટો રહે છે

કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં મુંબઇ મહાનગરપાલિકાને જરૂરીયાત ઉભી થતા મુંબઇના વિલેપાર્લેમાં આવેલ વિશ્વકર્મા બાગના બે ફલોર મુંબઇ મહાનગરપાલિકાને તબીબી સુવિધામાં સહાયરૂપ થવા મુંબઇ મહાનગરપાલિકાને આપવામાં આવ્યા છે. જો કે આ બંને ફલોર પર ડાયાલીસીસ માટેના ૩૦ જેટલા પેશન્ટોને રાખવામાં આવ્યા છે.

Estd. 1949

મુંબઇના મહાનગરપાલિકાની હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને રાખવામાં આવ્યા હોવાથી ડાયાલીસીસ માટેના દર્દીઓને રાખવાની જરૂરીયાત ઉભી થઇ હતી. મુંબઇ મહાનગરપાલિકાએ વિશ્વકર્મા બાગની જગ્યા આપવા જણાવતા વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓએ નિર્ણય લઇને વિશ્વકર્મા બાગના ફર્સ્ટ અને સેકન્ડ ફલોર જે એરકન્ડીશન્ડ છે. આ બંને ફલોર હાલ મુંબઇ મહાનગરપાલિકા ડાયાલીસીસના દર્દીઓને રાખવા માટે ઉપયોગ કરે છે. વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓએ નિર્ણય કરી મહાનગરપાલિકાને મદદરૂપ થાય તેવું પ્રસંશનીયકાર્ય કર્યુ છે.

# આર્થિક જરૂરીયાત વાળાઓને વિશ્વકર્મા બાગ-મુંબઇ દ્વારા ૮.૭૮ લાખની સહાય

કોરોનાની મહામારીને નાથવા ૨૧ માર્ચથી દેશભરમાં લોકડાઉન અમલી બનાવાતા નાના-માણસો જેની મર્યાદિત આવક હોય તેવા મુંબઇ વિશ્વકર્મા બાગના સભ્યોને આર્થિક સહાય આપવાની દેશમાં સૌથી પ્રથમ પહેલ મુંબઇના વિશ્વકર્મા બાગે કરી હતી. ટ્રસ્ટીઓએ જરૂરીયાતવાળા સભ્યોને નક્કી કરેલા માપદંડ પ્રમાણે રોકડ સહાય આપવાનું શરૂ કર્યુ અને ૧૦૦૦ રૂ.નું વીજબીલ આવતુ હોય તેવા સભ્યોને ૫૦૦૦ અને ૧૫૦૦નું વીજ બીલ આવતુ હોય તેને ૩૦૦૦ રૂ.ની રોકડ સહાય આપવાનો ટ્રસ્ટીઓએ નિર્ણય કરી તેનો અમલ કર્યો અત્યાર સુધીમાં ૧૯૬ જેટલા સભ્યોએ આ સહાયનો લાભ લીધો. સહાયની આ રકમ રૂા. ૮,૭૮,૦૦૦ જેટલી થવા જાય છે.

જરૂરીયાતવાળા પરિવારની વહારે આવવાની વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓએ કરેલ આ શરૂઆત અન્ય કેટલીક સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બન્યા બાદ વિવિધ શહેરના સમાજોએ, સંસ્થાઓએ, મંડળોએ પણ પોતાની શકિત પ્રમાણે જરૂરીયાતવાળાઓને માટે સહાય આપવાની વ્યવસ્થા કરી.

# મુંબઇમાં પ્રવીણ બોરાણીયાના અધ્યક્ષપદે કારપેન્ટર યુનીયન



મુંબઇના કારપેન્ટર ભાઇઓના સંગઠન અને કારપેન્ટર પરિવારના વિકાસ માટે ધડક સુથાર કારપેન્ટર યુનીયન બનાવાયું છે. અને તેના અધ્યક્ષ તરીકે મુંબઇના સેવાભાવી એવા પ્રવીણભાઇ બોરાણીયાની ધડક કામદાર યુનીયનના નેતા શ્રી અભિજીત રાણેએ અધ્યક્ષ તરીકે નિમણુંક આપી છે. નવા બનાવાયેલ ધડક સુથાર કારપેન્ટર યુનીયનનું રજીસ્ટ્રેશન પણ શ્રી અભ્જિીત રાણેએ કરાવી આપ્યું છે. આ કારપેન્ટર યુનીયનમાં સભ્યો બનાવવાનું પણ ચાલુ છે.

કારપેન્ટર યુનીયનના સભ્ય અને વધુ માહિતી માટે પ્રવીણભાઇ બોરાણિયા (મુંબઇ-દહીંસર)નો સંપર્ક ૯૮૨૦૯ ૫૩૦૧૦ પર સંપર્ક કરવો.

# વિજય ધ્રાંગધરિયા અને યુવાનોનો રોજની ૫૦૦૦ રોટલી અને ખીચડી, શાકનો સેવાયજ્ઞ







## દરરોજ બપોરે બોલબાલા ટ્રસ્ટને પહોંચાડે છે

રાજકોટનાં આનંદનગરમાં આવે કાળાપથ્થરનાં કવાર્ટરમાં હનુમાનની દેરી પાસેનાં બાલાજી ગૃપનાં વિજયભાઇ ધ્રાંગધરિયા તથા તેમની યુવા ટીમને આ લોકડાઉનમાં કંઇક કરવાનો વિચાર આવ્યો અને તા. ૧૫ એપ્રિલથી નજીકમાં આવેલ વંડામાં દરરોજ બપોરે રોટલી બનાવીને બોલબાલા ટ્રસ્ટને આપવાનો પ્રારંભ કર્યો. બાદમાં એકાંતરે ખીચડી અને એકાંતરે શાક બનાવવાનો પ્રારંભ કર્યો.

આ અંગે વિજયભાઇએ જણાવ્યું કે અમો દરરોજ સવારે ૬ વાગ્યે રસોડું ચાલુ કરીએ છીએ. પહેલા બધાનું ટેમ્પરેચર માપીએ. સેનેટાઇઝર કરીએ અને માસ્ક પહેરીને જ ચાલુ કરીએ છીએ. દરરોજ બપોરે લગભગ ૧૦૦ કિલો ઘઉંની ૫૦૦૦ રોટલી બનાવીએ છીએ. અમે ચાર રસોયાબેન રાખેલ છે. રોટલી બધી હાથેથી જ વણીએ છીએ અને ગેસ પરની હોટ પ્લેટ પર સેકીએ છીએ. કોઇ મશીન રાખ્યું નથી. ઉપરાંત એકાંતરે ૧૫૦ કિલો ખીચડી તથા એકાંતરે ૧૫૦ કિલો જેટલું શાક બનાવીએ છીએ. અમો આ વિતરણ કરવા નથી જતાં પરંતુ વર્ષોથી અન્નક્ષેત્ર સાથે જોડાયેલા જાણીતા બોલબાલા ટ્રસ્ટનાં પોલીસ હેડક્વાર્ટર ખાતે ચાલતા રસોડે સવારે ૯.૩૦ કલાકે અડધી અને બાકીની બપોરે ૧૧.૩૦ કલાકે પહોંચાડી દઇએ છીએ. બોલબાલા વાળા તેમના નક્કી કરેલા વિસ્તાર અને રૂટ પ્રમાણે તેમના વાહનો દ્વારા પહોંચાડે છે.

વિજયભાઇએ વધુમાં કહયું, બે-ત્રણ દિવસ મારા સ્વખર્ચે આ ચાલુ કર્યુ બાદમાં અમારા ગૃપના યુવાનો પણ આર્થિક રીતે જોડાયા અને અમારું આ સેવાકાર્ય ચાલે છે. કારખાના ચાલુ થાય ત્યાં સુધી આ ચલાવવાનું અત્યારે આયોજન છે. આ સેવાકાર્યમાં બાલાજી ગૃપનાં વિજયભાઇ ધ્રાંગધરિયા, અશ્વિન ધ્રાંગધરિયા, કિશોરભાઇ તલસાણિયા, ઘનશ્યામભાઇ ધ્રાંગધરિયા, ધર્મેશ ધ્રાંગધરિયા, શૈલેષ અંબાસણા, નરેન્દ્રભાઇ પિલોજપરા, ગીરીશભાઇ મોરવાડીયા, મુકેશભાઇ આહીર, મુકેશભાઇ મારડીયા, દિલીપભાઇ ભાલીયા, હરદિપસિંહ તથા વિમલભાઇ પોતાની સેવા આપી રહયા છે.

## પોરબંદરમાં જ્ઞાતિ દ્વારા જરૂરીયાતમંદ પરિવારોને રાશનકિટ તથા રોકડ વિતરણ કરવામાં આવી

પોરબંદર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા હાલ લોકડાઉનને કારણે જ્ઞાતિના આર્થિક રીતે નબળા પરિવારોને મદદરૂપ થવા રાશનકીટ આપવાનું આયોજન કરવામાં આવેલ. આ અંગે ૨૬ જેટલા દાતાશ્રીઓ દ્વારા આપવામાં આવેલ કુલ રૂા. ૫૯૦૦૦/-ની રકમ એકઠી થયેલ.




જ્ઞાતિના અગ્રણીઓએ જરૂરીયાતમંદ પરિવારોની વિગતો એકઠી કરેલ અને આવેલ રકમમાંથી ૧૪ જેટલા પરિવારોને રૂા. ૩૦૦૦ની રકમની અનાજ કરિયાણાની રાશનકીટ આપવામાં આવેલ અને સાથે સાથે રૂા. ૧૦૦૦ની રોકડ રકમ પણ આપવામાં આવેલ.

જ્ઞાતિના આ પ્રેરણાદાયી કાર્યને સમાજે આવકારેલ. જ્ઞાતિના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા સમાજના દાતાશ્રીઓનો આભાર માનવામાં આવેલ. જ્ઞાતિના આ સેવારૂપી યજ્ઞમાં દાતાશ્રીઓ પાસેથી ફંડ એકઠું કરવાની તથા કિટ વિતરણ સહિતની કામગીરીમાં જ્ઞાતિના પ્રમુખ મુકેશભાઇ બકરાણિયા, ઉપપ્રમુખ નિલેશભાઇ વેકરીયા, ખજાનચી જીતેન્દ્રભાઇ સુરેલિયા, મંત્રી નિતિશભાઇ બકરાણિયા, ટ્રસ્ટી મનુભાઇ છત્રાલીયા, ટ્રસ્ટી અનિલભાઇ દુધૈયા તથા ટ્રસ્ટી જયેન્દ્રભાઇ વડગામાએ જહેમત ઉઠાવેલ.

# અશ્વિનભાઇ તથા મનોજભાઇ તલસાણિયા સ્વખર્ચે માસ્ક બનાવી સરકારી તંત્રને વિનામુલ્યે આપશે





રાજકોટનાં સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયા-૧૦માં છેલ્લા ૧૫ વર્ષથી ઓમ બાઇનીંગ વર્કસ્નાં નામથી સોફા બનાવવાનું તથા ગાદલા બનાવવાનું (પ્રોસીજર ટ્રેસીસ) કામ કરતાં અશ્વિનભાઇ હરગોવિંદભાઇ તલસાણિયા તથા તેમના ભાઇ મનોજભાઇ હરગોવિંદભાઇ તલસાણિયાને આ લોકડાઉન દરમ્યાન વિચાર આવ્યો કે પોતાના કામમાં વપરાતું વ્હાઇટ કોટન મટીરીયલ તથા અન્ય એક મટીરીયલથી સિંગલ લેયર, ડબલ કોટ તથા થ્રી પ્લાય માસ્ક બનાવી શકાય. આ વિચાર અમલમાં મુકી માસ્ક બનાવાવનો પ્રારંભ કર્યો.

પોતાના કારખાનામાં બંને ભાઇઓએ દરરોજ આઠ કલાક કામ કરી સિલાઇ મશીન ઉપર આ માસ્ક સિવવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં આ ત્રણેય જાતનાં મળીને ૧૮૦૦ જેટલા માસ્ક બનાવ્યા છે. અને અંદાજે ૩૦૦૦-૪૦૦૦ જેટલા માસ્ક બને તેટલું મટીરીયલ છે. આ બધા માસ્ક તૈયાર થઇ જાય બાદમાં રાજકોટના સરકારી તંત્રને વિનામુલ્યે આપવાનું આયોજન છે. આમ આ કોરોનાના જંગમાં લડવા જરૂરી એવા માસ્ક બનાવવાનું અને સરકારી તંત્રને આપવાની યોગદાન આ બંને ભાઇઓ આપી રહયા છે. આ માસ્ક બનાવવામાં તેમના કારીગરો અને મિત્રો પણ જોડાયા છે. જેમાં અમિતભાઇ જેઠયા, જતીન તલસાણિયા, અમિતભાઇ ગોહેલ, કેતન તલસાણિયા, પ્રકાશ વાઘેલા તથા પ્રવીણભાઇ જેઠવા પણ પોતાની સેવા આપી રહયા છે.

## અમદાવાદમાં યુથ ફોરમ દ્વારા ૧૧૨ પરિવારને કીટનું વિતરણ


અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતા ગુર્જર સુતાર પરિવાર પૈકીના જરૂરીયાતવાળા ૧૧૨ પરિવારોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સાથેની રાશન કીટનું વિતરણ સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ નવા વાડજ દ્વારા કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અને અમદાવાદના સાંસદ અમિત શાહ દ્વારા પ્રાપ્ત થયેલ આ રાશનકીટ જરૂરીયાત વાળા પરિવારોને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને શંકરભાઇ સોલગામાના પ્રયત્નોથી પ્રાપ્ત થયેલ આ રાશનકીટ શાંતિભાઇ ખોડદીયા અને શંકરભાઇ સોલગામાના માર્ગદર્શન હેઠળ યુથ ફોરમની સમગ્ર કમિટીએ આ સેવા કાર્યમાં સહયોગ આપી અને આ સેવા કાર્ય કર્યું હતું.


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન TATA S, TATA L.P., લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં, વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# દેવ ગજજર અને સાથીદારો દ્વારા સેવાયજ્ઞ







રાજકોટની નાગર બોર્ડીંગમાં કોંગ્રેસ પ્રેરિત રાહત રસોડુ શરૂ કરાયું છે. ગુર્જર સુતાર યુવાન અગ્રણી દેવ ગજજર અને તેના સાથીદારો દ્વારા ૩૧/૦૩થી શરૂ કરાયેલા આ રાહત રસોડામાં સેવા આપે છે. રોજ ૩૦૦૦ થી ૩૫૦૦ લોકો માટેની રસોઇ બનાવાય છે. જયાંથી લોકોને ટીફીન પણ અપાય છે. અને અલગ અલગ વિસ્તારના અગ્રણીઓ પોતાના વિસ્તાર માટે જોઇએ તેટલી રસોઇ લઇ જાય છે અને પોતાના વિસ્તારમાં વિતરણ કરે છે. દેવ ગજજર ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દક્ષિણ વિભાગમાં પ્રમુખ કહે છે, દરરોજ ૩૦૦૦ થી ૩૫૦૦ લોકો માટે અહીં બનતી રસોઇ લોકોને પ્રસાદરૂપે આપવામાં આવે છે.


## રીયલ એસ્ટેટ ફીલ્ડનું ગૂગલ **સંપત્તિ ટાઇમ્સ...!**

### સમાજના બધા જ વર્ગો **સંપત્તિ ટાઇમ્સ** વાંચે કારણ કે...




આપણે સૌ, એકે એક વ્યકિત, કયાંક ને કયાંક પ્રોપર્ટી સાથે કનેકટેડ છીએ. કોઇને પ્રોપર્ટી ખરીદવી છે, કોઇને વેંચવી છે તો કોઇને ઇન્વેસ્ટમેન્ટ કરવું છે. રીયલ એસ્ટેટ અને એને સંલગ્ન વાતોનું ગૂગલ એટલે સંપત્તિ ટાઇમ્સ !

સંપત્તિ ટાઇમ્સમાં હોય છે પ્રતિષ્ઠિત બિલ્ડર્સ અને તેમના પ્રોજેકટસની સચિત્ર તલસ્પર્શી વિગતો, જમીન, મકાન, ખેતર કોમર્શિયલ વગેરેની લે-વેંચનું માધ્યમ એવા સીલેકટેડ રીયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ વિશે લેખો. ઉપરાંત આર્કિટેકટસ, ઇન્ટીરીયર ડીઝાઇનર્સ, સિવિલ એન્જિનિયર્સ, કોન્ટ્રાકટર્સ, એડવોકેટસ, સિરામિક ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ, બિલ્ડીંગ મટિરિયલ્સ ઉત્પાદકો-વિક્રેતાઓ વિશે વિગતવાર વાતો-તો સંપત્તિ ટાઇમ્સ થયું ને રીયલ એસ્ટેટ ફીલ્ડનું ગૂગલ ?!

બોલો, હવે તમારે શું જોઇએ ? કાંઇ નહીં, બસ, દર પખવાડિયે સંપત્તિ ટાઇમ્સનો અંક જોઇએ...!!!

**પ્રવીણ શીંગાળા - રાજેશ દત્તાણી**

**લવાજમ, જાહેર ખબર, આર્ટીકલ** માટે આજે સંપર્ક કરો...

**સંપત્તિ ટાઇમ્સ** (પાક્ષિક)

C/o. મૈત્રી પ્રોપર્ટીઝ,
૧૦૪ સુંદરમ કોમ્પ્લેક્ષ, ગણેશ પાર્ક મેઇન રોડ,
રાજકોટ-૫. મો. ૭૨૦૯ ૦૦ ૭૨૦૯

સંપત્તિ ટાઇમ્સ ન્યુઝપેપર માટે પ્રત્યેક તાલુકા અને જિલ્લા મથકોમાં કામ કરી શકે તેવા પ્રતિનિધિઓ/એજન્ટ જોઇએ છે, **સંપર્ક : રાજેશ દત્તાણી - મો.૯૯૧૩૮ ૧૧૮૮૮**

# બ્રાઉની વીથ ચોકલેટ સોસ

શુભદા ભટ્ટી

## (૧) ડેટ એન્ડ વોલનટ વીટ બ્રાઉની :

**સામગ્રી :**

- ઘઉંનો લોટ - ૧ ૧/૨ કપ
- કોકો પાવડર - ૩ મોટી ચમચી
- કોફી પાવડર - ૧ મોટી ચમચી
- કસ્ટર સુગર - ૨ કપ
- વેનિલા એસેન્સ - ૧ મોટી ચમચી
- ખાવાનું તેલ - ૩/૪ કપ
- દુધ - ૧ કપ
- લીંબુનો રસ - ૧/૨ નાની ચમચી
- અખરોટ - ૧/૪ કપ
- પોચી ખજૂર - ૧૦ થી ૧૨ નંગ
- મીઠુ - ચપટી
- બેકીંગ પાવડર - ૧ નાની ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ દુધને ગરમ કરો એક ઉભરો આવે ત્યાં સુધી પછી તેમાં ગેસ બંધ કરીને લીંબુનો રસ ઉમેરો અને હલાવીને દુધને સાઇડમાં રાખી દો.

એક મોટા બાઉલમાં ચાળેલો ઘઉંનો લોટ, કોકો પાવડર, કોફી પાવડર, કસ્ટર સુગર ઉમેરીને બરાબર મિક્સ કરો. પછી તેમાં વેનિલા એસેન્સ ખાવાનું તેલ ઉમેરીને મિક્સ કરો. હવે તેમાં જીણા સુધારેલ અખરોટના ટુકડા અને ખજૂરના ટુકડા ઉમેરો. હવે તેમાં મીઠુ અને બેકીંગ પાવડર ઉમેરીને મિક્સ કરો.

એલ્યુમિનિયમ મોલ્ડમાં પહેલા ઘી લગાવો અને ઘઉંના લોટથી ડસ્ટીંગ કરીને બનાવેલ બટર તેમાં પાથરો.

પ્રી હીટ ઓવનમાં ૧૮૦ ડિગ્રી પર ૨૫ થી ૩૦ મિનિટ માટે રાખો. વચ્ચે વચ્ચે બ્રાઉની ચેક કરતા જાવ.



## (૨) ચોકલેટ સોસ :

**સામગ્રી :**

- કોકો પાવડર - ૧/૪ કપ
- સુગર પાવડર - ૧/૨ કપ
- કોર્ન ફ્લોર - ૧ મોટી ચમચી
- બટર - ૧ મોટી ચમચી
- પાણી - ૧/૨ કપ + ૧ મોટી ચમચી

**બનાવવાની રીત :**

એક પેનમાં કોકો પાવડર, સુગર પાવડર, કોર્ન ફ્લોર, બટર અને પાણી ઉમેરીને બરાબર મિક્સ કરી લો. હવે ગેસ પર આ મિશ્રણને સતત હલાવતા રહો. જયાં સુધી સોસ જેવું ઘટ્ટનો થાય ત્યાં સુધી. ખુબ જ ઝડપથી બની જતો ચોકલેટ સોસ તૈયાર છે.

જેનો ઉપયોગ બ્રાઉની, કેક ડેકોરેશન, શેઇક માં થઇ શકે છે.



## (૩) બીસીબેલે હુલીયાના ખિચડી :

**સામગ્રી :**

**મસાલા માટે :**

- આખા મરી - ૧ મોટી ચમચી
- ચણાની દાળ - ૨ મોટી ચમચી
- મેથીના દાણા - ૧ મોટી ચમચી
- લવીંગ - ૨ થી ૩ નંગ
- આખી ઇલાચી - ૩ થી ૪ નંગ
- સુકા લાલ મરચા - ૫ થી ૬ નંગ
- અડદની દાળ - ૨ મોટી ચમચી
- આખુ જીરૂ - ૧ મોટી ચમચી
- આખા ધાણા - ૧ મોટી ચમચી

**શાકભાજી :**

- ડુંગળી સુધારેલ - ૧ નંગ
- ટમેટા સુધારેલ - ૧ નંગ
- લીલા મરચા - ૨ થી ૩ નંગ
- લસણની કળી - ૪ થી ૬ કળી
- લીલા વટાણા - ૨ મોટી ચમચી
- ગાજરના ટુકડા - ૨ મોટી ચમચી

**અન્ય સામગ્રી :**

- તેલ - ૨ મોટી ચમચી
- ઘી - ૨ મોટી ચમચી
- હળદર - ૧/૨ ચમચી
- લાલ મરચુ પાવડર - ૧ મોટી ચમચી
- હીંગ - ચપટી
- આખુ જીરૂ - ચપટી
- મીઠું - સ્વાદ પ્રમાણે
- સુકુ લાલ મરચુ - ૧ નંગ
- તજ - ૧ ટુકડો
- લવીંગ - ૨ થી ૩ નંગ
- રઈ - ચપટી
- લીમડાના પાન - ૬ થી ૮ નંગ
- તળેલા કાજુ - ૮ થી ૧૦ નંગ
- આમલીની પેસ્ટ - ૧ મોટી ચમચી
- ચોખા - ૧ કપ
- તુવેર દાળ - ૧/૨ કપ

**બનાવવાની રીત :**

**મસાલા માટે :**

એક નાના પેનમાં આખી મરી, ચણાની દાળ, આખા ધાણા, મેથીના દાણા, લવીંગ, ઇલાચી, સુકા મરચા, અડદની દાળ, જીરૂ ઉમેરીને ૪ થી ૫ મિનિટ સુધી કોરૂ શેકો. શેકાઇ જાય પછી ઠંડુ પાડો. હવે મિકસમાં ક્રશ કરી લેવું.

એક કુકરમાં ૧ ચમચી ઘી અને ૧ ચમચી તેલ લો. પછી તેમાં ડુંગળી, ટમેટા, લીલા મરચા, લસણની કળી, વટાણા, ગાજર ઉમેરો. આ શાકભાજીને ૨ થી ૩ મિનિટ માટે ચડવા દો. હવે તેમાં પલાળેલ ભાત અને તુવેરદાળ ઉમેરો. એ પછી તેમાં હળદર, મરચુ પાવડર, મીઠુ, આમલીની પેસ્ટ ઉમેરીને બરાબર મિકસ કરી લેવું. તેમાં બનાવેલ મસાલો ૨ થી ૩ મોટી ચમચી ઉમેરો. અને ત્રણ ગણુ પાણી ઉમેરીને બરાબર મિકસ કરો.

**વઘાર માટે : -**

એક વઘચારિયામાં ૧ મોટી ચમચી તેલ અને ઘી લો. તેમાં રઇ, આખુ જીરૂ, હીંગ, તજ, લવીંગ સુકુ લાલ મરચુ, લીમડાના પાન ઉમેરીને ગેસ બંધ કરી લો. અને આ વઘાર ઉપરથી બનાવેલ ખીચડી પર રેડી લો. અને હવે ખિચડી ખુલ્લા કુકરે ચડવા દો. પાણી બળી જાય એટલે ઢાંકણ બંધ કરીને ૨ થી ૩ સીટી વગાડી. અને ગરમા ગરમ ખીચડીને એક બાઉલમાં કાઢીને તળેલા કાજુથી ગાર્નિશ કરીને સવ કરો.

## સંપાદકની વાત...



બાલદોસ્તો,

આનંદ મા ને ? આ અંકમાં બાળવાર્તા, જોડકણાં, પ્રેરક પ્રસંગ, હસી લઇએ ઉપરાંત એક નવી પ્રવૃત્તિ લઇને આવ્યા છીએ : રંગ પૂરણી. મજા પડશે... સાથે વૈજ્ઞાનિકને ઓળખો. એ પણ નવી વાત છે. આપ સૌને વિજ્ઞાન તો ગમે જ છે ને ? આ દ્વારા વિજ્ઞાનની વાતો પણ જાણવા મળશે. છે ને તદ્દન નવો જ અંક ? ઉપરાંત વડીલો સાથે વાત તો ખરી જ... આવજો...

**- સંપાદક (મો. ૯૯૭૯૨ ૩૭૨૫૯)**

# બચુ શિયાળને શરદી થઇ (બાળવાર્તા)

- ડો. ધર્મેન્દ્ર પટેલ

એક હતું જંગલ.

તેમાં રહે એક શિયાળ.

બચુ એનું નામ. ખૂબ રમતિયાળ અને તોફાની. એક દિવસની વાત છે. બચુને શરદી થઇ ગઇ. ખૂબ ભારે શરદી. નાક તો નીતર્યા જ કરે, જાણે પાણીનો નળ !

બચુ તો કંટાળી ગયો. અરે, રડવા જેવો થઇ ગયો. એને કશુંય ગમે નહીં, ખાવાનું યે ભાવે નહીં. આખો દિવસ નાક ને લૂછયાં રકે, લૂછી લૂછીને નાક પણ ટામેટા જેવું થઇ ગયું. આંખમાંથી પાણી ટપકયાં રકે.

બચુની આવી હાલત જોઇ બધા હસે. પણ હનુદાદા હાથીને દયા આવે. એમણે બચુની માને જઇને કહયું, બચુને ભારે શરદી થઇ ગઇ છે એને નાસ લેવડાવો. નાક ખુલી જશ એટલે શરદી મટી જશે.

બચુની માએ એને નાસ લેવડાવ્યો. પણ શરદી જેનું નામ ! ભારે જિદ્દી ! ન મટી તે ન જ મટી.

બચુ બિચારો દુ:ખી થઇ ગયો. બચુને નિરાશ જોઇ હરણે કહયું, અલ્યા બચુ, થોડો અજમો ગરમ કરી તેની નાની પોટલી બનાવી ગળે બાંધી દે શરદી મટી જશે.

બચુએ ગરમ અજમાની પોટલી ગળે બાંધ પણ શરદી મટી નહીં.

બચુના દોસ્ત ગપુ ગેંડાએ શરદી મટાડવાનો ઉપાય બતાવતા કહયું, ઓહોહો! શરદી ને કંઇ મોટો રાક્ષસ થોડો છે ? અરે, આદુ નાખી ને ચા પી જો પછી શરદી કેવી ભાગે છે.

બચુએ આદુ નાંખેલી ચા પીધી. એક દિવસમાં પાંચ-વાર પીધી પણ... શરદી મટી નહીં. બચુ ચા પીતો હતો ત્યાં એનો ખાસ મિત્ર સસલો આવી પહોંચ્યો. એણે પોતાનો અનુભવ જણાવતાં કહયું, જો બચુ જયારે મને શરદી થાય ત્યો હું તો મો અને છાતીએ બામ ઘસી લઉં છું શરદી તરત જ ગાયબ. તું બાસ ઘસી નાંખ.

બચુએ માથે અને છાતીએ બામ પણ ઘસી જોયું પણ.... શરદી ન મટી. બે-ત્રણ દિવસ તો જેણે જે કંઇક સલાહ આપી તે બધી તેણે પાળી. પણ હઠીલી શરદી એમ થોડી માને ? બચુની શરદીને એક અઠવાડિયું થઇ ગયું શરદી મટી નહીં.

એક દિવસની વાત છે. બચુ નાક લૂછતો આંગણામાં બેઠો હતો. સામેના ઝાડ પર બેઠેલો કલ્લુ કાગડાએ તેને જોયો. બચુને જોઇ તેને દયા આવી ગઇ. કલ્લુ બોલ્યો, અલ્યા, બધાં જ પ્રાણીઓમાં તુ તું સૌથી વધુ બુદ્ધિશાળી ગણાય છે અને છતાંય બધાની સલાહ માન્યા કરે છે પણ બધી સલાહ પળાય ખરી ? હવે એક કામ કર. તું સીધો દવાખાને પહોંચી જા. ત્યાં વાંદરો દવા આપશે એટલે શરદી તરત મટી જશે.




કલ્લુએ કહયું એટલે બચુ સીધો દવાખાને પહોંચ્યો. ત્યાં વાંદરો ડોકટર. એણે બચુને તપાસ્યો પછી થોડી પડીકીઓ આપી. થોડી ગોળીઓ પણ આપી. પછી કહયું, જો ભાઇ, વારંવાર તારે નાક તાણ્યા કરવાનું નહીં નાકમાંથી પાણી ટપકે તો ટપકવા દેવાનું. આમ કરવાથી શરદીના વાઇરસ નીકળી જાય. હા, રૂમાલથી નાક લૂછવાનું અને થોડીવાર પછી એ રૂમાલ પણ સાબુથી ધોઇ નાખવાનો.

બચુ રાજી થતો ઘેર આવ્યો.દવા ગળી. પડીકી ખાધી અને બે દિવસમાં તો શરદી મટી ગઇ. પછી એક દિવસ બચુએ રતના રીંછ ને શરદીની વાત કરી. રતનો તો બચુની વાત સાંભળીને ખડખડાટ હસી પડયો. એણે હસતાં-હસતાં કહયું, શરદી તો જબરી ભાઇ ! તને ખબર છે, દવા લો તો શરદી સાત દિવસે મટે અને ન લો તો અઠવાડિયે મટી જાય !

બચું કાંઇ સમજે તે પહેલાં તો રતનો હસતો હસતો ચાલ્યો ગયો !

## વૈજ્ઞાનિકને ઓળખો :- ડો. સી.વી. રામન



ઇ.સ. ૧૯૨૫, ૨૮મી ફેબ્રુઆરીએ ભારતના વૈજ્ઞાનિક ડો. સી.વી. રામને પ્રકાશ તરંગ વિશે જે સંશોધન કર્યું. તેની યાદમાં આ દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ જાહેર કરવામાં આવ્યો છે.

તેમની આ શોધને રામન ઇફેક્ટ નું નામ આપવામાં આવ્યું છે. આ શોધ બદલ એશિયાનું સૌથી પહેલું નોબલ પ્રાઇઝ પણ મળ્યું હતું.

આ મહાન વૈજ્ઞાનિકનો જન્મ તામિલનાડુના ગિચિનાપલ્લી શહેરમાં થયો હતો. તેમનું પૂરું નામ ચંદ્રશેખર વેંકટ રામન હતું.

જળમાં જેમ વલય, તરંગ, મોજાં ઉત્પન્ન થાય છે તેમ પ્રકાશમાં પણ વલય, મોજાં, તરંગ છે. તેથી પ્રકાશ પણ જળની માફક વળાંક લે છે, દિશા બદલે છે તરડાય છે તાકાત ઉત્પન્ન રકે છે. આ મહત્વની શોધ - સિદ્ધાંત એજ રામન ઇફેક્ટ.

જે આજે રોજ-બરોજના વ્યવહારમાં વિવિધ સાધનો અને કામમાં ઉપયોગી છે.

ડો. સી.વી. રામનનો જન્મદિન તા. ૫-૧૧-૧૮૮૮ના રોજ અને નિર્વાણ દિન તા. ૨૧-૧૧-૧૯૭૦ના રોજ આવે છે.

આવા મહાન વૈજ્ઞાનિકને શત શત પ્રણામ તેમના નામનો ઉચ્ચાર રમન કે રામન કરાય છે.

## બાળ જોડકણું

લીલું છમ્મક રૂડું પાન
ફૂલડાં સાથે કરે ગાન
ગાન ગીત ને હાલરડું
કૂદે ઠુમ્મક રૂડું વાછરડું
વાછરડા ને ભૈ લાંબા કાન
ખરે પાનખરમાં પીળા પાન
પાન લીલું ને રાતો રંગ
ઉંચે સરસર ઉડે પતંગ
ના મળે પતંગ ને નાક કે કાન,
લીલું ફરકે ફરફર પાન.

**- મહેબૂબ અ. સૈયદ - બાબા**
**(સૌજન્ય : પગલી)**

### થોડીવાત વડીલો સાથે

## કરો આ બાલ દર્શન

હું નાના શરીરમાં રહેલ મહાન આત્માનું પળે પળ દર્શન કરું છું અને અદભુત દર્શન જ મને બાળકોના હકકો માટે જીવવા અને મરવા પ્રેરે છે... બાળક એક નાજુક યંત્ર છે. જેમ નાજુક યંત્રને સંભાળીને કામ કરીએ છીએ, તેવી જ રીતે આપણા નાજુક યંત્ર એવા બાળક સાથે આપણે સાંભળીને કામ કરીએ... બાળકો આપણું પરમ ધન છે, આપણો વારસો છે, ભાવી પેઢી છે... બાળકોએ પ્રફુલ્લિત બાગ છે, તેને જેમ વિકસાવશો તેમ વિકસશે...

**- ગિજુભાઇ (સૌજન્ય : બાલ દર્શન)**

## હસી લઇએ...

શિક્ષક : આજે રાત્રે તમે ચંદ્રગ્રહણ જોઇ શકશો.
વિદ્યાર્થી : કઇ ચેનલ પર, સાહેબ ?

## પ્રેરક પ્રસંગ

બેટા, લે આ મીઠાઇના બે ટુકડા. મોટો ટુકડો તું ખાજે અને નાનો તારા મિત્રને આપજે.

સારું મા ! એમ કહીને આ બાળક બંને ટુકડા લઇને મિત્ર પાસે પહોંચ્યો. મિત્રને મોટો ટુકડો આપ્યો પોતે નાનો ટુકડો ખાવા લાગ્યો. મા આ બારીમાંથી જોઇ રહી. બૂમ પાડીને બાળકને બોલાવ્યો. એને કહ્યું, તેં એને મોટો ટુકડો કેમ આપી દીધો ?

બાળકે તરત જ જવાબ આપ્યો, મા, બીજાને વધારે આપીને ઓછું લેવામાં મને આનંદ મળે છે...

આ બાળકનું નામ હતું - બાળગંગાધર તિલક.

**સૌજન્ય : યુગશકિત ગાયત્રી.**

## ચાલો પ્રવૃત્તિ કરીએ

**નીચેના ચિત્રમાં રંગ પૂરો : રંગપૂરણી કરો.**
**અથવા અલગ કાગળ લઇ તેમાં આવું ચિત્ર દોરો.**



**મજા પડી ? ચિત્ર દોર્યું ? તો રંગ પૂરો !**
**વાહ ! સરસ.**

- પ્રવૃતિ સૌજન્ય : બાલવાટિકા.

# સ્વજનોને સ્મૃતિ ભેટ આપવા માટે અનોખા પુસ્તકો




**શુભ અથવા**
**ધાર્મીક પ્રસંગોએ પણ**
**ભેટ આપી શકાય**
**તેવા અનોખા પુસ્તક**




## મારા દાદા શ્રી વિશ્વકર્મા

વિશ્વકર્મા પુરાણ સંક્ષિપ્તમાં
(પાના : ૮૪, કિંમત માત્ર ૮૦ રૂા.)

## સળવળાટ

જીવનમાં નવી તાજગીનો
સળવળાટ કરાવશે આ પુસ્તક
(પાના : ૬૮, કિંમત માત્ર ૭૦ રૂા.)

**૫૦થી વધુ પુસ્તક રાહત ભાવે મળશે... પુસ્તક મેળવવા સંપર્ક કરો**

Ramy Publication

રમ્ય પબ્લિકેશન ૩૨૦ – હીરા પન્ના કોમ્પલેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ મો. : ૯૦૯૯૯૪૯૫૬૫
web : www.vishwakarmavishwa.com | email : vishwakarmavishwa@yahoo.com



**Designing | Printing | Advertising**

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને
મેગેઝીનમાં કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય
કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર,
પેમ્પલેટ,આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ
અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month


કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક

# વિશ્વકર્મા વિશ્વ

## હવે ઘર બેઠા લવાજમ ભરો
## ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો

**૯૪૨૬૨ ૨૯૫૬૫ પર Whats App કરો**
**નામ, એડ્રેસ, મોબાઈલ નંબર લખી જાણ કરો**
**વિશ્વકર્મા વિશ્વ મળતું થઈ જશે.**

**અથવા**

**ઓનલાઈન વાંચવા તેમજ લવાજમ ભરવા મુલાકાત લો.**

**www.vishwakarmavishwa.com**

**અથવા ડાઉનલોડ કરો મોબાઈલ એપ...**

Available on : Google play | App Store

વિશ્વકર્મા વિશ્વ + E-Magazine + readwhere + magzter + facebook
**૨,૦૦,૦૦૦+ વાંચકો**




**રમ્ય પબ્લીકેશનના નવા પ્રોજેક્ટ માટે પ્રત્યેક તાલુકા અને જિલ્લા મથકોમાં કામ કરી શકે તેવા પ્રતિનિધિઓ/એજન્ટ જોઈએ છે...**
**સંપર્ક : પ્રવીણ ગજ્જર**
**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

Ramy Publication


૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૪૬૧૮૫૮
Web : www.vishwakarmavishwa.com,
E-mail : vishwakarmavishwa@yahoo.com